

# સંતબાલ પત્રસુધા:

સાધક સંવિકર કાશીબહેનને

# સાધક-સેવિકા કાશીબહેનને

સંપાદક

અંબુભાઈ શાહ

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ – ૩૮૦ ૦૧૪

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

© મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, ૧૯૮૩

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦

કિંમત : સાત રૂપિયા

એપ્રિલ, ૧૯૮૩

# પ્રકાશકનું નિવેદન

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘે મુનિશ્રી સંતબાલજીના સાહિત્યનો જનતામાં બહોળો પ્રચાર થાય એ જાતનું સાહિત્ય પ્રગટ કરવાની યોજના નવજીવન સમક્ષ રજૂ કરી હતી. આ યોજના અનુસાર આ પહેલાં મુનિશ્રીનાં — 'સર્વધર્મ પ્રાર્થના પીયૂષ 'તથા 'સંતબાલ – મારી મા' એ પુસ્તકો પ્રગટ થઈ ચૂકયાં છે.

'સંતબાલ પત્રસુધા : ૧' એ મુનિશ્રીને પોતાના પ્રયોગ ક્ષેત્ર — ભાલનળકાંઠામાં જે સૌથી પ્રથમ સાથી કાર્યકર્તાઓ મળ્યાં તે શ્રી છોટુભાઈ અને તેમનાં પુત્રી બહેન કાશીબહેન ઉપરના પત્રોનો સંગ્રહ છે. કાશીબહેને કૌમાર્યવ્રત સ્વીકારી મુનિશ્રીના કાર્યને જીવન સમર્પિત કર્યું, તો મુનિશ્રીએ એક કેળવણીકારની અદાથી તેમનું પ્રત્યક્ષ અને પત્રો દ્વારા જીવનઘડતર કર્યું.

અહીં પત્રોનો પ્રારંભ કાશીબહેનના અભ્યાસકાળથી એટલે કે ૫–૧૧–'૩૮થી શરૂ થઈ ૧૪–૧–'૮૨એ પૂરો થાય છે. જૈન સાધુની પોતાની પૂરેપૂરી મર્યાદા જાળવવા છતાં મુનિશ્રીને બહેનોના ઘડતરમાં કેટલો બધો રસ હતો એનું આ પત્રો પ્રમાણ છે. આ જોતાં સામાન્ય વાચકો માટે પણ આ પુસ્તક ઉપયોગી થઈ પડશે. એ રીતે આ પત્ર સંગ્રહ મહત્ત્વનો બની રહે છે.

# સેવામૂર્તિ

તમારો સેવાભાવ તો નેત્રયજ્ઞ હોય કે પ્રસૂતિ–પીડા–નિવારણ હોય; રાહત અંગેના ફંડથી માંડીને નાનાં મોટાં બધાં કાર્યો કે દેશના કોઈ ભાગમાં સેવા માટેનું તેડું હોય, અથવા નાવડા કે બીજે અથવા દિલ્હી શુદ્ધિપ્રયોગ હોય, પણ આ સેવામૂર્તિ કાશુબા તો દોડીને પહોંચી જ જવાનાં!... સેવામૂર્તિ તો તમો નાની ઉંમરથી થવા લાગ્યાં છો અને જિંદગીના અંત સુધી સેવામૂર્તિ રહેશો! એમાં શંકા નથી. સદ્ભાગ્યે તમારી જાગૃતિ પણ વધતી જતી જોઈ ખૂબ સંતોષ થાય છે....

(પત્રમાંથી સંકલિત) —સંતબાલ

# સંપાદકીય

મુનિશ્રી સંતબાલજીએ ઘણું લખ્યું છે; ઘણું કહ્યું છે. જીવનનાં મૂલ્યોમાં પ્રેરણા અને માર્ગદર્શન આપતું રહે એવું એનું સ્થાયી મૂલ્ય પણ છે. પરંતુ એમાંયે એમનાં લખાણોમાં એમણે જે પત્રો લખ્યા છે, અને કહેવામાં, વ્યક્તિગત વાતચીતમાં વાર્તાલાપમાં જે કહ્યું છે તેનું મૂલ્ય તો કંઈક અનેરું જ છે. જેમના પર પત્રો લખાયા છે અને જેમણે પ્રત્યક્ષ રૂબરૂમાં વાતચીત કરી છે તેમના અનુભવનો એ વિષય છે.

એમના પત્રો કે વાતચીતની વાણી એટલાં તો હૃદયસ્પર્શી બનતાં કે જિજ્ઞાસુ વાચનાર અને જિજ્ઞાસુ સાંભળનારના જીવનનું ઘડતર અવ્યક્તપણે થતું જ રહેતું. જેમ સંપર્ક વધુ તેમ પત્ર લખવાના કે રૂબરૂમાં મળીને વાતચીત કરવાના પ્રસંગ પણ વધુ આવે એ સ્વાભાવિક છે.

છોટુભાઈ (છોટાલાલ વસનજી મહેતા) અને એમનાં પુત્રી કાશીબહેન એ બંને જણે એમનું આખુંયે જીવન મુનિશ્રી પ્રેરિત ભાલનળકાંઠા પ્રયોગને સમજપૂર્વક અર્પણ કર્યું છે. આ પિતા-પુત્રીને મુનિશ્રીએ લખેલા પત્રોમાંથી કેટલાક પત્રો અહીં આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યા છે. પત્રોનું લખાણ સાદું, સરળ, સ્પષ્ટ, સીધું અને સચોટ છે. એ વિશે કોઈ વિશેષ ઉલ્લેખ કરવાની અહીં જરૂર જણાતી નથી.

અહીં તો એટલું જ લખવું પ્રસ્તુત કે પ્રાસંગિક ગણાશે કે આ પત્રો દ્વારા પ્રેરણાનું પાન કરીને કે પથપ્રદર્શક પ્રકાશ પામીને આ પિતા-પુત્રીએ પોતાનાં જીવન ધન્ય બનાવ્યાં છે. અને જીવન સાફલ્યનો આત્માનંદ આજે પણ અનુભવતાં હોય એમ એમના જિવાતા જીવનના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય અમારા જેવાને મળ્યું છે. એના પરથી એમ પણ જોઈ શકાય છે કે, 'જીવન ખરેખર તો એક સાધના છે.'

માણુસ ગમે તે ક્ષેત્રમાં કામ કરતો હોય, પછી તે નોકરી ધંધો હોય કે જાહેરકાર્ય હોય, પણ જો જીવન જીવવાનું કોઈ ચોક્કસ લક્ષ, હેતુ, ધ્યેય સ્પષ્ટ અને નિશ્ચિત કરી લીધું હોય, અને એને અનુરૂપ જીવન જીવવાની પ્રામાણિક ઇચ્છા હોય છે તો કુદરત એને માટે સાનુકૂળ પરિસ્થિતિ નિર્માણુ કરી આપતી જ હોય છે. યોગ્ય એવા કોઈ શ્રદ્ધેય પુરુષ, સદ્‌ગુરુ પણુ મળી જ રહે છે.

છોટુભાઈએ ૫૧ વર્ષની પીઢવયે અને કાશીબહેને ૨૦ વર્ષની યુવાનવયે જ પોતાના જીવનનો હેતુ સ્પષ્ટ સમજી લીધો. નિશ્ચિત પણ કરી નાખ્યો. કાશીબહેનના અવિવાહિત રહેવાના વિચારને પિતા છોટુભાઈ, માતા સમરતબા, મોટાભાઈ ધીરુભાઈ વગેરે વડીલોએ સંમતિ આપી, પ્રોત્સાહન આપ્યું. પિતા-પુત્રીના જાહેર સેવાકાર્યના લગનને પરિવારનાં નાનાં મોટાં સૌ સભ્યોએ દિલપૂર્વક સાથ સહકાર અને તન, મન, ધન – સાધનથી મદદ આપી. તો બીજી તરફ મુનિશ્રી જેવા ગુરુ મળી ગયા.

અને આ ગુરુ એવા કે તે પોતાની જાતને કોઈનાયે ગુરુપદે સ્થાપે નહીં કે કોઈનેય શિષ્ય તરીકે સ્વીકારીને ચેલો કે સાધુ બનાવે નહીં.

અને છતાં જેમણે એમને ગુરુ માન્યા તેના જીવનવિકાસની જવાબદારી માની, એની ચિંતા સેવે, એ દૃષ્ટિએ પત્રો લખે, વાતો કરે, પ્રોત્સાહન આપે, ચેતવે, સાવધ રાખે.

પણ આ બધું કરે 'મા'ના વાત્સલ્યભાવથી.

મા બાળકના હિતમાં જરૂર પડયે કડવી દવા તો બાળકને પાય, પણ પોતેય ચરી – પરેજી પાળે છે એમ કશા જ બોજ વિના, દેખાવ વિના, સહજ રીતે આ બધું થયા કરે અને જીવનઘડતર થતું રહે.

આખરે તો સહુએ પોતપોતાને તુંબડે જ તરવાનું હોય છે, પણ એમાં આ રીતે નિમિત્તરૂપ બની શકાય.

છોટુભાઈને આજે સોમાં બે ખૂટે છે. આઠ વર્ષથી પૂરી નિવૃત્તિ લઈ વડોદરા પરિવાર સાથે રહે છે. કાશીબહેનને ૬૫ વર્ષ થયાં. ગૂંદી આશ્રમ અને ભાલનળકાંઠા પ્રયોગની નાની મોટી તમામ પ્રવૃત્તિમાં રસ લઈ, સક્રિય કામ કરી રહ્યાં છે. આ ઉંમરે ખડતલ રહ્યાં છે. પિતા-પુત્રી બંને જીવનભર જિજ્ઞાસુ સાધક રહ્યાં છે, જીવનને સાધનામય બનાવી મૂક્યું છે. એમાં મુનિશ્રીના સત્સંગનો પ્રત્યક્ષ અને પરોક્ષ-ફાળાનો મુખ્ય હિસ્સો રહ્યો છે.

પત્રો લખાયા છે તો કાશીબહેન અને છોટુભાઈને ઉદ્દેશીને પણ જે કોઈ વાંચશે તેને એમાંથી જીવનપાથેય મળી શકે તેમ છે.

ભાલનળકાંઠા પ્રયોગમાં પ્રત્યક્ષ સેવાકાર્ય કરીને તો આ પિતા-પુત્રીએ પ્રયોગને ગૌરવાંકિત બનાવી શોભાવ્યો જ છે. પણ એમના ઉપરના આ પત્રો પુસ્તકરૂપે પ્રગટ કરવાની તક આપીને ભા. ન. પ્રયોગના, વાચકોના અને સમાજજીવનના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો છે એમ કહેવામાં કશી અત્યુક્તિ નથી થતી એમ આ પુસ્તકના વાચન પરથી સહુ કોઈ જોઈ શકશે, એમ કહેતાં સહેજ પણ ખચકાટ થતો નથી.

ગાંધી શ્રાદ્ધદિન, <br>
૧૨–૨–'૮૩

અંબુભાઈ શાહ

સદા વિમલ કુટિર,*

તા. ૫-૧૧-'૩૮

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

રોજનીશી સળંગ જોઈ ગયો છું. આવું અનુકરણ બધી બહેનો કરે એ સુયોગ્ય છે. આ માર્ગે વિચાર અને વિવેકનો વધુ ને વધુ સંભવ રહેલો છે. પોતે ક્યાં છે? એવી પોતાની જાતનું આબેહૂબ નિરીક્ષણ નોંધપોથી જરૂર કરાવી શકે, જો બાળક જેવી નિખાલસતાથી એને વફાદાર રહેવાય તો!

માતાઓ સ્વયં ત્યાગમૂર્તિ તો છે જ. ટેક પાળવાની તમન્ના મન પર લે તો તેઓમાં ત્યાગ અજોડ હોય છે. માતાઓમાં સમજણ ઊભરાય તો જગતની અથડામણોમાં અર્ધો ઘટાડો થાય. નિંદા અને ઈર્ષાને બદલે આપણી સ્ત્રીજાતિની કોઈ નિંદા કરતું હોય, તોપણ આપણને સાચી શરમ લાગવી જોઈએ. એવે ટાણે આપણે ચિડાઈ ન જઈએ, પણ ઊલટાં વધુ નમ્ર અને વિવેકી થઈ બોલનારના હૃદયમાં આપણી સરળતાની સુંદર છાપ પાડીએ, તો સામે થવા કરતાં આવા વર્તનથી આપણે આપણી સ્ત્રીજાતિની વધુ સેવા કરીશું. પુરુષોની સહાનુભૂતિ અને સદ્ભાવ આપણા પ્રત્યે જાગૃત કરવાનો એ સફળ ઉપાય છે.

આપણી આસપાસના વાતાવરણને આપણે ત્યારે જ અસર

* મુનિશ્રીએ ૧૯૩૮નું ચોમાસું વાઘજીપુરા ગામે કે જે અમદાવાદ-બાવળા રોડ ઉપર આવેલ છે. ત્યાં એક કુટિરમાં કર્યું હતું.

ઉપજાવી શકીએ, કે જ્યારે એમની બધી ભૂલોનો ટોપલો આપણે માથે ઓઢી એમને પ્રેમનાં આંસુથી ભીંજવી આનંદિત કરી શકીએ!

સાચાબોલાં તો થવું જ જોઈએ; નૈતિક હિંમત રાખવી જ જોઈએ પણ એટલું જ બસ નથી; બીજાના દોષોને સમૂળગા સુધારી શકીએ તેટલાં પ્રબળ પ્રેમી અને ધીરજવાળાં થવું ઘટે છે. અને આપણે એવાં તો ત્યારે જ બની શકીએ કે જ્યારે આપણી ભૂલ કોઈ સ્થૂળ ચક્ષુવાળાએ ન જાણી હોય, ત્યારે પણ આપણને એ ભૂલનો પસ્તાવો થાય અને એ પસ્તાવાને પરિણામે જેની ભૂલ થઈ હોય, એની પાસે જઈ દિલની ક્ષમા માગી હળવાં થઈએ. અને બીજાની ભૂલને ગળી જઈ નિર્દોષ પ્રેમના અજબ જાદુથી એ ભૂલ કરનારને વગર બોલ્યે માર્ગ પર લાવીએ.

ઉપરનું આંતર લખાણ લખતી વેળા હું માતૃહૃદયની નિકટ જઈને સજાતીયતાની લાગણીએ લખું છું, એનું મને ભાન થાય છે.

સર્વત્ર સૌ શાંતિ પામો.

'સંતબાલ'

## ૨

૧૯૩૯

બહેનબા,

તમારું ભાવિ તમો જાણતાં નથી, પરંતુ તમે એ ઘડી જ રહ્યાં છો. તમારા પરત્વે સૌ ઘણી ઉચ્ચ કોટીની આશાથી જોઈ રહ્યાં છે. તમારામાં અનેક કાળથી સિંચાયેલી સંસ્કારિતા છે અને યોગ્યતા પણ

ઠીક ઠીક ખીલી ઊઠી છે. તમોએ સયાજીગંજના વ્યાખ્યાન પછીથી પ્રશ્નો પૂછેલા, તે પરથી પ્રિય છોટુભાઈને કદાચ લાગેલું હશે. એમણે આ પરત્વે હું કંઈક તમોને લખું એવી ઇચ્છા પણ રાખી હતી. ખાસ તો તમારી માગણી વિના શું લખું? પરંતુ આવતી કાલના યુગનું ઘડતર થશે, તેમાં તમારે ઉપયોગી થવું રહ્યું છે; અને તે માટે પૂરેપૂરી નમ્રતા, પુરુષજાતિ પ્રત્યે સમભાવ, સ્ત્રીજાતિ પ્રત્યે સમર્પણ, બ્રહ્મચર્યની શુદ્ધ નિષ્ઠા અને અંતરંગ તથા બહિરંગ સંયમ એ અંગો કેળવવાં પડશે. તમારો આ સેવાલક્ષી અભ્યાસ ગામડાંઓને ઉપયોગી થઈ પડે એ દૃષ્ટિ ભૂલશો નહિ જ.

નોંધપોથી રાખતાં હશો અને નિયમિત લખવાનું ચાલુ કર્યું હશે તેમ માનુ છું. પ્રાર્થના તો નિયમિત થાય જ છે. ત્યાંની બહેનો સૌ હેતે હળીમળીને રહો છો એ સંતોષની બીના છે.

સૌને પ્રેમસ્મૃતિ.

'સંતબાલ'

## ૩

કર્મોંજલા,

તા. ૧૨–૩–'૩૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબા,

સંકલ્પબળ ઉપર જ સાચી જીવનપ્રતિષ્ઠા છે. એક પણ ઊંચો વિચાર આવે કે તે જ પળે એને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરવાથી સંકલ્પબળ દૃઢ થાય છે. શહેરી વાતાવરણ કે જ્યાં પળે પળે ભયભીત કરનારાં આંદોલનોનો ધોધ છૂટે છે, તેમાંથી ઊગરી જવાનો એક

સરળ માર્ગ એ પણ છે, કે બને તેટલું ઓછું સાંભળવું અને સાંભળ-વાની ફરજ પડે, ત્યાં વાણીને મૌન અથવા મર્યાદિત બનાવવી.

બધાંય વિરુદ્ધ હોય, તેવા પ્રસંગે સત્ય તો આખરે જીતે જ છે; પરંતુ સત્ય પોતે અતિ કડક તપ અને અપાર સહનશીલતા માગી લે છે.

પ્રાર્થનાની તમારા પત્રમાં લખાયેલી રીત ખૂબ યોગ્ય છે. પ્રભુને સાંનિધ્યમાં રાખી આ પ્રકારની ભાવમય પ્રાર્થના કરવાથી હૃદયની અશુદ્ધિ ખરી પડે છે, ને નવું આધ્યાત્મિક બળ મળે છે.

કોઈ આપણી જોડે ખોટી રીતે વર્તે અને તે પણ સાચી બાબતોમાં, ત્યારે મનમાં દુઃખ થાય એવું બને. પણ એ દુઃખમાં એ મનુષ્ય પ્રત્યે લગીરે દ્વેષ ન રહે એનો ખૂબ ઝીણવટથી ખ્યાલ રાખવો ઘટે. આ માર્ગ ખૂબ કઠણ છે, પણ આખરે એ માર્ગે જ વિજય છે અને પ્રેમનું વ્યાપક રીતે વધવાપણું છે. જો એવી પળોમાં એવી વ્યક્તિ પ્રત્યે લેશ પણ દ્વેષ રહી ગયો, તો કરેલી પ્રેમસાધના પળવારમાં પાણી થઈ જવાની અને ચિત્તમાં અશુદ્ધિ વધી આખરે સત્ય પરની શ્રદ્ધામાં ખલેલ પહોંચવાની.

'ખરેખર બહેનો દવાખાનામાં હાથે કરીને વાતાવરણ બગાડે છે' આ વાક્ય સાચું જ હશે, તોય એ દુઃખદ સ્થિતિમાં આખી પ્રજાની સંસ્કૃતિનો હ્રાસ છે. તમો જ્યારે વધુ આત્મબળ કેળવશો ત્યારે જોઈ શકશો કે તમારી એ સુવાસ ત્યાંના વાતાવરણમાં કેવી સરસ રીતે પ્રસરી ઊઠે છે! તમો પરીક્ષામાં પાસ થઈ જે આનંદ અનુભવો તેના કરતાં નિરવધિ આનંદ આમાંથી પ્રગટવો જોઈએ અને પ્રગટશે. દુશ્ચારિત્ર્યનો રોગ જેટલો ચેપી દેખાય છે તેટલી ચારિત્ર્યની સુવાસ ચેપી નથી દેખાતી. એમ છતાં એક જ વ્યક્તિનું સુંદર ચારિત્ર્ય વિશ્વભરમાં વ્યાપેલા દુશ્ચારિત્ર્યને ઝાંખું પાડવાની પ્રબળ શક્તિ ધરાવે છે. આપણી પ્રત્યેક વિચારસરણીમાં આ સૂત્ર વ્યાપક થવું જોઈએ. ચારિત્ર્ય એ

મહાસાગરની અગાધતા જેવું અગાધ છે. એમાંથી અનેક જવાહિરો સાંપડે છે.

સર્વથા સૌ સુખી થાઓ.

'સંતબાલ'

૪

વિઠ્ઠલગઢ,

તા. ૨૬–૫–'૩૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબા,

નોંધપોથીનો દૈનિક ક્રમ શિથિલ તો નથી થયો ને? પ્રાર્થના પણ કાયમ નિયમિત થાય છે ને?

પ્રથમ જુદા પ્રકારની મુશ્કેલીઓનો કાળ હતો, હવે વિચિત્ર પ્રકારની મૂંઝવણનો સમય આવી લાગ્યો છે. સંસ્કારી જીવ છો, પણ તોય પળે પળે ચેતતા રહેવાનું છે. સેવા અને પ્રેમાવેશની લાગણીમાં કેટલીક વાર સ્થિરતા ગુમાવવાના પ્રસંગો ઊભા થાય છે. આવી વેળાએ એકાગ્રતાપૂર્વક પ્રભુપ્રાર્થના કરી સ્થિર થવું ઘટે.

સર્વત્ર સૌ શાંતિ પામો. ૐ શાંતિ.

'સંતબાલ'

## ૫

માનકોલ,

તા. ૨૯-૭-'૩૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબા,

'મુસાફિર જાગતે રહેના નગરમેં ચોર આતે હૈં" એ કથનને સંતમહાત્માઓએ અનેક વાર પલટાવ્યું તોય સદૈવ તાજું ને તાજું જ છે. સાધકમાત્રે પળેપળે હરેક ક્ષેત્રમાં એની સ્મૃતિને તાજી જ રાખવી રહી.

સાત્ત્વિક ઇચ્છાને બહાને પણ કંઈ ભૂત આવીને રખે ઠગી જાય એની તકેદારી રહેવી જોઈએ.

કરોડો જનોની સેવાના લાભ કરતાં એક પળનું અધ્યાત્મ મૃત્યુ થતાં એમાંથી આત્માને ઉગારી લેવાનો પુરુષાર્થ વધુ કીમતી છે. ખરી વાત તો એ છે કે એ આત્મજીવનમાંથી જ સાચી જગસેવા સ્વયં ઉદ્ભવી નીકળે છે. બધી પરીક્ષાઓમાં ભલે પાસ થઈએ, પણ વૃત્તિવિજયમાં નાપાસ થયા તો બધું વૃથા છે. આપણો પાયો જેના પર છે એને સલામત રાખવા માટે હમેશાં સૌથી પહેલું લક્ષ્ય રહેવું જોઈએ.

સર્વત્ર સૌ શાંતિ પામો.

'સંતબાલ'

૬

અમદાવાદ,

તા. ૨–૧–'૪૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

થોડોઘણો જે કંઈ અવકાશ મળ્યો, તે દરમ્યાન નોંધપોથી જોઈ ગયો છું. એકંદરે ઠીક છે. માતાઓમાં નોંધપોથીની ટેવ પડે એ અનેક દૃષ્ટિએ કલ્યાણના કારણરૂપ બની શકે તેમ છે.

૧. 'સત્યની સાધના'માં લગીરે બાંધછોડ ન ચાલે. સારા કૃત્યને બહાને પણ જૂઠું ન બોલાય. ભલે કદાચ એ સારું કૃત્ય તત્કાળ ન બજાવી શકાતું દેખાય, તોયે "સત્ય બોલવું અને સત્ય ચાલવું" આ પરમ સૂત્રોને લક્ષ્યથી બહાર ન ખેસવવાં જોઈએ. હા; એટલું ખરું કે સત્ય બોલવામાં કે તદનુસાર વર્તવામાં શક્ય તેટલાં પ્રેમ અને મીઠાશ વધુ ઢોળવાં જોઈએ. સત્ય, પ્રેમ અને ન્યાય એ ત્રણેનો સુંદર સમન્વય જે પળે સધાય, તે પળે આપણે સમજવું કે હવે માનવજીવનની પરાકાષ્ઠાએ પહોંચવાનાં આપણે નમ્ર અધિકારી થઈ ચૂક્યાં છીએ.

૨. આપણે કદી એવો આગ્રહ ન રાખવો જોઈએ કે આપણે ધારીએ છીએ તેવાં સૌએ હોવાં જ જોઈએ. સંભવ છે કે આપણે બીજા કરતાં ઘણી બાબતમાં પાછળ પણ હોઈએ. એટલે બીજાને પૂરેપૂરા સાંભળીએ અને સહિષ્ણુ થઈએ. જો કે 'પાપીને ચાહવા છતાં પાપથી વેગળા રહીએ'. આ કાર્ય અતિ કઠિન છે, પણ એ જ નક્કર માર્ગ છે. જીવન અને જગતનો વિકાસ એ માર્ગે વિશેષ છે.

૩. 'નાગનાં સ્વપ્ન' કે 'નૈતિક ભીતિ' આપણને ભયમાં ન મૂકી દે એ સારુ દૃઢ સંકલ્પબળને વધારવા તરફ લક્ષ્ય રાખવું અને કોઈ એક જપ કરીને સૂવું.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

૭

બાલંભા,

તા. ૧–૩–'૪૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબા,

ચોમાસાના છંટકાવથી ભૂંસાઈ ગયેલી કેડીઓ બદલે છે અથવા નવી બને છે, પણ પથિકો પોતાના ધારેલા સ્થળે ગમે ત્યાંથી પણ પહોંચીને જ રહે છે. તેમ ઉંમર, ક્ષેત્ર, સમય વગેરે પલટતાંની સાથે ઇચ્છાઓ પલટો ખાય છે. એમ છતાં જિજ્ઞાસુ સાધકે પોતાના ધારેલા સ્થળનું લક્ષ્ય ન ભૂલવું જોઈએ.

હંમેશાં માતાઓને હાથે અથવા માતાઓની પ્રેરણા દ્વારા જગતના મહાપલટાઓ આજ પર્યન્ત થતા રહ્યા છે, થાય છે અને હજુ પણ થતા રહેશે. જેને માતૃહૃદય સાંપડ્યું છે, એની ભાવનાનો ધોધ અનેક શુષ્ક હૃદયોને રસભીનાં બનાવવાને શક્તિમાન છે.

ક્ષણે ક્ષણે જાગૃતિ રાખવી.

ઊંચા તે ઊંચા આકાશમાં
વિલસે જ્યાં જ્યોતિના લોક રે.

ત્યાં આપણુ સૌએ ઊડવાનું છે અને આસપાસ રોકી રાખે તેવાં બંધન ખડાં રહ્યાં છે. એ બંધનોમાં ન બંધાતાં પળે પળે ઉડ્ડયન કરવું રહ્યું છે. વળી આપણે એકલવાયાં પણ ઊડવા નથી ઇચ્છતાં, કારણ કે વિશ્વના પ્રત્યેક આત્મા સાથે આપણો કોઈ ને કોઈ પ્રકારનો ઋણાનુબંધ રહ્યો છે. એટલે આપણે ઊડીએ અને જગતને સાથે લઈએ. પણ જગતને સાથે લેવામાં એટલો બોજો વહી શકીએ તેવી ભૂમિકા પ્રાપ્ત કરવી પડે છે. આથી જ આપણે વિશ્વવત્સલતાનો આદર્શ સ્વીકાર્યો છે અને બ્રહ્મચર્ય એ માર્ગે પહોંચાડનાર ભોમિયો છે એમ માન્યું છે. બ્રહ્મચર્યની રટનામાંથી સત્ય–શ્રદ્ધા, સંયમ અને પરમાર્થપ્રીતિ જાગ્યા વિના રહેતી જ નથી અને આપણે ક્રમેક્રમે જગતને સાથે લઈ ઊડવા માંડીએ છીએ.

પ્રાર્થના, નોંધપોથી, પ્રેરક નીવડવાં જોઈએ.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

૯

વંથલી,

તા. ૩૦–૬–'૪૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબા,

પ્રિય છોટુભાઈએ તમારા પ્રશ્ન સાથે જે પત્ર રવાના કરેલો, તે મને હજુ મળ્યો નથી. એટલે તેઓએ આજે પ્રાતઃકાલે અહીં રૂબરૂ વાત કરી. તે પરથી તમારા પ્રશ્નને હું સમજ્યો છું તે રીતે ગોઠવીને ઉત્તર વાળું છું.

પ્રશ્ન: માનો કે આપણું કોઈ – સાથી કે ઉપરી અધિકારી – એવી રીતે ટેવાઈ ગયું હોય, કે જે પોતાના સાથી અગર પોતાની નીચે કામ કરનારાં આપણને વારંવાર સામાન્ય કારણે કે કેટલીક વાર વગર કારણે (જાણે પોતાનો રૌફ પાડવા ખાતર) દબડાવ્યા જ કરે. આપણને એની આ કુટેવ ખૂબ સાલતી હોય અને તે માત્ર આપણે સહન કરવું પડે તે ખાતર જ નહિ, પણ એની આવી કુટેવથી બીજાને નુકસાન પહોંચે તે ખાતર. તો આવા પ્રસંગે શું કરવું? અથવા એવી વ્યક્તિ સાથે કેમ વર્તવું? જોકે કેટલીક વાર એની જોડેના કામમાં ચૂપ રહેવાય છે, પણ ચૂપ રહેવા છતાં મનમાં ઊંડો ઊંડો એના આ વર્તનથી એના પર કિન્નો તો રહે જ છે. વળી ચૂપ રહેવાથી જોનારાં બીજાં કે જેઓ આ કુટેવનો ભોગ બન્યાં હોય છે અથવા બનવાનાં હોય છે તે આપણને બાયલાં ગણી હસી કાઢે છે. એ દુ:ખ પણ ઊંડે ઊંડે ભારે રહ્યાં કરે છે અને જો દબડાવનાર ઉપલી વ્યક્તિને ચટાક દઈને સામે (જરા રુઆબપૂર્વક) સંભળાવી દઈએ છીએ, તો એ વ્યક્તિની આ કુટેવનો સ્વાદ આપણને થોડાક દિવસ તો ચાખવા મળતો નથી અને બીજાં કે જે એમની આ કુટેવ સાથે મનમાં નફરત સેવતાં હોય છે તે પણ કહે છે: "સારું થયું. આવાની સાથે તો આમ જ વર્તવું જોઈએ. જો ઢીલાં થઈએ તો વધુ પડતાં માથે ચડી જાય અને એ રીતે આપણને અને બીજાનેય એનાથી નાહક બહુ સહેવું પડે." બીજાંના આ કથનથી જરા એ લોકોની આગળ પણ આપણી બાયલાપણાની હલકી છાપ ન પડતાં આપણે પણ કાંઈક છીએ, એવી છાપ પડે છે. તે જાણી જરા ફુલાઈ પણ જવાય છે. પણ તોય હૃદયમાં એમ લાગ્યાં જ કરે છે કે આપણે એવી વ્યક્તિની સામે પણ આવેશમાં બોલ્યાં તે ઠીક ન થયું. જોકે એ દબડાવનાર વ્યક્તિ તે વખત પૂરતી તો ન દબડાવી શકે, પણ એટલાથી જ કંઈ એની કુટેવ તો ન જ જઈ શકે. સંભવ છે કે એનો આપણા ઉપર મનોદ્વેષ પણ વધ્યો હશે. એય ઠીક, પણ ખરી વાત તો એ છે કે આપણા આત્માને તો ખૂબ

આઘાત થયો. આ પરથી એમ તારવી શકાય કે આ વર્તન પણ બરાબર નથી. તો પછી શું કરવું? અને કેમ વર્તવું?

ઉત્તર: અહિંસા અને હિંસા વચ્ચે એક વિલક્ષણ અંતર છે. તે સાધકમાત્રે સમજી લેવું જોઈએ. હિંસાનું ફળ સ્થૂળ રીતે સ્પષ્ટ દેખાય તેવું હોય છે, કારણે કે હિંસા સ્થૂળ જગત પર ઝટ આંજી નાંખે તેવી ચમત્કારિક અસર કરે છે. તેની ગતિ પણ સૂક્ષ્મ છે, કારણ કે તે સૂક્ષ્મ જગત પર અસર કરે છે. તેથી તે અસર સ્થૂળ, દેખાવે ધીમી લાગે છે. કોઈને તુરત આંજી શકતી નથી. પણ આસ્તે રહીને જબ્બર હૃદયપલટો કરાવે છે અને કાયમી રહે છે.

અહિંસાના ઉપાસકે એક કાળજી ખાસ રાખવી જોઈએ કે એણે પોતાની હારજીત માપવાનો કાંટો બીજાના બોલ કે વર્તાવ ઉપર ન રાખતાં મુખ્યપણે પોતાના આત્મા ઉપર રાખવો જોઈએ. એણે જે કુટેવ ઓછા કે વધુ અંશે બીજામાં જોઈ તે પોતામાં પણ છે જ એમ જાણી વધુ શુદ્ધ બનવા તત્પર રહેવું જોઈએ. આવા વર્તનથી બીજાઓ એને 'બાયલો' કહે તોપણ એને દુ:ખ નહિ થાય, કારણ કે પોતામાં સામે થવાની શક્તિ હોવા છતાં એ સામે ન થતાં મૌન રહે છે. વળી આવો વીર સાધક પોતે જેનામાં કુટેવ ભાળી છે કે એ કુટેવનો સ્વાદ ચાખ્યો છે, એના ઉપર કિન્નો નહિ રાખે પણ ઊલટો વધુ ઊંડેથી પોતાના પ્રેમનો ઝરો એના પ્રત્યે ગુપ્તપણે વહેવડાવશે. હું જરા આ ઉત્તરને વધુ ઊંડાણમાં લઈ ગયો. પણ તેમ છતાં એ અનિવાર્ય છે. આ ઉપરથી તમે ટૂંકમાં સમજ્યાં હશો કે બીજાના અભિપ્રાય પરથી દુઃખિત થવું કે ફુલાઈ જવું એ આપણી મોટામાં મોટી ત્રુટી છે. આપણામાં કાયરતા છે કે વીરતા છે એનું પ્રમાણપત્ર આપણા હૃદય તરફથી આપણે મેળવવું જોઈએ. વળી હું એ પણ કહી દઉં કે આપણે કોઈની સામે નૈતિક હિંમતના અભાવે ન કહીએ અને મનમાં બડબડીએ કે કિન્નો રાખીએ તે કરતાં સામે કહી નાખવાથી જો મનનો કિન્નો સાફ થતો હોય તો તે ભૂમિકા

નિર્ભેળ અહિંસાની દૃષ્ટિએ ઊતરતી છતાં હિંસાની દૃષ્ટિએ કદાચ ચડતી હોઈ શકે. કદાચ એટલા માટે કે સામે કહી નાખ્યા પછી પણ જો આપણું અભિમાન વધે તો તે વળી એક અનર્થને બદલે બીજા અનર્થ વધારે છે. માટે એ ભૂમિકા હિંસાની દૃષ્ટિએ પણ એકાંતે સારી જ છે, એમ કહી શકાતું નથી. સાચી અને સુંદર વાત એ છે કે, હિંસા પછી કાયરની હો કે વીરની હો, પણ બૂરી જ છે. અને અહિંસાનો માર્ગ એટલો તો સુંદર છે કે કાયરતા પ્રથમ પ્રથમ ભાસે, તોય નિર્ભેળ અહિંસાનો માર્ગ હશે તો આખરે એમાંથી આપોઆપ વીરતા પ્રગટવાની જ છે. હવે વ્યક્તિગત મુદ્દા પર આવું, તમારે આવી પળે, જ્યાં લગી મનમાં ફફડાટ ન થાય ત્યાં લગી એ બધું સહન કરવું અને ન સહન થાય ત્યારે તે પ્રસંગ અને સ્થાનને ઇરાદાપૂર્વક તે પળ પૂરતાં ટાળવાં; કાયમ માટે નહિ. આ અભ્યાસ પાડવા જતાં ભૂલો તો થશે જ પણ તે તમોને સાલવી જોઈએ. અને હંમેશાં પાંચ મિનિટ પ્રભુ પાસે એવી પ્રાર્થના કરવી કે "હે પ્રભુ! હું ફલાણી વ્યક્તિની કુટેવ ભાળું છું, તે મારી મોટી ત્રુટી છે. હે નાથ! તેને તું નિવાર." આ પ્રાર્થના આપણા અહિંસાના સિદ્ધાંતને ટેકો આપે છે એટલે કે આપણે ઇચ્છાએ કે અનિચ્છાએ જે ભૂમિકાએ જવા માગીએ છીએ, તે ભૂમિકાએ જવા સારુ થોડાં પગલાં આગળ વધારે છે. આ તમારા નાનકડા મંડળમાં કરેલો તમારો અખતરો આબાદ રીતે સફળ નીવડશે જ, એમાં મને તો લવલેશ શંકા નથી, પણ માનો કે સામાનો હૃદયપલટો ન થયો તોપણ તમે કશું ગુમાવવાનાં તો નથી જ. ઓછામાં ઓછું એટલું તો બળ તમોને મળશે, કે જેથી બીજાઓ તમોને 'બાયલા' માને તોય તમોને દુઃખ નહિ થાય. કદાચ તમોને લાગશે કે, આવા અખતરા કરતાં કરતાં તો સમય અને શક્તિ ખૂબ વેડફાય અને ફળ તો સાવ નજીવું. તો હું કહીશ કે એવા પ્રયોગમાં સમય અને શક્તિ વેડફાતાં નથી પણ તાજાં થાય છે. જેમ શીખેલી વસ્તુ બીજાને શીખવીએ કે વારંવાર ફેરવ્યા કરીએ તેમ જ્ઞાનમાં વધારો થાય છે અને સ્મૃતિ ઘસાતી નથી

પણ ઊલટી સતેજ થાય છે, તેમ જ આ અખતરાનું પણ સમજી લેવું. આવા નાનકડા અખતરામાંથી આપણને, આપણા દ્વારા જગતને જે પ્રકાશ મળે છે તે જીવનનો મહા આનંદ અને જગતની મહાસેવા છે. તમે આવા પ્રકાશની આછી....[1]

## ૯

ધોરાજી,

તા. ૩–૧૨–'૪૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબા,

તમારો સળંગ પત્ર વાંચી ગયો છું. દેશની હાકલ આગળ–દેશધર્મ આગળ — ઘણા સંયોગોમાં બીજા સામાન્ય ધર્મો ગૌણ ગણવાનો પણ કાળ હોય છે. મુખ્યત્વે તો પોતાના અંતરને જ વફાદાર રહેવું જોઈએ. પણ આપણું અંતર બોલે છે કે કોઈ વૃત્તિ ? તે આપણે ઘણી વાર કળી શકતાં નથી.

તમે તમારા મનને આટલું પૂછજો: ‘ બધી બહેનો સત્યાગ્રહ માટે તૈયાર થાય અને આપણે બેસી રહીએ ?’ એવા કોઈ જુવાળને વશ તો લાગણી નથી ઊઠી ને ? વાતાવરણની અસર આપણા ઉપર મોટો ભાગ ભજવે છે, રખે એને અધીન થઈએ. અને જો એવું કંઈ હોય તો ચાલુ ધર્મને છોડીને બીજા ધર્મમાં ઝંપલાવવું ભયંકર થઈ પડે. હવે તમારા પ્રશ્નો.

૧. જનસેવા અને દેશસેવા બન્નેમાં પહેલી કઈ એ તમે તમારી વર્તમાન સ્થિતિને લઈને પૂછો છો. એનો જવાબ ઉપર જ લખાઈ ગયો છે. એનો નિર્ણય તમારે જાતે જ કરવાનો છે.

૧. પત્રનો બાકીનો ભાગ મળી શક્યો નથી.

૨. ભણવાના ઉત્સાહ કરતાં સત્યાગ્રહમાં જવાનો ઉત્સાહ વધ્યો છે? અને જો એમ હોય તો એના ગર્ભમાં શું છે?

૩. જેઓ ખરે જ દેશસેવકો બન્યા છે એટલે કે દેશનો અભ્યાસ કરી પોતાની ભૂમિકા બન્ને રીતે કેળવે છે, એનો ધર્મ નિરાળો છે અને જે બીજાં ક્ષેત્રોમાં સેવા બજાવે છે એનો ધર્મ નિરાળો છે. એ સત્યાગ્રહ ન કરે, એમ છતાં દેશસેવા બજાવી શકે તેમ છે. અને જો એમ હોય તો એણે પોતાનો સ્વધર્મ ન તજવો જોઈએ. વિદ્યાર્થીઓના ધર્મ નિરાળા છે, સૈનિકોના ધર્મ નિરાળા છે. આજે દેશધર્મ વ્યાપક દિશામાં વિચારાતો હોઈને જે આત્મધર્મને વિરોધક નથી તેવો દેશધર્મ ગમે ત્યાં બજાવી શકાય.

તા. ક. હમણાં તમારો – ધીરુભાઈ નો પત્ર વાંચ્યો. એમાં જોયું કે તમે સત્યાગ્રહીની પ્રતિજ્ઞામાં સહી કરી છે. એટલે તમે સૈનિક પણ બન્યાં છો. હવે તમે વિદ્યાર્થી હોવા ઉપરાંત સૈનિક પણ છો. આથી તમારી સામે બે ધર્મ પડ્યા છે અને બેય તમારે માટે સ્વધર્મ છે. ઉપરના લખાણ વખતે તમે પ્રતિજ્ઞાપત્રકમાં સહી કર્યાનો મને ખ્યાલ ન હતો. એટલે એ જવાબદારીનો ઉકેલ તમારો આત્મા જ લાવી શકશે. તમે ગભરાશો નહિ. બીજાઓની સલાહ ભલે લેજો પણ માર્ગદર્શન તમારા અંતરમાંથી જ મળે એ જ બરાબર છે. સત્યાગ્રહી સળિયા પાછળ પણ ઢીલો હશે તો એની અસર જેલમાં જવા માત્રથી કશી ખાસ નથી. અને જો એ સાચે જ સત્યાગ્રહને માર્ગે હશે તો સળિયા પાછળ જઈને પણ અજબ અસર કરશે, તેમ સળિયા પાછળ નહિ જઈને પણ કંઈ ઓછી અસર નહિ ઉપજાવે. સૂક્ષ્મ શક્તિનું સામર્થ્ય હંમેશાં વધુ હોય છે. એટલે તમે આજે સૈનિક છો અને વ્યક્તિગત સત્યાગ્રહ ન કરો તોય તમારા ક્ષેત્રમાં બેઠાં બેઠાં સત્યાગ્રહી સૈનિકની ભૂમિકા બહુ આબાદ ભજવી તમારા બન્ને ધર્મ — વિદ્યાર્થીધર્મ અને સૈનિકધર્મને વફાદાર રહી શકો છો. વિદ્યાર્થીધર્મને અને સૈનિકધર્મને નિરાળા ગણ્યા છે. પણ તમારે માટે બેય ધર્મ પોતીકા છે.

હવે પ્રશ્ન રહ્યો એ કે સૈનિકના સરદારની શી આજ્ઞા છે? હું ન ભૂલતો હોઉં તો સરદારની આજે યુદ્ધમાં જોડાઈ જ જવું એવી આજ્ઞા નથી, તેમ ન જોડાવું તેવી મના પણ નથી. વ્યક્તિગત સત્યાગ્રહની છૂટ છે જ. એટલે એનો અર્થ એ થયો કે વ્યક્તિએ જાતે જ એનો નિર્ણય કરવો રહ્યો કે "મારે સત્યાગ્રહ કરી જેલમાં જવું કે મારા ક્ષેત્રમાં મારો સદાનો સામાન્ય ધર્મ પાળી, સત્યાગ્રહી તરીકેની મારી ભૂમિકા દૃઢ કરવી." જ્યારે સરદાર જાતે હાકલ કરે, ત્યારે સૈનિક પર બહુ જવાબદારી નથી હોતી પણ એ સૈનિકને સ્વતંત્રતા સોંપે ત્યારે એની જવાબદારી બેવડાય છે. આ રીતે તમારા જેવા સૈનિકોની જવાબદારી વધી છે. માત્ર તમારે સત્યાગ્રહીની શરતો અને શિસ્તપાલન તરફ તકેદાર રહેવું જોઈએ. કોઈ સાથે છાંટાભાર દ્વેષ રાખ્યા વગર, સત્યાગ્રહના સ્વરૂપનો કે પરિસ્થિતિનો તમારા વર્ગમાં પ્રચાર કરો એ પણ સૈનિક-ધર્મ પાળવા બરાબર જ છે. હવે તમે જાતે જ નિર્ણય કરશો કે તમારું અંતર શું કહે છે?

૨. પ્રશ્નનો ઉત્તર :

સાચા સ્નેહમાં નિર્લેપતા બહોળી હોય છે. એને લઈને મોહબંધન સાચા સ્નેહીને બાંધી શકતાં નથી. વળી સાચા સ્નેહમાં પ્રભુશ્રદ્ધા –સત્યશ્રદ્ધા અને નિઃસ્પૃહતા પણ હોય છે. એટલે પોતે સંયમમાર્ગે જઈને સ્નેહ નિભાવે છે. એથી સાચા સ્નેહીને હંમેશાં સહેવું પડે છે, પણ તે બીજાને કદી સતાવવાની ઇચ્છાને આદર આપતો નથી.

૩. પ્રશ્નનો ઉત્તર :

ઈશ્વર એટલે આત્માની પરમ પ્રકાશમય દશા. એની પ્રાપ્તિને જ મોક્ષ કહેવામાં આવે છે. ઈશ્વર આપણા અંતરમાં બેઠો જ છે, એ ભાવનાએ, ભક્તિવશ સમર્પણતાથી, જીવ પોતાની એ પરમ પ્રકાશમય દશા, જે મોહથી ઘેરાયેલી છે એને મોકળી કરે છે. અને ભલે ક્ષણિક વિનયથી એ ફુલાતો હોય, પણ આખરે મળેલું ક્ષણિક સુખ અલોપ થાય છે અને પસ્તાવાનાં કારણો પળે પળે ઊભાં થાય છે. જ્યારે

સત્યાર્થીને જેમ સંકટો ઘેરી વળે છે, તેમ શક્તિ પણ વધે છે. એટલે તે ક્રમે ક્રમે સંકટોને નિવારતો જાય છે અને એવા પ્રયત્નમાંથી એને સુખ સાંપડે છે. બીજા જોનારને એનું બાહ્ય દુઃખ ભલે ગમે તેવું આકરું લાગે પણ સત્યાર્થીને તો એમાં પણ મોજ જ હોય છે. એટલું જ નહિ પણ એ તો એમ પણ કહે છે કે—

**સુખ કે માથે શિલ પડો, વિસર જાવે રામ;**
**બલિહારી વો દુઃખકી, પલપલ સમરે રામ.**

સારાંશ કે સત્યાર્થી જે સુખને તલસી રહ્યો છે, તે એને અંતરમાંથી જડે છે. એટલે અસત્યવાદીના માની લીધેલા મહા સુખની એને કશી કિંમત લાગતી નથી. આ રીતે બન્ને દૃષ્ટિમાં મોટો ભેદ છે. એટલે સત્યાર્થી સત્યને ચીટકીને ટકી રહે છે. પોતે ઈશ્વરમય થતો જાય છે. ઈશ્વર એટલે સર્વશક્તિમાન પુરુષ. ગીતા કહે છે કે "એવો ઈશ્વર સૌમાં છે, સૌ ઈશ્વરમય છે." એ કોઈને સુખદુઃખ આપતો નથી. ન્યાય પણ ચૂકવવા બેસતો નથી, પણ એ સર્વશક્તિમાન હોઈને એના પ્રકાશે સત્ય અને ન્યાય જળવાઈ રહેતો હોઈને, સ્વભાવે બનતી ઘટનાઓને પણ લોકો આ ઈશ્વરે કર્યું, આ ઈશ્વરની માયા, એવો શબ્દપ્રયોગ કરે છે. જો એ પ્રયોગથી અભિમાન ઓછું થતું હોય અને સત્પુરુષાર્થને માર્ગે ઉત્સાહ, ઉલ્લાસ સ્ફુરતાં હોય તો એ પ્રયોગ સાધક છે, અન્યથા બાધક છે.

જૈન સૂત્રો કહે છે :

જીવ અને પરમાત્મા જુદાં નથી. માત્ર આવરણને લીધે જુદાં છે. એ આવરણ ટાળવાનો પ્રયત્ન કરવો ઘટે. એમાં ઈશ્વરવાદ કે અનીશ્વરવાદના ઝઘડામાં પડવાની જરૂર નથી.

સત્યાર્થીને જેમ દુઃખ પડે છે, તેમ અસત્યવાદીને પણ એકદા તો પડે છે. પણ એવા બનવા માટે ભારે શ્રદ્ધાની જરૂર છે. પોતાને સૂઝેલા નાનકડા સત્યને વફાદાર રહેવા જતાં ઘણો મોટો

ખોફ વહોરવો પડે એ વેળાએ ઢચુપચુ મનવાળાં માણુસો ટકી શકતાં નથી. અને અર્ધે રસ્તે આવીને પણ નિરાશ થઈ જાય છે. આથી જ આપણુને ઉપલક રીતે જોતાં લાગે છે કે અસત્ય જ આજકાલ જીતે છે, પણ વાસ્તવિક રીતે તેમ નથી.

પ્ર૦ 'હંમેશાં મુડદાંઓ જોઈને કે દર્દીઓની દશા જોઈને, ટેવ પડી જાય કે દયાનો મૂળ સંસ્કાર ભીડવા લાગે એવો ભય લાગે ત્યારે તેવા સંજોગોમાં શું કરવું ?'

ઉ૦ હંમેશાં જેટલાં દર્દીઓનાં મૃત્યુ થયાં હોય તેટલા 'મૃતાત્માઓને શાંતિ મળે' એવી પ્રાર્થના વેળાએ પ્રાર્થના કરવાથી મોહદયા ન થાય, નબળાઈ ન આવે અને ખરી દયાનો સંસ્કાર ન બુઝાતાં પ્રજ્વલિત રહે.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

## ૧૦*

નમ્રતા સહેજે આવે, સંયમ અને તપ ખૂબ ગમે, સ્વાર્થ કરતાં પરમાર્થની રુચિ વધુ થાય, ત્યારે સમજવું કે પ્રભુનો પ્રકાશ દિલપર પથરાયો છે. આનું જ નામ તે આત્માનુભવનું સુંદર કિરણ.

પ્ર૦ મોક્ષ એટલે શું ?

ઉ૦ કષાય ક્રોધ, માન, માયા અને લોભનો અભાવ તે જ મોક્ષ. સમભાવ એ મોક્ષનું પગથિયું. સમભાવનો જન્મ થાય ત્યારે કષાયો ડગલે ને પગલે સાલે અને એમનાથી વેગળા રહેવાનો પ્રયત્ન

* પત્રનો આગળનો ભાગ મળતો નથી.

સહેજે કરવાનું મન થાય અને એ કષાયો સમગ્રપણે દૂર થાય તેનું નામ સમભાવની પરાકાષ્ઠા અથવા મોક્ષ કહેવાય.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

## ૧૧

ગિરધરનગર,

તા. ૩૧–૧–'૪૨

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારા પ્રશ્નોત્તરો :

પ્ર૦ જ્યારથી સમાજની ઉત્પત્તિ થઈ ત્યારથી અત્યાર સુધી એમ કેમ મનાય છે કે સ્ત્રી બ્રહ્મચર્યજીવન ન જ જીવી શકે ? હજુ પણ એવું જ મનાય છે. તો શું તેમાં સ્ત્રીજાતિનો કંઈ વાંક હશે કે સમાજે માનેલ રૂઢિ હશે ?

ઉ૦ સ્ત્રીઓને બ્રહ્મચર્યજીવન જીવવાનો પુરુષના જેટલો જ હક છે અને તે કુદરતી છે. આ વિષે ગીતા, જૈનસૂત્રો અને બૌદ્ધસૂત્રો સાખ પૂરે છે. ખાસ કરીને સ્ત્રીજાતિને, પુરુષજાતિને પ્રાપ્ત બધા અધિકારો જૈન સૂત્રોમાં સુંદર રીતે મળી આવે છે. અને એ માત્ર લેખિત જ નહિ પરંતુ આચારપરિણત દાખલાઓ પણ મળે છે. દા. ત. રાજમતી. એમણે આજીવન બ્રહ્મચર્ય પાળ્યું છે, અને અદ્ભુત રીતે પાળીને સ્ત્રીજાતિની કીર્તિ ઉપર કળશ ચડાવ્યો છે.

ગૃહસ્થાશ્રમમાં પણ સ્ત્રી અને પુરુષરૂપે વિવાહિત થયા છતાં વિજય અને વિજયાએ સર્વાંગ બ્રહ્મચર્ય પાળ્યાનું ઉદાહરણ પણ જૈનગ્રંથોમાં

છે. પણ અહીં એટલો ખુલાસો કરવાની જરૂર છે કે એ બધાંએ છેવટે સાધ્વી-દીક્ષાઓ સ્વીકારી લીધાનો ઉલ્લેખ છે. પુરુષો વિશે પણ તેમ જ છે. દા. ત. નેમિનાથ અને વિજયશેઠ.

સાધુ-દીક્ષા લીધા વિના જિંદગીભર બ્રહ્મચારી રહેનાર પુરુષોનાં ઉદાહરણ પણ શોધ્યાં સાંપડતાં નથી તેમ સ્ત્રીઓનાં પણ સાંપડતાં નથી. વૈદિક ધર્મમાં શ્રીમદ્ શંકરાચાર્યજીએ અવિવાહિત દશામાં જ સંન્યાસ સ્વીકારેલો. એ ઐતિહાસિક પ્રમાણ છે. શુકદેવજીનું તો શાસ્ત્રીય ઉદાહરણ ગણાય.

સાધુસાધ્વી સંસ્થામાં ભળનારને જિંદગીભર બ્રહ્મચર્ય પાળવું જેટલું સુલભ હશે તેટલું ગૃહસ્થાશ્રમી સંસ્થામાં રહેવા છતાં જિંદગીભર કૌમારવ્રત પાળવું સુલભ નહિ હોય, એ સમજી શકાય તેવી બાબત છે. હિંદ બહારના દેશોમાં સ્વેચ્છાએ યોગ્ય સાથીના અભાવે અગર સેવાક્ષેત્રમાં પડવાને કારણે ઘણાં કુમારીરત્નોનો ઉલ્લેખ મળી આવે છે.

એટલે તમે સમજી શકશો કે બ્રહ્મચર્યજીવન સ્ત્રી ન જ જીવી શકે તે માન્યતા શાસ્ત્રની અને ઇતિહાસની દૃષ્ટિએ અપ્રમાણિક ઠરે છે.

અલબત્ત, સ્ત્રીદેહનાં અને પુરુષદેહનાં બંધારણોમાં ફેરફાર હોઈને જાતીય આકર્ષણના આવેગોમાં ફેરફાર જરૂરી છે. પરંતુ ભાષા, કળા અને સંસ્કારિતાની તાલીમનો એમને પણ પૂરતો અધિકાર છે. બાળ-ઉછેર, પાકશાસ્ત્ર અને ગૃહવ્યવહારની તાલીમ એમને સ્વાભાવિક વધુ સરસ શાસ્ત્રીય રીતે મળવી જોઈએ; અને તે ખાસ મળવી જોઈએ.

આવું લક્ષ્ય પ્રથમના કાળમાં પણ હતું જ. બ્રાહ્મી અને સુંદરી એ બંને બહેનો ચોસઠ-બોતેર કળામાં પ્રવીણ હતી એમ ગ્રંથો કહે છે. બહેનોને ક્યાં નોકરી કરવા જવું છે? એને ભણતરની શી જરૂર છે? એ ખ્યાલો ભૂલભરેલા છે. અલબત્ત નોકરી માટે નહિ, પણ સમાજસેવા માટે તો તે પુરુષ કરતાં પણ સમાજનું મહત્ત્વનું અંગ છે. સંસ્કારિતાનો

વિકાસ કરે એવી તાલીમ તો એમને સારુ અનિવાર્ય જરૂરી છે જ. જો સ્ત્રી સંસ્કારી હશે તો એનો સંસાર પણ સંસ્કારી બનશે અને પ્રજા પણ સંસ્કારી થશે. માતાની તાલીમ બાળકોમાં અદ્ભુત રીતે અસર ઉપજાવે છે.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

## ૧૨*

૧૯૪૫

પ્ર૦ આ ઉંમરે શું શું ધ્યાનમાં રાખવું જોઈએ?

ઉ૦ કોઈ પણ ઉંમરે સાચું બોલવું અને સાચું ચાલવું. આટલું ધ્યાનમાં રાખવા જોગ છે. સાચને કદી આંચ ન લાગે. તે માટે સાદાઈ, ક્ષમા, ન્યાય, વિનય કેળવવાં જોઈએ.

પ્ર૦ ધ્યેય શું રાખવું જોઈએ?

ઉ૦ સત્યની વફાદારી અને સહુ પર નિર્મળ પ્રેમ. ઉપર જે વાત કહેવાઈ, એનો પણ આ સાથે પૂરતો સંબંધ છે.

પ્ર૦ બ્રહ્મચર્ય સાધક નીવડે તેવો જાપ કયો?

ઉ૦ ब्रह्मचर्यं रक्षतु वीर्यं रक्षतु पार्श्वं ।

આ જાપનો હું ઘણી વાર આશ્રય લઉં છું. નીચેનું પદ મારે માટે ખૂબ જ પ્રેરક બન્યું છે.

---

* આ પત્રનો આટલો જ ભાગ મળ્યો છે.

અજપા જાપ તૂહી, તન્દ્રામેં ખ્વાબ તૂહી, તૂહી તૂહી મૈયા તૂહી તૂહી
સ્વર તૂહી, રસ તૂહી, ગાન તૂહી, તાન તૂહી, ,, ,, ,,
જાન તૂહી, ભાન તૂહી, જ્ઞાન તૂહી ધ્યાન તૂહી, ,, ,, ,,
દામ તૂહી, ધામ તૂહી, શ્યામ તૂહી, રામ તૂહી ,, ,, ,,
નિયમોંકી નેમ તૂહી, ધર્મોંકા ક્ષેત્ર તૂહી, યોગોંકા પ્રેમ તૂહી ,, ,, ,,
સંતોકા સત તૂહી, ભક્તોંકી ગત તૂહી, તૂહી તૂહી ,, ,, ,,
શક્તિકા સાર તૂહી, સૃષ્ટિ આધાર તૂહી, હૃદયકા તાર તૂહી, ,, ,, ,,
નદી પ્રવાહ તૂહી, વહ્નિકા દાહ તૂહી, ઊર્વીકા રાહ એક તૂહી તૂહી
વાયુકા સ્પર્શ તૂહી, પર્ણોંકા સ્પંદ તૂહી, ફૂલોંકી ગંધ એક તૂહી તૂહી
ગગન ઉદ્યોગ તૂહી, જીવનકી જ્યોત તૂહી, તૂહી તૂહી મૈયા, તૂહી તૂહી.

## ૧૩*

૧૯૪૫

...જાપ સાધનરૂપે ખૂબ ઉપયોગી છે, પણ મૂળે તો હૃદયથી બ્રહ્મચર્યની લગની લાગવી જોઈએ.

ખૂબ ચેતતા રહેવું, પુરુષોનો એકાંત સહવાસ સેવવો નહિ. બહુ હાંસી-મશ્કરીમાં રસ ન લેવો. તીખાં, તમતમતાં ખાણાં ન લેવાં. સ્વાદ જીતવાનો પ્રયાસ સતત ચાલુ રાખવો. આંખ વિકારી બને તેવાં દશ્યો ટાળવાં. અત્તરફુલેલ, પાઉડર તેમ જ સુંવાળાં અને અંગો-પાંગ દેખાય તેવાં વસ્ત્રાદિ પરિધાનની ઇચ્છા પર સંયમ રાખવો. બહુ હસવાની ટેવ ન રાખવી. બોલવામાં ગળીગળીને બોલવાની ચીવટ રાખવી. પથારી સાદી અને અલાયદી રાખવાનો આગ્રહ સેવવો. જે નોવેલો બ્રહ્મચર્યઘાતક નીવડવાનો ભય હોય તે નોવેલો કે તેવું સાહિત્ય

---

૧. પત્રનો આગળનો ભાગ મળ્યો નથી.

વાંચવું નહિ. વિકાર વધે તેવી કથાવાર્તા સાંભળવી નહિ. નિંદાકુથલી, ઈર્ષા તજવાં.

બ્રહ્મચર્યભાવવર્ધક કથાવાર્તા સાંભળવી. બ્રહ્મચર્યની ભાવનાને પોષે તેવું વાચન રાખવું. ચાવીને ખાવાની ટેવ પાડવી. વિકારો વધે ત્યારે રસાળ ભોજનો પર ખૂબ સંયમ રાખવો. ઉપવાસ, એકટાણાં, આયંબિલ કરવાં. ઉપર કહ્યું તેમ જાપનું અવલંબન લેવું. સ્ત્રીજાતિનાં દુઃખો દૂર કરવા કમર કસવી. પુરુષો પ્રત્યે બાળભાવે જોવું. પોતાના ક્ષેત્રને યોગ્ય એવી સેવામાં ચિત્ત જોડી રાખવું. કોઈ પણ એવા આદર્શ પુરુષનું જીવનચરિત્ર સામે રાખવું, કે જેમાંથી બ્રહ્મચર્ય ભાવનાની પ્રેરણા અને પોષણ મળે અને વિકારોના આવેગો શમી જાય.

આટલામાં ઘણું આવી જાય છે, એમ છતાં પોતાને માટે બીજા નવા જે જે નિયમો સ્ફુરે, તે તે ઘડી લેવા. નોંધપોથી લખવાથી વિચારોમાં મૌલિકપણું અને દૃઢતા આવે છે. જેને સત્યની લગની લાગી છે, એને વહેલા–મોડી બ્રહ્મચર્યની લગની અવશ્ય લાગવાની જ. બ્રહ્મચર્ય પાળવું પ્રથમ જેટલું જેટલું કઠણ લાગે છે, તેટલું પછી, એટલે કે એ માર્ગે આગળ વધ્યા પછી કઠણ લાગતું નથી બ્રહ્મચર્ય જ જીવનનું સ્વાભાવિક બળ છે. બ્રહ્મચર્યપ્રેમીને સંયમ, લોકવાત્સલ્ય અને નિઃસ્પૃહી, ખરી નીડરતા કેળવ્યા વિના છૂટકો જ નથી. આ કેળવણી એવી સાધિકા કે એવા સાધકને અપૂર્વ શક્તિધર બનાવી મૂકશે. પુરુષને જેમ બ્રહ્મચર્ય સ્વાભાવિક હોઈને બ્રહ્મચર્ય પાળવાનો હક છે, તેમ સ્ત્રીને પણ તેટલો જ હક છે.

પ્ર૦ ક્રોધ આવે ત્યારે શું કરવું જોઈએ?

ઉ૦ ક્રોધનું મૂળ આપણે જોઈ તપાસીને પહેલાં તો ક્રોધ ન જ થાય એવી સ્થિતિનો પુરુષાર્થ કરવો જોઈએ. આપણી હઠીલી વૃત્તિથી, અભિમાનથી અથવા આપણી ઇચ્છા કરતાં વિરુદ્ધ વાતાવરણ દેખવાથી આપણે મગજનો કાબૂ ગુમાવી બેસીએ છીએ. એટલે આપણે હઠીલી વૃત્તિ, અભિમાન અને આપણી કામનાને ઘટાડવાનો

અને હટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. એમ છતાં પહેલાંની કુટેવને લીધે ક્રોધ થઈ જાય તો તે જ પળે કે પછી તુરત જ જેના પ્રત્યે ક્રોધ થયો હોય તેની પાસે ખરા દિલે અભિમાનને ઓગાળીને માફી માગવી જોઈએ. ક્રોધ આવવાની શરૂઆત થવા જેવું લાગે કે બનતાં લગી તેને દાબવા માટે 'ૐ શાંતિ'નો જાપ અને કોઈ આદર્શ સતી કે મહાત્મા જાણે સામે ઊભાં છે એવી કલ્પના કરી મનને ક્રોધથી વાળી ક્ષમાને માર્ગે લાવવું જોઈએ. જો એમાં નાસીપાસ થવાય તો એ સ્થાન તે વેળાએ તજી દેવું જોઈએ અને બીજે સ્થળે જઈ મનને બીજા કામમાં પરોવી દેવું જોઈએ. આટલા અભ્યાસ માટે કંઈક ભોગ આપવાની વૃત્તિ અને એકાગ્રતા બંને જોઈશે. છેક જ નાપાસ થવાય, તો ઉપર કહ્યું તેમ ક્રોધ જેમના પ્રત્યે થયો હોય તેમની હળવા દિલે માફી માગવી રહી. ખરા દિલનો પસ્તાવો તે જ કે, આપણે વારંવાર એવા ને એવા પ્રકારની ભૂલો ન વધારીએ, પણ ઊલટી ઘટાડવાનો પ્રમાણિક પ્રયત્ન કરીને અવશ્ય ઘટાડીએ. આ અભ્યાસ માટે ખરા વિચારની, વિવેકની અને જિજ્ઞાસાની જરૂર પડશે.

પ્ર૦ કોઈ નજીવી વાત કહે તોપણ મનને દુઃખ થાય છે, ત્યારે શું કરવું?

ઉ૦ આ વિશે ઉપરના જવાબમાં ઘણું આવી જાય છે. ઉપરાંત નજીવી વાતથી મનોદુઃખ થવાનું કારણ મગજની નબળાઈ અને ખોટાં લાડકોડથી ટેવાયેલી આપણી વૃત્તિ પણ છે. એમને દૂર કરવા માટે આપણે મગજને નમ્રતાપૂર્વક શાંત રાખવું જોઈએ અને જે કોઈ કંઈ કહે, તેમાંથી પોતાના ભલાને માટે જે કહેવાય છે તે કડવું હોય, તોય અમૃતઓસડ ગણીને લેવું અને પચાવવું જોઈએ. ખરાં લાડકોડ કરતાં, પ્રેમભરી શિખામણ મનને કદાચ પહેલાં ન ગમે તોય હિતકારી છે એમ જાણી સાંભળવી જોઈએ, સહવી જોઈએ. અને 'આપણે અપૂર્ણ પ્રાણી છીએ' એ ખ્યાલ સામે રાખી આપણી જાતને સુધારવી જોઈએ.

સર્વત્ર શાંતિ વિસ્તરો. 'સંતબાલ'

વિરમગામ,

તા. ૧૦–૧૦–'૪૫

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારો સંતોષપ્રદ પત્ર મળ્યો. તમો તો પ્રતિકૂળતા હોય તો-પણ અનુકૂળતામાં જોવાની દૃષ્ટિ પામતાં ગયાં છો એટલે શું કહેવું ?

યાદશક્તિ માટે શું કરવું? "બહુ લાગણીઓ ઊભરાય ત્યારે એમને સંયમિત કરવી." મનની પૂર્ણ સમતોલતા એ યાદશક્તિની સિદ્ધિ છે. તમારામાં એમાંનું ઘણું છે, એટલે ખાસ એ સંબંધમાં ચિંતા કરવા જેવું પણ નહિ.

સંસ્કૃત, અંગ્રેજી અભ્યાસની ઊણપ મુશ્કેલી આપતી હશે. પણ કદાચ તે ઊણપ ન હોત તો આવી ભાવના અને આવું કાર્ય સૂઝત કે કેમ, એ પણ પ્રશ્ન તો હતો જ. ખેર, જે છે તે સારું છે. આવી સામાન્ય અડચણો પણ ક્રમેક્રમે દૂર થઈ જશે.

'મોંટેસોરી' દેશી ભાષામાં જ બોલે છે, છતાં મશહૂર છે. કસ્તુરબા તો પૂરું ગુજરાતી પણ નહોતાં જાણતાં, છતાં આનો અર્થ એ નથી કે ભાષાઓ ન શીખવી. આ તો એટલા માટે કહેલું છે કે ભાષાની ઊણપો એ જીવનની કે સેવાક્ષેત્રની દીક્ષામાં કશી જ ઊણપ કરે તેમ નથી. અને ક્રમેક્રમે તે ઊણપ પુરાતી જાય તેવી છે અને પુરાશે.

ખૂબ શાંતિથી રહ્યાં છો અને રહેજો.

સૌને પ્રેમસ્મૃતિ. સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

શિયાળ,

તા. ૧૬–૨–'૪૬

પ્રિય ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારો પત્ર મળ્યો હતો. તમો ન આવી શક્યાં પણ અહીંની બીના સુંદર રીતે આલેખીને નંદલાલભાઈએ તમારા પર મોકલી છે, એટલે તમોને સંતોષ થશે. તમો શાખા શિયાળ વિ. વિ. ઓ.માં વેળાસર આવીને પિતાપુત્રી બંને વૈદ્યરાજના સુપુત્ર જયદેવભાઈની મદદમાં રહીને આપણા આદર્શ મુજબ સેવા બજાવશો એ વિશે મને લગારે શંકા નથી. નંદલાલભાઈએ મારા લેખિત ભાષણની નકલ બીડી હશે, તો તેમાં તમારા પિતાપુત્રી વિશેના ઉલ્લેખની તમોને સારી પેઠે જાણ થશે.

પાટણમાં તમોએ વડોદરા રાજ્ય પ્રજામંડળની ચૂંટણીમાં સાથ આપ્યો એ સંતોષપ્રદ ઘટના છે. 'બા'ને પત્ર લખો ત્યારે યાદ કરી શાંતિ સમાચાર આપતાં રહેશો. ખૂબ શાંતિમાં રહો છો અને અભ્યાસ પણ સારી પેઠે દત્તચિત્તથી થાય છે વગેરે વિગતો ઠાકોરભાઈના પત્ર દ્વારા જાણી.

ઠાકોરભાઈ તમોને ઠીક જ મળી ગયા.

સર્વત્ર શાંતિ વિસ્તરો.

'સંતબાલ'

## ૧૬

ધોળી,

તા. ૧૨-૬-'૪૯

બેટા કાશી,

વિહાર વખતે તેં સૂચનો માગ્યાં, પણ મેં ન આપ્યાં. તક વિના તેવાં સૂચનો કરવાં ફાવતાં પણ નથી. જ્યારે તેં બબલભાઈ પાસે પેલી વાત કાઢી ત્યારે મને લાગ્યું હતું કે કાશીએ આ વાત મારે કાને પહેલાં કેમ નહિ નાખી હોય? હું તને એ વિશે પૂછવાનો પણ હતો, પણ તે રહી ગયું. જો બહેન! આપણે જે ધંધો કે માર્ગ લીધો છે, એ માર્ગમાં કે ધંધામાં અનેક કડવા-મીઠા અનુભવો થવાના છે. બનતા લગી મીઠા જ સંઘરવા. કડવા સંઘરાય તો કાઢી નાખવા. જાગૃત ખૂબ રહેવું, એમાં શંકા નથી પણ બીજાની ભૂલોમાં આપણે આપણી ભૂલોનો જ ખ્યાલ ધરવો. આમ આપણે કડવા ઘૂંટડા પીને પણ અમૃત આપવાની વાત આચરી શકવાની જોગવાઈ છે. બાકી સામાના દિલમાં આપણે પેઠા વિના આ શક્ય નથી. અને વિરોધી વિચાર ધરાવતા લોકોના દિલમાં પેસવું હોય તો અનહદ સહનશીલતા સાથે અપૂર્વ આત્મીયતા કરવી જ પડે છે. તારામાં તો આવું ઘણું છે, એટલે વાંધો નહિ આવે. બહેનોને કહેવા જોગું તું જ ત્યાં જાતે કહી શકી હોત અને ભાઈઓને કહેવા જોગું ભાઈ કહી શક્યા હોત, તો વધુ સારું થાત. જોકે મૈયાએ બધું એકંદરે સુખરૂપ પતાવી દીધું છે.

પંજાબી પોશાક તું પહેરે છે અને જ્યારે માથે ટુવાલ વીંટે છે ત્યારે લગભગ પુરુષ પોશાક જેવું સંપૂર્ણ બની જાય છે.

પંજાબી પોશાક હોય તો ઉપર ઓઢણી જેવું રાખીએ તો પુરુષશરીરનો ભ્રમ ન થાય. એમ કરવું બેટા ! જરૂરી લાગે છે ? જોકે આ પ્રશ્ન મેં અહીં ચર્ચ્યો તે કરતાં તું ફરી મળી હોત ત્યારે રૂબરૂ ચર્ચ્યો હોત તો સારું હતું. પ્રિય બબલભાઈએ ગામડાંમાં આમ ન પહેરાય, ધોલેરામાં પહેરાય એ કાશીબહેન સમજે છે એમ કહી એ પ્રશ્ન હું ન ભૂલતો હોઉં તો હળવી રીતે વાતોમાં કાઢ્યો હતો. જોકે એમણે તો કાશીબહેન એ વિવેક જાણે છે પણ બીજી અનુકરણ કરનારી બહેનો ન જાણે, એ રીતે જ ચર્ચેલો એવો મારો ખ્યાલ છે. મને પંજાબી પોશાક માટે વાંધો છે, એવું આ પરથી ન તારવીશ. મારી આટલી સૂચનામાં ક્યાંય ભૂલ થતી હોય તો તે પણ બતાવજે.

'સંતબાલ'

## ૧૭

ધોલેરા,

તા. ૨૩–૩–'૫૦

પ્રિય બહેન કાશી તથા પ્રિય છોટુભાઈ,

છોટુભાઈનું ધોળી મોકલાવેલું કવર મોડું મળ્યું. તેનો જવાબ લખું છું. પ્રથમ તો જે દિલ ખોલીને લખ્યું છે, તેથી ખૂબ સંતોષ થાય છે. તમોને છેલ્લાં કેટલાંક વર્ષોથી વધુ દુઃખી કર્યાં છે. અલબત્ત, તમોએ તો હંમેશાં મારા તરફના અતિ પૂજ્યભાવે શુભ સાર તારવવા યત્ન કર્યો છે અને મેં પણ આપણા આદર્શો અને કાર્યો અંગે જ મોટે ભાગે દુઃખ દીધું છે. છતાં પ્રેમ હોય છે ત્યાં કદાચ આવું બધું અનિવાર્ય હોય છે કે શું, એમ પણ કેટલીક વાર વિચારીને વળી સમાધાન

મેળવી લઉં છું. જેમ બને તેમ ઝટ હવે તમો બન્ને અને ખાસ કરીને તમો હસતાં થાઓ, એ જોવા તલસું છું. શિયાળનું દિવાળી લગી, (પ્રભુકૃપા તો). એ વાક્ય વિચાર કરાવે છે. તબિયત ખાસ બન્ને જણ સંભાળજો. ત્યાં ન ફાવતું હોય તો પણ મને નિઃસંકોચ લખજો. હું તો માનું છું કે ત્યાં તમો બન્નેને સારી પેઠે ફાવશે.

'સંતબાલ'

૧૮

કોઠગાંગડ,

તા. ૬–૭–'૫૦

બહેન કાશીબહેન,

મારા ત્યાંથી પ્રવાસ વખતે તારું મોં બહુ ઓછું લાવતું જણાયું હતું. એનું કારણ મેં એ કલ્પ્યું કે તેં માગણી કરી છતાં તારી સાથે વાતો કરવાનો સમય નિરાંતનો ન ગોઠવી શકાયો. આગલી રાત્રે મારો વિચાર હતો પણ તમો બધાં કવિ વ. કામમાં લાગેલાં અને મારે આગલા ઉજાગરાઓ હતા, એટલે હું પણ સૂઈ ગયો. સવારે તો પઢાર, વાઘરીવાસમાં જવાનું થયું અને રહી ગયું. તું પણ જુદાં જુદાં કામોમાં રોકાયેલી રહેતી અને હતી. પ્રભાતપ્રવચનો દ્વારા અને બીજી રીતે ઘણી જ વાતો થઈ ગયેલી. આ વખતે સાથે રહેવાનું પણ થયું. એટલે સંતોષ માનીશ એમ માનું છું. એમ છતાં ઇચ્છા થાય ત્યારે જરૂર આવી પૂછી ખુલાસો મેળવી જજે.

'સંતબાલ'

તા. ૧૪-૮-'૫૩

ઉન્નતહૃદયા બહેન કાશીબહેન,

આવતી કાલે ભારતને આઝાદ થયે છ વર્ષ પૂરાં થશે. આપણે તો આઝાદીના ઉષાકાળથી જ ખેડૂતમંડળનો નાદ ઉચ્ચારતા થયા જ હતા. આજે એ કલ્પના વધુ સુરેખ બની છે. ગૂંદીના ચોમાસા વખતે ક્યારેક ક્યારેક થોડી વાતો બંગલાના ચોગાનમાં ફરતાં ફરતાં કરી હશે. સાણંદના ચોમાસામાં એક બાજુ આઝાદ ભારતની ઘોષણા ચાલેલી, બીજી બાજુ તે પહેલાં જ આપણો વર્ગ ચાલતો અને રામાયણ, ગીતાના ગ્રંથો દ્વારા એ બધાંનો પાયો નંખાતો. કદાચ મેં ત્યારે એ પણ કહેલું કે આવો અવસર ફરી ક્યારે મળવાનો છે? ત્યાર બાદ રાજકોટ ચોમાસું આવ્યું. રાજકોટ ચોમાસામાં પછી પગપાળા પ્રવાસની — સહપ્રવાસની તક સૌથી પહેલી કદાચ એ રીતે તમોને જ લાંબી મુદત સુધી મળી. વાંકાનેરથી જોરાવરનગર લગી તો બહેન તરીકે તમો એકલાં જ હતાં.

રણાપુર ચાતુર્માસ વખતે વિમુએ નાની ઉંમરમાં એવો કંઈક પ્રશ્ન કરેલો: 'બહેનો તમને કેમ ન અડે?' ત્યારબાદ તો ધીરે ધીરે એ સ્થિતિ કુદરતી આવી કે — મીરુને નિમિત્તે વાત્સલ્યનો સુંદર સ્વાદ મળ્યો. પણ નિર્દોષ સ્પર્શની પણ બહેનો સંબંધમાં મર્યાદા રાખવી એને સ્થાનકવાસી જૈનમુનિ કે જૈન મુનિ તરીકે આજના સંયોગોમાં યોગ્ય ગણી લીધી છે. ને હવે આટઆટલા સંપર્ક પછી માતૃજાતિના સવાલમાં આજે તો આત્મીયતાનો પૂરો સંતોષ મળી રહે છે.

આજની દુનિયાના ત્રણ મુખ્ય સવાલ છે : (૧) ગામડું, (૨) માતૃજાતિ, (૩) પછાત કોમો. ત્રણે પ્રશ્નોમાં ધર્મે ઊંડા ઊતર્યે જ છૂટકો છે. આમાં એકલા પુરુષથી ક્રાન્તિ નહિ થાય. સ્ત્રી એકલે હાથે કદાચ કરી શકે. વર્ષો પહેલાં 'જગદંબાના પત્રો' લખાયા છે અને પુનર્જન્મ હોય તો માતૃશરીર પામવાના મારા કોડ છે. સાથી ભાઈઓની અને તેમાંય ખાસ બહેનોની શુભેચ્છાઓ ઘણી ખપ લાગશે. આ તો થોડું મનમાં આવ્યું તે લખી નાખ્યું.

મેં જાણ્યું કે તને કંઈક હમણાં હમણાં ઓછું અધૂરું લાગે છે. છોટુભાઈની માંદગી વખતે લાગણીવશ પણ ઠીક ઠીક થઈ જવાયું. હું સમજું છું કે બહેનો જેમ હૂંફ આપી શકે છે, તેમ એને હૂંફ ખપતી પણ હોય છે. પરંતુ આપણાં વર્તુલની બહેનોની ભાત કંઈક એવી હોવી ઘટે કે જે પોતે બીજાં અનેકને હૂંફ આપે, પણ પોતાને હૂંફ મળે કે નહિ, તોય ચલાવી લે. દવાખાનાં અંગે તો સામાન્ય કસોટી જ ગણાય. એટલે એ બાબતમાં મણિભાઈના લખાણ પછી મારે કંઈ લખવાપણું ન હોય. આફ્રિકા જતાં પહેલાં તો થોડા દિવસ તું અહીં રહી શકશે એમ માનું છું. પ્રાયોગિક સંઘનાં જવાબદાર કાર્યકર ભાઈ-બહેનો તો કોઈ પણ કામે જાય તેની ચોક્કસ નોંધ રાખે જ; એમાં તમો સંમત થશો જ. આપણે સ્વેચ્છાએ 'શિસ્ત' અને 'વાત્સલ્ય' તેમ જ 'સમતા'નો સુમેળ પાડવાનો છે. મીરુ મજામાં છે, મણિભાઈ તો છે જ.

તા.ક. પૂ. ગુરુદેવના નિવેદન પરત્વે ઠીક ઠીક વિચારણાઓ ચાલુ જ હોય છે. પણ કુદરત જે કરશે તે ઇષ્ટ જ કરશે.

'સંતબાલ'

## ૨૦

સાવરકુંડલા,

તા. ૨૫–૮–'૫૩

બ્હેન કાશી,

થોડા વખત પહેલાં તને વિગતે પત્ર લખ્યો હતો. છોટુભાઈ દ્વારા તને બીજા બધા સમાચારો મળ્યા જ કરતા હશે. આ પત્ર તો આજે પચાસમું વર્ષ બેસે છે, ત્યારે માતૃજાતિની શુભેચ્છા માગવાની ઇચ્છા થતાં તારા જેવી કેટલીક નજીકની માતૃજાતિના શરીરવાળી વ્યક્તિઓને લખવાનું મન થયું, એટલે લખી નાખું છું.

ત્યાં સૌને પ્રભુસ્મરણ.

'સંતબાલ'

## ૨૧

લાઠી,

તા. ૧૩–૮–'૫૪

બ્હેન કાશી,

આવતી કાલે ફરી વર્ષગાંઠ આવીને ઊભી રહી. જિંદગીમાં એક ઓછું થયું. એકાવનમું બેસશે. હું આત્મોન્નતિ પણ સમાજોન્નતિની

સાથોસાથ ચાલવામાં માનતો હોઈ, મારી નજીકનાં કેટલાં આગળ વધ્યાં, તે પણ માપું છું. સંઘ ઉપર મારી મોટી આશા છે. તમો બધાં એનાં સભ્યો છો ખરું ને!

'સંતબાલ'

## ૨૨

લાઠી,

તા. ૬–૯–'૫૪

બહેન કાશી,

બહુ લાંબો પત્ર લખી શક્યો નથી, પણ અહીં ટૂંકમાં લખું. આમ તો બધું સારું જ છે. પણ કેટલીક વાર પોતાને ગમતું હોય તે જ કરવાના આગ્રહમાં આપણી સંસ્થા પ્રત્યેની કર્તવ્યભાવનામાં અજાણતાં ખામી આવે એવો ભય ઊભો થાય છે. જો આપણા અંગત સંબંધીઓ કરતાં આપણે સંસ્થાને જ મહાન માનીશું તો આ ક્ષતિ નહિ જ આવે. બીજું કેટલીક વાર આપણને જેમની સાથે વિચારમેળ ન પડતો હોય ત્યાં અભાવવાળી વૃત્તિ રહી છે, પણ જો માતૃવાત્સલ્ય રાખીશું તો તે ત્રુટિ પણ નહિ રહે. આપણા વડીલોની પણ ભૂલ દેખાય ત્યાં આપણે નમ્ર ભાવે કહીએ, પરંતુ 'હા' માં 'હા' ન ભણીએ તો આપણી સેવામાં ઘણી અનાસક્તિ આવી રહેશે. બાકી તો પિતાપુત્રીમાં ઘણા ઘણા ગુણો છે જ, એમ છતાં આવાં કારણે દિલ દુભાયું હોય ત્યાં ક્ષમા આપજે.

'સંતબાલ'

## ૨૩

લાડી,

તા. ૨૭–૯–'૫૪

બહેન કાશી,

હમણાં ઘણા વખતથી પત્ર નથી. હું પત્ર લખું, ત્યાર પછી તારે લખવું, એવો કોઈ અભિગ્રહ તો ધાર્યો નથી ને? છોટુભાઈના પત્રો આવે છે. તેમની વિગતો આપવાની ટેવ સારી છે. એટલે માહિતી મળ્યા કરે. ત્યાં પણ પત્રો નિયમિત આવતા હશે. ત્યાંના ભાલનળકાંઠા સર્વોદય યોજનાનાં કાર્યકર ભાઈબહેનો મજામાં હશે. સૌ સાથે જ, બન્ને વખતની પ્રાર્થના વખતે તો અચૂક મળતાં હશો. ત્યાંની નવાજૂની લખશો. આ વખતે જૂની દુષ્કાળ વખતની બાકીની લોન મેળવવાની અને સોસાયટીના ધિરાણની વસૂલાત મેળવવાની વાતમાં બધાં જાગૃત રહેજો.

'સંતબાલ'

## ૨૪

લાડી,

તા. ૬–૧૦–'૫૪

બહેન કાશીબહેન,

તારો પત્ર મળ્યો. આવું કાર્યકર-મિલન વર્ષમાં એક વાર માંડ મળે, જ્યારે મારી હાજરીમાં સૈદ્ધાન્તિક ચર્ચાવિચારણા થાય અને

ભવિષ્યનો માર્ગ મોકળો થવા પામે. એટલે એ દિવસોમાં બીજાં બધાં કામો અનિવાર્ય હોય તો જુદી વાત છે; બાકીનાં છોડીને મોટા ભાગનાં સર્વોદય યોજનાનાં કાર્યકર ભાઈબહેનો તથા તમો બધાં જ આવો, એ મારે લખવું પડે નહિ. નઈ તાલીમના સંમેલનની વાત લખી તે જાણી. એ સંમેલનની મહત્તા મારે મન આ કામ કરતાં ઓછી છે; એટલા માટે કે નઈ તાલીમના કામનો પાયો આ છે. એના વિના ચણતર ટકે નહિ; ટકે તો વખતે નૈતિક ખામી રહી જાય. એટલે તમો સૌને આ વાત લખજો અને હાજરીને અનિવાર્ય જરૂરી હાજરી ગણજો.

તમારી મુશ્કેલી તથા કૂવાની વ. વાત જાણી. જેમાં પૈસાની નહિ પણ નૈતિક બળની જરૂર પડે તેવી માગણીઓ મૂકતાં હવે ખાસ શીખવું જોઈ શે. જરૂરિયાતો ઘટાડવાની વાતો આપણાં પણ ભાઈબહેનો નહિ શીખે તો આપણે બીજાઓને કયો આદર્શ આપી શકીશું ? મુશ્કેલીઓની મધુરતામાં જ આનંદ છે.

તા.ક. રાહતફાળાનું જાણ્યું. બરાબર છે. ઉઘરાણી પતવવા ઉપર તમારો કાર્ય-ક્યાસ કાઢું ને ? એ પણ કાર્યનું અંગ છે.

'સંતબાલ'

## ૨૫

લાઠી,

તા. ૧૨-૧૦-'૫૪

બહેન કાશી,

તારો પત્ર મળ્યો. તને લાંબા પત્રો ગમે છે, તે જાણ્યું. હમણાં તો ટૂંકું જ લખું.

તું લખે છે તેટલી અહીં આવવાની તાલાવેલી હશે તો તને અનુકૂળતા મળી રહેશે, એવી આશા રાખું છું.

આપણી વાતો આપણી જાતે જ રજૂ કરવાની વ્યવસ્થા રાખીએ તો જ સારું છે. બીજાઓ આપણી વાતો રજૂ કરે તે કરતાં આપણી સાચી વાતો એકલાં આપણે રજૂ કરીએ અને મંજૂર થતાં વાર લાગે તોય આ એક જ વધુ સારો માર્ગ મને લાગે છે. ત્યાંના દુષ્કાળ-લેણા વિશેનો ખુલાસો જોયો. તમારા જેવાં જવાબદાર કાર્યકર્ત્રી બહેન માટે પૂરી જાગૃતિ હોય એટલે પછી કશું કહેવાનું હોય જ નહિ. ખાસ તો આપણાં ભાઈબહેનોની આદત માત્ર રાહતનિર્ભર ન બની જાય તેટલા પૂરતી ટકોર હોય છે. બાકી તો મુશ્કેલીઓ પ્રેમથી સહેતાં જ મહત્તા આવે છે, સ્વયં નીપજે છે. નઈ તાલીમ સંમેલનમાં જનાર માટેની તમારી વાત જાણી. પણ અહીં માટે એ અત્યંત કઠિન હતું. એટલે આ તારીખો જ વધુ બંધબેસતી કરી અને મારા મૌન દિવસો બંધ રાખ્યા. પત્રો જોતાં લાગે છે કે શ્રી મહારાજ તા. ૨૦ તથા તા. ૨૧ના અહીં હશે જ. તમો તા. ૧૭મીથી તા. ૨૧ લગી રોકાવાનું વિચારી જરૂર આવવાનું રાખશો અને ત્યાંનું અનુકૂળ રીતે ગોઠવી લેશો.

'સંતબાલ'

## ૨૬

પાલનપુર,

તા. ૨–૮–'૫૫

ઉન્નતહૃદયા કાશીબહેન તથા છોટુભાઈ,

પિતાપુત્રી વર્ષોથી જોડાયાં છો. આજે બીજાં થોડાં પાત્રોની જેમ તમોને પણ લખું છું. આજે સંતબાલના સચેતન શરીરને બાવનમું

બેસે છે. બે આકાંક્ષાઓ અહીં રજૂ કરું છું: (૧) સકલ જગતની જનેતા બનવાના કોડ. (૨) વ્યક્તિ નાશવંત છે, માટે તેને બદલે પ્રાયોગિક સંઘ અને કૉંગ્રેસ એ બન્ને સંસ્થાઓ તથા મૂળે સત્ય અને અહિંસા ઉપરનો જ મુખ્ય પ્યાર. બધાં કુશળ હશો.

આમ તો આ દિવસે મીરુ હાજર હોય છે. આ વખતે અહીં હજુ હાજર નથી.

તા. ક. આજે બપોરના મેલમાં અમદાવાદથી મીરુ આવી ગયેલ છે. નારિયેળી પૂનમ આવતી કાલે છે.

'સંતબાલ'

## ૨૭

પાલનપુર,
તા. ૨૭–૮–'૫૫

બહેન કાશીબહેન,

ત્યાંથી તા. ૨૩–૮–૫૫ના રાત્રિના ત્રણ વાગ્યે લખેલો પત્ર મળ્યો. તારે મારી ક્ષમા માગવાની છે, તેના કરતાં મારે તારી ક્ષમા જ વધુ માગવાની છે. કારણ કે માણસ ગમે તેટલો ઊંચે જાય તોય તેની ટેવો તેને પકડે છે. તેમાં તું અને હું નિરુપાય હોઈએ, તે સ્વાભાવિક છે. છતાં જ્યારે થોડા થોડા વખતે તું ફરવા નીકળી જાય છે, તક મળે કે તુરત બહાર જવા ઇચ્છે છે અથવા તેવી તક ઊભી કરે છે, તેવું લાગતાં ઘણી વાર તને ટકોર કરું છું. પણ આમ તો તું જે પ્રદેશમાં અને જે રીતે કામ કરી રહી છે, તે જોતાં સૌને પ્રેમ અને માન થાય છે જ. તબિયત ખૂબ જાળવજે.

અઠ્ઠમમાં સાતા રહી હશે. ઉપવાસોમાં તો બહાદુર છે, પણ હવે બહુ ઉપવાસો ન કરવા ઘટે. 'વિશ્વવાત્સલ્ય' ઝીણવટથી વાંચી પૂછવા જેવું પુછાવજે.

'સંતબાલ'

## ૨૮

તા. ૪-૧૧-'૫૫

બહેન કાશીબહેન,

તારો પત્ર પણ મળ્યો અને એક માસની નોંધ પણ મળી. આ નોંધ વાંચી તારી સાહસવૃત્તિ જોઈ સંતોષ થાય છે. પણ બલોલવાળા પાનાચંદભાઈ હમણાં અહીં હતા, તેમણે ખાસ કહ્યું : 'બહેન સાહસ તો ખેડે છે, પણ વધુ પડતું ખેડે છે.' ટૂંકમાં રાત્રે નીકળીને આવાં જોખમો ખેડવા કરતાં રાત્રે જ્યાં ગયાં હોઈએ ત્યાં જ રહેવું એ સારું છે. બીજું નોંધમાં હું તમારા આંતરિક પ્રવાહો – મનમાં કેવા સંકલ્પ-વિકલ્પ – ઊઠે છે અને ક્યાં શ્રદ્ધા-અશ્રદ્ધા વિચારોમાં જાગે છે, તે બધું જાણવા ઇચ્છું છું.

વડોદરા 'સમરતબા' માટે ન જઈ શકાયું, તે જાણ્યું હતું. કદાચ થોડુંક દુઃખ પણ થાય, પરંતુ આપણે હમેશાં કર્તવ્યપરાયણ જ રહેવું. વિકાસબોર્ડ જેવી સંસ્થાઓમાં પણ સમય બગાડવો હવે આપણને નહિ પાલવે. શક્ય તેટલું વધુ ધ્યાન પ્રાયોગિક સંઘ અને એની પ્રવૃત્તિઓ ઉપર આપવાનું છે. ગણોતધારા અંગે જે પરિસ્થિતિ આવી રહી છે, તેમાં તમારે સૌએ ધ્યાન રોકવું પડશે, અભ્યાસ, ચિંતન વ.

કરવું પડશે. ખેડૂતોને કાર્યકરોને વ. સૌને જવાબો આપવા રહેશે. જોકે દવાખાનાનું કામ અટકે નહિ અને વ્યવસ્થિત ચાલે, તે રીતે જ કામ લેવાશે.

**'સંતબાલ'**

## ૨૯

ધોળકા,

તા. ૧૨-૯-'૫૬

ઉન્નતહૃદયા બહેન કાશીબહેન,

શિયાળથી તા. ૧૦-૯-'૫૬નું કાર્ડ તરત મળી ગયું છે. અહીં જે પર્યુષણપર્વ વ્યાખ્યાનમાળા રખાયેલી તે વ્યાખ્યાનો તો મણિભાઈ દ્વારા અવારનવાર તને મળતાં જ હતાં, એટલે એ વિશે લખવાની જરૂર નથી.

નાનીબોરુનું ચોથું કેન્દ્ર તા. ૧૫-૯-'૫૬ના શરૂ થશે. એ માટે છોટુભાઈ, અંબુભાઈ વ. જવાના છે. જવારજ કેન્દ્ર પણ ઘણું જ વ્યવસ્થિત અને નિયમિત ચાલ્યું. ફૂલજીભાઈની હાજરીએ બહુ સુંદર ભાગ ભજવ્યો. અહીં તા. ૧૦-૯-'૫૬ની સભા ઘણી સુંદર થઈ. ફૂલજીભાઈ તો અત્યંત પ્રેરણાદાયક સુંદર એવું બોલ્યા. આખી સભાને પ્રેરણા પીતી કરી મૂકી. આ તેમની શક્તિ, ત્યાગ અને સમજમાંથી જ આવતી જાય છે.

તારી પણ લાગણી ઘણી વાર દૂભવી હશે, તેની ક્ષમા માગું છું ને મારી તો તને ક્ષમા છે જ. જશુભાઈને પણ. મુખીને તથા

મતાદારને પણ મારી ક્ષમાપનાનું કહેજે. સૈદ્ધાન્તિક રીતે એ બધા ભાઈઓ આગળ ને આગળ વધે, તેવી પ્રભુપ્રાર્થના. પઢાર, હરિજન, વાઘરી તથા ગામમાં સૌને પ્રભુસ્મરણ.

'સંતબાલ'

## ૩૦

આદરોડા,

૮–૭–'૫૭

ઉ. હ. કાશીબહેન,

તમારો અને ભાઈલાલભાઈનો એમ બન્ને પત્રો મળ્યા. છોટુભાઈના જેતપુર જવાના સમાચાર હતા. વરસાદે થોડાં ખમૈયાં કર્યાં તેથી વાવણાં વ. સારી પેઠે થઈ ગયાં છે. હવે વરસાદ તરત પડે તેવી તૈયારી થઈ રહી છે. ક્રોધને દૂર કરવાનું વિચારથી સહેલું છે. જો વ્યાપક બુદ્ધિ અને ઊંડી દૃષ્ટિ તથા તદનુસાર જીવનસાધના આવે તો ક્રોધ જરૂર શમી જશે.

ભા. ન. ખે. મં.ની સોસાયટીના સભ્યોએ મંડળનું લવાજમ આપવું શરૂ કર્યું, તે જાણી સંતોષ. એ દિશામાં તમો ધ્યાન બરાબર આપી તરત એ કાર્ય સાંગોપાંગ પતાવજો. મીઠાપુરનું સમાધાન થઈ જાય અને સૈદ્ધાંતિક રીતે થાય, તે જલ્દી જરૂરી છે. શ્રી ઢેબરભાઈ તબિયત અસ્વસ્થ થતાં આજે આવી નથી શકયા. આદરોડામાં બધાંય મજામાં છે.

'સંતબાલ'

## ૩૧

આદરોડા,

તા. ૧૪–૯–'૫૭

બહેન કાશીબહેન,

શિયાળવાસીઓ ઉપરનો મારો તાજો પત્ર તમોને મળ્યો હશે. વિગત જાણી હશે. શ્રીમનજી આવી ગયા એ કુદરતી રીતે ઘણું સારું થયું. બીજું બેંક ચૂંટણી આવી રહી છે. મણિબહેન પ્રા. સંઘનાં સભ્યા; છતાં પ્રા. સંઘ તળેની સામાજિક આર્થિક ક્ષેત્રે સ્વતંત્ર એવી શુદ્ધ ગ્રામસંસ્થાના ટેકેદાર ઉમેદવાર સામે આવીને ઊભાં રહ્યાં, એ અત્યંત ખેદની ઘટના બની છે. પ્રા. સંઘના મંત્રીશ્રી છોટુભાઈએ લખ્યું છે કે મારે મણિબહેનને રૂબરૂ બોલાવીને ઘટતું કહેવું, પણ મેં તો મારી મર્યાદા મુજબ અને દૃષ્ટિને અનુકૂળ લખ્યું છે, પણ તેની અસર તો હાલ થાય તેવું નથી. કુદરતમૈયા જે કરે છે, તે સારા માટે જ હશે. આ તો એક ઊંડી વ્યથા જણાવી....

'સંતબાલ'

## ૩૨

આદરોડા,

તા. ૧૧–૧૦–'૫૭

ઉન્નતહૃદયા કાશીબહેન,

...જોકે તમો તો ખરેખર બહાદુર છો, એટલે કશી ચિંતા

ખાસ નથી. અહીંથી નારાજી લઈને તમો ગયાં, તેટલા પૂરતું મનમા રહેલું, પણ હવે તો તમારો સંતોષદાયક પત્ર આવતાં નિરાંત થઈ છે.

'બાપુજીની ડાયરી' તથા ખાસ તો મળે તો (ગૂંદીમાં હશે) 'બાપુ મારી મા' એ પુસ્તક મનુબહેનનું મંગાવી રોજ રાત્રે વાંચવાનું રાખજો.

'સંતબાલ'

## ૩૩

ભરૂચ,

તા. ૫–૧૨–'૫૭

પૂ. ભાઈ, બહેન કાશીબહેન, ભાઈશ્રી નાનચંદભાઈ,

આપના ત્રણેના પત્રો મહારાજશ્રીને મળ્યા છે. કનુભાઈએ જાહેર માફી માગી. કાશીબહેન પાસે આવીને પણ માફી માગી એ નાનીસૂની વાત નથી. જનતાની જાગૃતિ આગળ ગમે તેવા માણસને નમવું પડે છે. સત્ય તરે જ છે. પણ તેને બહાર કાઢવા પુરુષાર્થ જોઈએ. બચુભાઈ અને મનસુખમામાનો આજે પત્ર છે. સંઘે ચાતુર્માસ માટે આમંત્રણ આપવાનો ઠરાવ પસાર કર્યો છે. અને તે રાતે તેઓ ભરૂચના દિવસોમાં ગમે તે તારીખે આવી જશે. તમોને પણ ખ્યાલ તેમણે આપ્યો છે. એટલે તમો તા. ૮, ૯, ૧૦ માટે ભરૂચ આવી જશો. દા. ભાઈવાળો પત્ર અહીં રાખ્યો છે. રૂબરૂ તમને આપી દઈશ. કાશીબહેનનો પત્ર વાંચ્યો. તેઓ કોઈ જાતની ચિંતા ન કરે. જે થાય છે તે સારા માટે. નવાં મૂલ્યો સ્થાપનારને માટે આવું તો આવવાનું જ. મહારાજશ્રીને પણ એટલા પૂરતું જ કહેવાનું હોય છે.

મીરાંબહેન મજામાં છે. હજુ શરીરે સારું ન ગણાય, પણ તે એમ જ ચાલ્યા કરવાનું. આ વખતના વિશ્વવાત્સલ્યમાં વગર નામે કનુભાઈવાળો પ્રસંગ લીધો છે. કાયમ માટે આવી નોંધ રહે તે જરૂરી છે.

લિ. મણિભાઈનાં વંદન

તા.ક. કાશીબહેનની એક રીતે મારા કારણે નિમિત્ત ઊભું કરીને બહુ મોટી કસોટી કરી નાખી. પણ કાશીબા એમ કાંઈ થોડું બનાય છે! કનુભાઈએ આ બધું દિલથી કર્યું હોય તો તેઓ છેલ્લે છેલ્લે જિંદગી સુધારી લેશે. દિલથી નહિ કર્યું હોય તો જાતે દુઃખી વધુ થશે ને સમાજને દુઃખી કરશે. તેમણે હવે બંદૂક રાખવી છોડી દેવી જોઈએ. નાનચંદભાઈ દ્વારા તથા તમારા અને જનતાના પ્રયાસે સુંદર કામ થયું, ડૉ. સાહેબને ગમ્યું તેથી સંતોષ. હવે તરત આવી જશો.

'સંતબાલ'

૩૪

શિયાળ,

તા. ૧૩–૫–'૫૮

ઉ. હ. કાશીબહેન,

લલિતાબહેન ગૂંદી પંચાયતમાં છે, માટે કાશીબહેને શિયાળ પંચાયતમાં રહેવું જોઈએ, તે વિધાન બરાબર નહિ થાય. હું તો જે ઇચ્છું છું તે એટલું જ કે સંઘની નિયામક સમિતિના સભ્ય-સભ્યાઓની જવાબદારી સૌથી વિશેષ છે. તેમની પાસેથી હું એ આશા રાખું છું

કે તેઓ જનતા-તંત્ર, જનરાજ-તંત્રથી મુક્ત રહી જનતા અને રાજ્ય બંનેથી અલગ સક્રિય તટસ્થ ભૂમિકા પર રહે. નહિ તો જે મહાન કાર્યની જવાબદારી સંઘની નિયામક સમિતિને માથે આવી પડી છે, તેમાં તેને ઘણી બાધાઓ આવશે. તમો સંઘનાં ઉપપ્રમુખ છો, એટલે વિચારવા જેવું છે. જોકે ગ્રામપંચાયતમાં આવવા પહેલાં જ આ વસ્તુ વિચારવા જેવી હતી. પણ ચાલો જે થયું તે ખરું! કેટલીક વાર ઘણા અનુભવો બાદ જ મૂળ વસ્તુ સમજાતી હોય છે. કાશીબહેન બહાર રહીને સમતુલા ઠીક જાળવી શકશે, જ્યારે અંદર હશે તો પક્ષપાતી ગણાઈ જશે. એટલે એમનો બંને દલ ઉપર કંટ્રોલ ઓછો થઈ જશે; મતાદાર સમજુ છે. તેઓ જો ન્યાયપક્ષે ઊભા રહેશે તો શિયાળનું હિત જલદી થશે.

કેશુભાઈ જો શુદ્ધ ન્યાયને માર્ગે અને પ્રેમભર્યા વર્તનને માર્ગે વળશે, તોપણ શિયાળનું ભલું થવાનું જ છે. કેશુભાઈમાં ગુણો ઘણા છે, પણ કેટલીક વસ્તુઓ જો સુધારી નાખે, તો જ તે ગુણો દીપી ઊઠે. આજે પંચાયતને પણ તેણે પંચવાર્ષિક યોજના બનાવી પઢાર, હરિજનો વ. ને પ્રકાશ, સફાઈ, પાણી વ. નો લાભ અપાવી, ગામમાં જે કૂવાઓ બરાબર ન હોય તે બરાબર કરાવી, રસ્તાની મરામત કરાવી. જો બરાબર કામ ચલાવાશે, તો જરૂર પંચાયતની ઇજ્જત વધી જશે. ઝાંપ યોજના હવે ધીરે ધીરે અમલમાં આવતી જશે, એટલે પાણીનું કાયમી દુઃખ જશે. પણ ત્યાં લગી પાણીવાળા મહારાજવાળો કૂવો જે ભાંગી નખાયો છે, તે સારો કરી નખાય. તળાવોના કૂવાઓ પણ સારા થાય. પાણીની પણ સગવડ એવી રીતે ઉતારાય કે જેથી ધોવાની ને બહેનો તથા ભાઈઓને (વારિગૃહની) નાહવાની વ્યવસ્થા થઈ જાય, તો પંચાયત કંઈક કાર્ય કરી શકે છે, તેનો જનતાને ખ્યાલ આવશે. અમુક નાણાં સરકારી બાજી યોજનાઓમાંથી પણ મળી જશે.

ટૂંકમાં પંચાયત કાર્યકારિણી બને તે જરૂરી છે. અમુક મુદત પૂરતાં કાશીબહેન ચાલુ રહેવાં જરૂરી હોય, તો રાજીનામાનું ભલે તેટલા

વખત માટે મુલતવી રહે. પણ અંતે એ માર્ગે ગયા વિના છૂટકો નથી. આ થઈ પંચાયત અંગે વાત.

તા. ક.

ડૉ. સાહેબ,*

નાનચંદભાઈને આપના ખબર આપ્યા. ઠીક થયું. કાશીબહેનને હવે આપના સાંનિધ્યથી ખૂબ મદદ મળશે. 'ગ્રામપંચાયત' બાબતમાં મેં કાશીબહેનને પત્રમાં લખ્યું જ છે. આપ અવારનવાર પત્રો લખતા રહેશો. સાવધાનીથી આપની ઉદારતાનો સદુપયોગ થવાથી વાતાવરણ ખૂબ સુંદર બનશે અને છતાં દાંડ તત્ત્વોને પ્રતિષ્ઠા નહિ મળે એમ માનું છું.

'સંતબાલ'

## ૩૫

મોટા પોંડા,

તા. ૨૮–૩–'૬૨

પ્રિય છોટુભાઈ તથા ઉ. હ. કાશીબહેન,

પત્ર મળ્યો. કાપડિયા બાબત અંગત રીતે ન જોતાં સમાજરચનાના સંદર્ભમાં વિચારશો તો નવાઈ નહિ લાગે. ભદ્ર સંસ્કૃતિ અને સંત સંસ્કૃતિ વચ્ચે વિરોધ રહેવાનો જ. સામાન્ય સમાજ ભદ્ર સંસ્કૃતિથી આકર્ષાય છે. એટલે શરૂઆતમાં એવા વિરોધો થવાના. આથી આપણે આપણી ચાલુ પદ્ધતિ મુજબ 'છે યુદ્ધ તો જગવવું પણ પ્રેમ રાખી.' એ વલણ રાખીએ છીએ. જાગૃતિ તો સહજ રીતે રહે છે, તે રહે છે

* સ્વ. ડૉ. રણછોડભાઈ ભટ. તે વખતે તે સંઘના વિશ્વવત્સલ ઔષધાલયમાં ડૉક્ટર હતા.

જ. તેથી તો મેં પ્રિય પરમાનંદભાઈને લખ્યું છે કે વ્યક્તિ તરીકે સંતબાલની તમને લાગતી હોય, તે ટીકા જરૂર કરો, પણ અનુબંધ વિચારધારાના મિશનને કે ભા. ન. પ્રયોગને ઉતારી પાડવાનું ન કરો. કારણ કે તેમ કરવામાં અહિંસક ક્રાન્તિના કાર્યની રુકાવટ થશે. . . .

આપણી આખી રીતને તમે જાણો જ છો. સ્ત્રીપુરુષના સંબંધો પરસ્પર પૂરક તરીકે હોય, તે આખો વિષય છે. સ્ત્રીના ઉપર આજ લગી પુરુષ વધુ કઠોર રહ્યો છે, ત્યારે જો મહિલા જાતિ એ આપણા પ્રયોગનું અહિંસક વાહન હોય, તો આપણે કોમળ બનવું જ રહ્યું. માત્ર સૈદ્ધાન્તિકતા આવીને ઊભી રહે, ત્યાં નિરુપાયે કઠોરતા ધરવી પડે અથવા કઠોરતા (નારી પાત્રોને) લાગે તે જુદી વાત છે.

સાધ્વીજીએ વહાલા ભગવાન તરીકે લખ્યું, તેનો ઊંડો વિચાર કર્યા બાદ વહાલાં ભક્તા અથવા વહાલી ભક્તા તરીકે લખાયું. આત્મીયતા અને કક્ષા બન્નેનો વિચાર કર્યા બાદ જ્યાં શરીરસ્પર્શ ન થાય ત્યાં હૃદયસ્પર્શ માટે વિચાર અને વાણી સાધનરૂપ બને છે. તમો બધાં જાણો છો કે આ જીવનમાં સ્ત્રીસંભોગ કર્યો જ નથી. વિકારી સ્પર્શ દીક્ષા બાદ પણ થયેલ છે. સમૌન એકાંતવાસ વખતે એ બધાની કડક આલોચના થઈ ગઈ જે જાહેર નિવેદન વ. દ્વારા ચોવીસ વર્ષ પહેલાં કહ્યું છે. અને 'વિશ્વવાત્સલ્ય'નાં પરોક્ષ દર્શન થયાં. ધર્મદૃષ્ટિએ સમાજ-રચનાના પાયામાં – અમુક હદે વિકાસ થયા બાદ જે પાત્ર દ્વારા વિશાળ કામ લેવાની કલ્પના થાય, તેવાં જોખમો ખેડવાં જ રહ્યાં. ચારિત્ર્યબળનો પાયો સત્ય છે. માતૃજાતિને નિર્ભય અને સુરક્ષિત રાખવા પૂરતી ગુપ્તતાનો વિવેક જાળવવો કે સૂચવવો, એ સહજ છે, પણ તેઓ પોતે જ આગળ થઈને અગુપ્તતા ઇચ્છે કે જાહેર કરે, તો સોનામાં સુગંધ જેવું ગણાય.

ક્રાન્તિની પહેલ વ્યક્તિથી થાય અને થઈ છે. સાધુસાધ્વીશિબિરના તબક્કામાં પ્રથમ પાત્ર ક્રાન્તિની દૃષ્ટિથી સાધુ તરીકે ડુંગરશી મુનિ તથા નેમિમુનિ આવ્યા તેમ સાધ્વી તરીકે સમર્પણપૂર્વક આવ્યાં. . . . એટલે

સત્ય અને શિયળની મૌલિકતા સાચવી ધીરજ અને શ્રદ્ધાપૂર્વક તેમની બધી સાત્ત્વિક ઇચ્છાઓ સાચવી તે માધ્યમ દ્વારા કાર્ય લેવું. આ કલ્પનાએ જે થયું છે, તે યોગ્ય થયું છે. આવરણો તો આવવાનાં જ. અને નેમિમુનિમાં જેટલા સફળ થયા તેટલા અહીં તત્કાળ તો નથી જ થયા. છતાં શ્રદ્ધા કેમ તજાય? બે ને બે ચાર જ હોય, તે પ્રારંભમાં ગળે ન ઊતરે અથવા પેટમાં દુખતાં કોઈ માથું કૂટે, ત્યાં આપણે નિરુપાય હોઈએ. પણ જિજ્ઞાસા હોય ત્યાં લગી સમજાવવાનો ને સમજવાનો....[૧]

## ૩૬

જવારજ,

તા. ૩-૧૦-'૬૨

પ્રિય આત્મબંધુ છોટુભાઈ તથા કાશીબહેન,

તમારો પત્ર મળ્યો. આજે ભોગ ભોગવા જ જ્યારે કૃત્રિમ સાધનોનો કે ઑપરેશનોનો ધોધ વહી રહ્યો છે, ત્યારે સંયમની દૃષ્ટિ છતાં એકાદ ભૂલ થયે સંતતિ આવી પડે, એ ભયે ઑપરેશનની ક્ષમ્યતાનું વિધાન ખતરનાક નીવડશે. સંયમ રાખવા છતાં સંતાન જન્મશે (કોઈક વખતની ગફલતે) તો એ સંતાન સમાજ તથા દેશમાં ભારે નહિ પડે. ભોગજન્ય સંતાન જ ભારરૂપ થાય છે. આ લક્ષ્યમાં લેવું ઘટે અને દિને દિને જ્યારે વિશ્વની એક સરકાર તરફ વલણ વધતું જાય છે, ત્યારે કૃત્રિમ સાધનો કે ઑપરેશનોનો કઠોરપણે વિરોધ કરવો એ જ ધર્મ છે.

'સંતબાલ'

---

૧. આ પત્રનો પછીનો ભાગ મળતો નથી.

દિલ્હી-૬,
તા. ૯–૧૦–'૬૩

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારું અંતર્દેશીય કવર મળ્યું. શ્રી. . નું મારને લીધે આખરે ઇસ્પિતાલમાં મૃત્યુ થયું તે સમાચારથી બે રીતે દુઃખ થયું છે: એક તો શિયાળ પ્રથમથી આપણી પ્રયોગપ્રવૃત્તિઓનું સુંદર કેન્દ્ર છે અને જ્યાં તમારા જેવાં પાયાનાં કાર્યકર બહેન બેઠાં છે. (૨) પોતાના મનમાં કાંઈ હોય તો પંચ દ્વારા અને બીજા અહિંસક પ્રયોગો દ્વારા પ્રશ્નો પતાવવા જોઈએ. તેને બદલે આમ મારામારી પર ઊતરવું તે ઘણું દુઃખદ છે.

હવે આ પ્રશ્નમાં ભૂલ કરનારને સામાજિક રીતે સજા થઈ યોગ્ય પ્રાયશ્ચિત્ત થાય તે જરૂરી છે. . . .નાં માતાજી તથા પત્નીને અમારા વતી તમો ખૂબખૂબ દિલાસો આપજો. સદ્‌ગત આત્માની શાંતિ ઇચ્છું છું. ગામમાં સૌને યાદ કરવાનું કહેજો તથા વૈરભાવ વધે નહિ પણ ઘટે તે માટે કેશુભાઈ, મતાદાર, લોકપાલ પટેલો, ગરાસિયા ભાઈઓ, હરિજનો, વાઘરી ભાઈઓ, પઢાર ભાઈઓ પ્રયત્ન કરે. સૌ હળીમળીને રહે, એ સંદેશો આપજો.

'સંતબાલ'

કલકત્તા,

તા. ૨–૭–'૬૪

વહાલા ઉ. હ. કાશીબહેન,

ચોર* મુદ્દામાલ સાથે મળી ગયાની બીના જાણી અમોને સૌને અત્યંત સંતોષ થયો છે. મીરાંબહેનને તો અતિશય આનંદ થયો છે. આ કોઈ ચમત્કાર જ લાગે! પણ આ ઘટના આપણે માટે ઘણી સાવધાનીથી રહેવાનું સૂચવી જાય છે. પોલીસ, સ્ટાફનાં માણસો અને ગામ તથા કાર્યકરો વ. સૌના અખંડ પુરુષાર્થથી મોટી આફતમાંથી પાર ઊતરી ગયાં.

વાઘરી, પઢાર, હરિજનો વ.નાં પણ ઘણાં ભાગ્ય જ ગણાય.

'સંતબાલ'

*પછાત વર્ગના મજૂરોની પઢાર સહકારી મંડળીમાં ચોરી થઈ હતી તેનો નિર્દેશ છે.

કલકત્તા–૨૦,

તા. ૨૯–૭–'૬૪

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

ચોરી થઈ અને ચોર સાથે મુદ્દામાલ મળી ગયો. આ આખોય પ્રસંગ એટલો રોમાંચક અને અદ્‌ભુત છે કે અહીં પણ જે સાંભળે છે, તેના ઉપર પ્રભાવ પડે છે. હું આ વખતના વિ. વા. માં એને લેવા માગું છું. છોટુભાઈએ બે-ત્રણ વાતો લખી છે છતાં વિશેષ હું પણ લખુ :

કાવાભાઈ, તેમના જમાઈ, દીકરો અને ચૂંથાજીભાઈ પગી વગેરેને તમે અને ગામે બચાવવા પ્રયત્ન કર્યો તે ધન્યવાદને પાત્ર. નહિ તો 'હળવું લોહી હવાલદારનું.' વાઘરી તો ચોર જ ગણાય. છતાં પોલીસને તમે જે જવાબો આપ્યા, મારથી બચાવ્યા તે સુંદર થયું. અહીં જ આપણા પ્રયોગની વિશેષતા છે.

હેમુભાઈ મુખીને તળપદા ભાઈઓ તરફ — જે કનુમુખીનો પુત્ર મર્યો, તે પ્રસંગથી — દુઃખ છે. છતાં 'પેલો ચોર કહે છે કોઈનું નામ આપું?' 'છતાં એ ચોર ન હોય તો નહિ' એવા જવાબ આપે છે, તે મારે મન હેમુભાઈની ખાનદાની બતાવે છે. તેમને પણ ધન્યવાદ.

પોલીસોને ઘણા ધન્યવાદ. તેઓ તમને જ અનુસરે છે, એ અદ્‌ભુત વાત છે અને છતાં બગોદરા લઈ જાય છે, એ બધી વાતો પોલીસ માટે સદ્‌ભાવ પ્રેરે છે.

ગામનાં માણુસો તો ખૂબ જ ધન્યવાદને પાત્ર છે. કારણુ કે દિવસરાત જોયા વિના કામ કર્યું.

આપણા દવાખાનાના સ્ટાફને ધન્યવાદ આપવા તે આપણી જાતને ધન્યવાદ આપવા બરાબર છે. પણુ છતાંયે ધન્યવાદ ડૉ.ને, અમૃતલાલભાઈને, માસ્તરને, બાવાજીને અને સૌને.

તમે 'માર ન મરાવો' એ તો સમજાય. પણુ પૈસા આપવા પઢાર આગેવાનો તૈયાર થયા, છતાં ના પાડી એ તમારી સિદ્ધાન્ત-નિષ્ઠા બતાવે છે. આપણા કાર્યકરો કેટલી ઝીણવટથી વિચારે છે, તેનો આ નમૂનો છે. મીરાંબહેનને પણુ આ ઘટનાથી ઘણો મોટો હર્ષ થાય છે.

માત્ર એક મોટો અફસોસ એ કે જે પઢાર કોમ માટે આ સોસાયટી થઈ, જે પઢાર માટે મારા દિલમાં અત્યંત અહોભાવ છે તે જ પઢાર ચોર નીકળ્યા. ભારે દુઃખ થાય છે. આનું પ્રાયશ્ચિત્ત એમને કહ્યા વિના હું જ કરી નાખું? ના. તમને અને પઢાર કોમને છોટુ-ભાઈએ લખ્યું જ છે એટલે હું ઉપવાસરૂપે પ્રાર્થના નહીં કરું પણુ મારા દુઃખને પ્રગટ કર્યા વિના કેમ રહી શકું? જે પછાત કોમને આપણે ધર્મમય સમાજરચનાનાં ત્રણ પૈકીનું જે એક પાત્ર ગણીએ છીએ તે જ કોમનાં માણુસ આમ કરે? ખેર.

રામજીભાઈને તો હું કુદરતી ચાહતો. વાતે બહુ ડાહ્યા. છોકરાને સંસ્કાર ન આપી શક્યા. હવે પઢાર કોમ એવું કરે કે આ છોકરો આ ઘટના નિમિત્તે સુધરી જાય. મને વિશ્વાસ છે કે આ અંગે પઢાર કોમનાં ભાઈબહેનો કમમાં કમ પ્રાર્થના કરશે જ.

**'સંતબાલ'**

વાત્સલ્યમયી બહેનશ્રી કાશીબહેન,

સસ્નેહ પ્રભુસ્મરણ. તમારી સેવાભાવના અને ગ્રામને સંસ્કાર અર્પવા માટે ધન્યવાદ.

મુનિ નેમિચંદ્ર

કલકત્તા–૧,

તા. ૧૧–૧૦–'૬૫

પ્રિય છોટુભાઈ તથા કાશીબહેન,

પશુબલિનિષેધક સમિતિએ 'વિસર્જન' નાટક શ્રી રવીન્દ્રનાથ ઠાકુરનું બંગાળી કલાકારો દ્વારા ભજવાવ્યું. સુંદર રીતે સફળ ભજવાયું. લોકો ખુશ થયા. અલબત્ત બંગાળી ન સમજનારાં ભાઈબહેનોને અભિનયચાતુર્યથી જ સંતોષ રાખવો પડચો. એ નિમિત્તે જે 'સૂવેનીર' છપાયું, તેમાં સભ્ય-ફી, પર્યુષણ વખતનો પ્રકીર્ણ ફાળો અને જાહેર ખબર તથા ફી વગેરે મળી ખર્ચ જતાં વીસેક હજાર બચ્યા ગણાય. એટલે હવે સમિતિ પોતાનું કામ સારી પેઠે ચાલુ રાખી શકશે. મારી ઇચ્છા તો થોડા પ્રાંતોમાંય કામચલાઉ ઑફિસ ચાલુ રહે તેવી છે. બાકી કામ આ વર્ષમાં અસાધારણ ગતિએ પહોંચી ગયું. ગઈ વૈશાખી બંગાળી વર્ષના આરંભે એક પણ પશુનો વધ ન થયાના ખબર પંડા તરફથી જ્યોતિબાબુને મળેલા. તે તેમણે અહીંની એક જાહેરસભામાં પોતાના વક્તવ્યમાં ખુશી વ્યક્ત કરતાં કહેલ એક માણસ બલિ માટે જતો જ હતો, પણ આપણી ચોપડી વાંચીને બલિ કાયમ માટે ત્યજ્યું અને એ બકરાને પણ અમરિયો કર્યો. આપણે ઇચ્છતા હતા કે આવા લોકોનું જાહેરમાં સન્માન કરવું અને એક મોટું સંમેલન રાખવું; પણ તેવામાં યુદ્ધના સંયોગો આવ્યા. છતાંય સૂવેનીરની વાત લીધી હતી, તે પાર પાડી દીધી.

શિવાભાઈ પટેલ તા. ૧૭–૧૦–૬૫ના પરિસંવાદ અન્નભાવ અંગે રાખી રહ્યા છે. આણંદમાં રાખેલ છે. એચ. એમ. પટેલનો સાથ છે, એટલે વાંધો નહિ આવે. શાસ્ત્રીજી ગઈ કાલે બોલ્યા. 'અન્નમેરચો

અત્યંત મહત્ત્વનો છે. પણ પરવડતા ભાવ ન અપાય તો ખેડૂતો કઈ રીતે વધુ પકવી શકે? સદ્ભાગ્યે ધ્યાન તો ગયું છે. અશોક મહેતા પણ આ પરિસંવાદમાં હાજર રહે તેવી ધારણા છે. પરીક્ષિતભાઈ, લાલાકાકા પછી એકાએક ગયા. કુરેશીભાઈએ તેમની ઝીણામાં ઝીણી ક્રિયા લખી છે. ખૂબ ગળગળા થઈને લખી છે. તેમની જોડી ભંગાઈ ગઈ, પણ આપણે મૃત્યુ સામે નિરુપાય છીએ. બળવંતરાય શહીદ થયા. બન્ને જણ કમાઈ ગયા, પણ પાકિસ્તાનની તો જંગલિયતનાં જ દર્શન થયાં.

ગાડી જેમ સગવડ આપે છે, તેમ દુઃખો પણ આપે જ છે. ઘોડા પર કષ્ટ વેઠીને જે સેવા અપાય, તેના કરતાં આ મોટરમાં બેસીને કરેલું સેવાનું મૂલ્ય ઓછું જ રહેવાનું; પણ મૂળ તો કાશીબહેને જ વિચારવાનું. કારણ કે તેમની સેવા એટલી અમૂલ્ય છે કે તેઓને જેમ અનુકૂળ લાગે તે યોગ્ય જ હોય, એમાં શંકાનું કારણ નથી. તમો સૌ જે વિચારશો તે યોગ્ય જ હોય. આ તો મને લાગ્યું તે લખ્યું. જોકે હવે તો લઈ લીધી જ છે, એટલે સવાલ રહેતો જ નથી. મેં અગાઉ પણ આ મતલબનું લખ્યું હશે, પણ છેવટનું કાશી-બહેન અને સભ્યો ઉપર જ છોડયું હશે. એટલે હવે જે થયું તે સારું થયું માનજો. દાદા ધર્માધિકારીનું 'ભૂમિપુત્ર'નું લખાણ જોયું. તે પર અગ્રલેખ લખ્યા વિના ન રહી શકાયું. 'ભારત માટેના શાપ'વાળો અગ્રલેખ તમોને ગમ્યો તે જાણી સંતોષ. પેલાં કૃત્રિમ સાધનો દ્વારા સંતતિનિરોધનો પ્રચાર કરનાર યુવતીબહેનને તમોએ હાર્દિક રીતે સાચી વાત સંભળાવી, તે ઘણું સારું થયું. છેવટે નાનાં જ સમજશે ત્યારે જ મોટાં સમજવાનાં છે. રાજ્ય કરતાં પ્રજા મોટી છે. પ્રજા કરતાં પ્રજાસેવકો મોટા છે, તે વહેલામોડાં સમજ્યા વિના છૂટકો નથી...

'સંતબાલ'

ચિંચણી,

તા. ૨૧-૯-'૭૦

પ્રિય છોટુભાઈ તથા વહાલાં ઉ.હ. કાશીબહેન,

અંબુભાઈ તરફથી તાર અને પત્ર વિગતવાર આવતાં છાપાંની વાતો કરતાં ઘણું વધુ જાણવાનું મળ્યું. જાનમાલની, માનવ, પશુ અને જમીનની રીતે પારાવાર હાનિ થઈ. સમયસર આપણા કાર્યકરો ચેત્યા અને કાર્ય શરૂ પણ કરી દીધું. એટલું જ નહિ ચોમેર તારો પણ લાંબા કરીને આખી માહિતી આપી તેથી સમયસર સારી પેઠે રાહતો મળી ગઈ. આજે પૂનાથી ખંઢેરિયાનો પત્ર છે. તેમણે જબ્બર પુરુષાર્થ દ. આફ્રિકા વ. સ્થળે તારો કરીને આદર્યો છે. પહેલાં તો નાણાંની માગણીમાં તેમને સંકોચ થતો હતો, પણ સંકોચ છોડી ૪૦-૫૦નો ખર્ચ કરી શુક્રવાર તા. ૧૮-૯-૭૦ એ બધું એરમેલ દ્વારા રવાના કર્યાનો પત્ર છે. કેટલી તાલાવેલી !

મેં હજુ અપીલ કરી નથી, પણ હું ઇચ્છું છું કે શ્રી મહારાજ અપીલ કરે. સરકાર સડક, ખેડૂતોની ખેતી અને મકાનોનું કામ ઝડપી લે. સામાજિક સંસ્થાઓ રાહત, મકાનોનું કામ અને દિલાસાનું કામ ઝડપી લે. સંકીર્ણ રાજકારણ આવ્યા વિના તો સુંદર કામ થાય ! ખેર, આપણે ભા. ન. ઉપરાંત ઝાલાવાડ જિલ્લો લઈ લઈએ તો ઠીક. અહીંથી ગિરધરભાઈ વ. ત્યાં થઈને જાય તેમ જણાવ્યું તો છે. અમૃતલાલભાઈનો પત્ર છે. પાંચ પાંચ હજાર ત્રણેય માતૃસમાજોના અને બીજા મેળવી મોકલવા વિચાર્યા જણાય છે. આભફાટ્યા જેવું થયું અથવા નાનો પ્રલય જાણે! પણ સૌની મહેનતથી લોકો બેઠા થશે.

'સંતબાલ'

## ૪૨

૧૯૭૦

પ્રિય શિશુરાજ તથા પ્રિય ઉ.હ. કાશીબહેન,

તમો પિતાપુત્રી શાંતિથી રહેજો અને શિયાળામાં જ ખૂંપજો.

બહેન કાશીએ કે તમોએ આ વખતે વડોદરા જવાની વાત ન કરી, એ અંગે મને વિચારો ઘણા આવ્યા. આટલો સંકોચ શાથી, એ કંઈ સમજાયું નહિ. ચાલો, એનું કંઈ ન રાખજો. વધુ ને વધુ ઉદાર અને આત્મલક્ષી રહેવાય, એવું તમોને બળ મળો! જે કાર્યકરમાં ઊણપ હોય, તે આપણે પૂરવાની છે, એ ખ્યાલમાં રહો! આપણાં કાર્યકર ભાઈબહેનોનાં જૂથ ન રચાય, એની પણ કાળજી ખૂબ જ રાખ્યા કરજો. તમો વધુ ચોંટયાં છો, માટે આટલું કહેવામાં સંકોચ હવે નથી રાખતો. પણ હજુ મૂળ દૃષ્ટિ જ કેટલીકવાર ભુલાઈ જતી હોય એવું બનતું મને લાગે છે. પણ હું જરાય નિરાશ નથી થતો. તમારી શ્રદ્ધા તમોને સત્યને પંથે વધુ ને વધુ લઈ જશે, એવી ખાતરી રાખું ને?

'સંતબાલ'

## ૪૩

તા. ૧૬-૮-'૭૧

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમો આ પત્ર મળે તે પહેલાં શાંતિથી પહોંચી ગયાં હશો. તાજો તમારો અને પ્રિય છોટુભાઈનો પત્ર વિગતવાર મળ્યો હતો.

મારા ઉપવાસોની ચિંતા ન કરશો. અહીં બેઠાં બેઠાં બધાંઓની સાંકળ સાંધવી હોય તો તેટલી જ વધુ તપસ્યા અનિવાર્ય બની રહે છે. તમો ત્યાં ગયાં, તેટલા પૂરતો સંતોષ થાય છે.

તમો ત્યાં ગયા પછી ત્યાંનો આખો હેવાલ જે બેચાર કૅમ્પો છે, તે વિશે લખીને મને મોકલજો. સદ્ભાગ્યે ગુજરાતનાં ઘણાં ભાઈબહેનો ત્યાં આવ્યાં છે. ગૂજરાત વિદ્યાપીઠના તથા વેડછી સંસ્થાના પણ વિદ્યાર્થીઓ ત્યાં પહોંચ્યા છે. સફાઈનો કામની ત્યાં ખૂબ જ જરૂર છે. કારણ કે આટલો મોટો સમુદાય ભેળો થયો હોવાથી ખાવું પીવું શું! ક્યાં બળખા ફેંકવા? ક્યાં પેશાબ કરવો? ક્યાં સંડાસ જવું? — આ બધું જ જો વ્યવસ્થિત થઈ શકે તો ખૂબ જ સારું વાતાવરણ નિર્માણ થાય. બીજી બાબત છે નીતિની અને ધર્મની; ઉપરાંત લોકશાહીની રક્ષાની. અરસપરસ એકરૂપ થઈને આ બધા નિર્વાસિતો રહે. તેમાં હિંદુ-મુસ્લિમ, હરિજન–સવર્ણ જેવા ભેદભાવ ન હોય અને તેઓને આજે જે કષ્ટ અને અત્યાચારો સહેવાં પડયાં છે, તેમાં શાતા ઊપજે, તેવું દિલાસાનું સાધન પણ જરૂરી છે. આખરે તો પૂર્વ બંગાળમાંથી ઊઠેલો પ્રજાનાદ જગતમાં વિજયી બને તે જરૂરી છે. કારણ કે તેમ થાય તો જ ગાંધીજીની અને તેના અનુસંધાનમાં લીધેલી અહિંસક સમાજરચનાની (ધર્મમય સમાજરચનાની) વાત આગળ વધી શકે.

તમારો અને છોટુભાઈનો વિગતવાર પત્ર મળ્યો. હું ઉપવાસો ન કરું, એ જાતનો તમારો બંનેનો સૂર છે. અહીં તો તમારાં વહાલાં મોટાં બહેન બેઠાં છે જ. એમ ને એમ કાંઈ ઉપવાસ થતા નથી હોતા, પણ ચોમેર આગ લાગે ત્યારે સત્યરૂપી પરમેશ્વરના અનુસંધાન માટે એ સિવાય શાંતિ પણ ભાગ્યે જ થઈ શકતી હોય છે. પરંતુ તમો એ બાબતની કશી ફિકર ન કરશો. જુઓને હમણાં મુજિબુર રહેમાન પર 'ખટલા'નું નાટક ચાલી રહ્યું છે. એ માનવીનો દોષ તો એટલો જ ને, કે મને લોકોની જંગી બહુમતી મળી ગઈ.

પાકિસ્તાનના રક્ષણને નામે જો એવા લોકપ્રિય માનવી પર યાહ્યાખાનની ગોળી ચાલી તો જગતમાં ફરી પાછી લોકશાહીની કરુણ હાલત થવાની. લોકશાહીનું ગળું આ રીતે છડેચોક દશામાં રૂંધવામાં આવે તો અહિંસા આગળ શી રીતે વધી શકે? એટલે દુનિયામાં અહિંસાના વિકાસ અને વિજય માટે ત્યાગ, તપ અને દુનિયાનાં એવાં સારાં સારાં પરિબળોનું સંધાન કરવું જ રહ્યું.

આમ તો ત્યાંના સમાચારો છાપાંઓ મારફત જાણવા મળે જ છે. તમો ત્યાં પ્રત્યક્ષ ગયાં છો, એટલે વધુ વિગતે બધું જાણવા મળશે.

'સંતબાલ'

૪૪

ચિંચણી,

તા. ૭–૯–'૭૧

પ્રિય આત્મબંધુ છોટુભાઈ,

શિયાળથી તા. ૩–૯–૭૧નું તમારું અંતર્દેશીય મળ્યું. વિગતો જાણી આનંદ થયો.

અત્યારના સંજોગો જોતાં યાહ્યાખાન નમતું તોળશે અને હવે પૂર્વ બંગાળનો પ્રશ્ન પતે તેવા સંજોગ દેખાય છે. એક લાખ ભારત આપે અને બીજા છ લાખ દુનિયાનાં રાષ્ટ્રો આપે અને એમાં પ્રથમ નામ સંત વિનોબાનું લખાય, એ વિચાર જાહેર પેપરમાં આવી ગયો; તેનું પણ મૂલ્ય અનેક ગણું છે.

મારી બાબતમાં તમારા મતને મળતો જનકમુનિનો પત્ર આવ્યો છે, જેનો ઉપલો જવાબ મેં લખ્યો છે. આપણા ભા. ન. પ્રા. સંઘના પ્રમુખ શ્રી કુરેશીભાઈને મારા ત્યાં જવાની વાત ગળે ઊતરતી નહોતી અને તેમની વાતમાં બહેન મદાલસાબહેનને પણ સંમત તેમણે કર્યાનું પત્રમાં જણાવ્યું હતું. શારદાબહેન અને કાશીબહેનનો સંયુક્ત પત્ર પર્યુષણ નિમિત્તનો આવેલો, તેમાં નિર્વાસિત કૅમ્પોમાં ફરી આવ્યાં, તે વાત હતી. હવે કામની વિગત કાશીબહેન લખશે.

'સંતબાલ'

૪૫

ચિંચણી,

તા. ૧૮-૯-'૭૧

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારું સુંદર અને વિગતવાર અંતર્દેશીય કવર મળ્યું. તે વારંવાર વાંચવાનું મન થાય તેવું અને હૃદય ભીંજવી જાય તેવું છે. તમોએ શિયાળ છોડયા પછી ટૂંકમાં પણ અત્યાર સુધીનું સાંગોપાંગ વર્ણન કર્યું છે. . . .

પોતાની વહાલુડી નાની બહેન પશ્ચિમ બંગાળમાં પૂર્વ બંગાળમાંથી આવેલાં દુઃખી નિર્વાસિતોની સેવામાં ભા. ન. પ્રા. સંઘની પ્રતિનિધિરૂપે ગુજરાત રાહત સમિતિ તરફની ડૉકટર ટુકડી સાથે પહોંચી ગઈ છે, એ વાતથી તમારાં વહાલાં મોટાં બહેન મીરાંબહેનને ખૂબ ગૌરવ થાય તે સ્વાભાવિક છે.

તમે જાણો છો કે આ જાણીને મને કેટલો બધો હર્ષ થાય! કારણ કે અહીં બેઠાં ચિંતન તો મોટે ભાગે પૂર્વ બંગાળાનું કર્યા કરતો હોઉં છું.

મેં ગઈ કાલે રાત્રિપ્રવચનમાં અને બીજા અર્થમાં પ્રભાત-પ્રવચનમાં પણ આ જ વાતો કરી હતી. જે ત્રણચાર કરુણ દશ્યો તમોએ તમારા પત્રમાં દર્શાવ્યાં છે તેથી છાપાંઓમાં અને રેડિયો મારફત આવતા સમાચારો પણ બરોબર — અતિશયોક્તિવાળા જરા પણ નથી. કદાચ અલ્પોક્તિવાળા જ સિદ્ધ થાય છે. અલબત્ત, અંતે સત્ય જ જીતશે. પણ કેટલું બધું અંધારું આજે છવાઈ ગયું છે! જોકે હવે સંયુક્ત રાષ્ટ્ર સંઘના મંત્રી જરૂર કાંઈક તો જાગ્યા છે, અને છાપાંઓએ દુનિયાભરની માનવજાતના અંતરાત્માને એકસરખો જગાડી દીધો હોય તેમ જણાય છે. ખેર. હવે થોડું તમને જ પુછાવી લઈએ. તમો તો મદાલસાબહેન વગેરેની સાથે ચર્ચાવિચારણા કરીને લખી શકશો :

૧. ત્યાં કઈ કઈ પ્રવૃત્તિઓમાં અહીંનાં સેવક-સેવિકાઓની જરૂર છે?

૨. ક્યારે સૂવાનું અને ક્યારે ઊઠવાનું ત્યાંની વ્યવસ્થામાં હોય છે?

૩. સવારના અને સાંજના કઈ જાતના ભોજનનો ત્યાં ક્રમ હોય છે?

૪. રાત્રિભોજનનો ત્યાગ હોય, તેમને વાંધો તો નહિ આવે ને?

૫. ત્યાં સેવક-સેવિકાઓને રહેવા કરવા માટે શાં શાં સાધનો હોય છે?

૬. અહીંથી કયાં સાધનો લાવવાં રહેશે?

બાલપ્રવૃત્તિઓ અને ધાર્મિક વાતાવરણ અને હિંદી ભાષામાં ધર્મમય આશ્વાસન વચનો વગેરે મારા નમ્ર મતે ખૂબ જ ઉપયોગી થઈ પડશે, ખરું ને? કારણ કે સામુદાયિક કર્મોનાં દુ:ખદ ફળો આજે આખી માનવજાત કોઈ ને કોઈ પ્રકારે ભોગવી રહ્યું છે, ત્યારે એ દુ:ખદ ફળોમાં પણ પ્રસન્નચિત્ત રાખી આત્મમસ્તીમાં રહેવું એ અત્યંત જરૂરી છે. અને તેમાં તો ધાર્મિકવૃત્તિવાળાં સેવક-સેવિકાઓ જ ખૂબ ઉપયોગી સિદ્ધ થશે. વિજય તો અંતે પૂર્વ બંગાળના પ્રજાનાદનો જ થશે, એમ સ્પષ્ટ જણાય છે. પરંતુ આજે પૂર્વ બંગાળની પ્રજાને ન છૂટકે પણ સશસ્ત્ર સામનો ચૂપચાપ કરવો પડે છે. ત્યાં અહિંસાવિકાસનો જનતા, જનસેવકો અને સંતોનો સંયુક્ત વ્યાપક ધર્મભાવનાનો કાર્યક્રમ મળે, એ અત્યંત જરૂરી છે.

તમોને તાલિયારખાન દ્વારા જુદાજુદા નિર્વાસિત કેમ્પો અને ઠેઠ સીમા લગી જોવાનું મળ્યું તે ઠીક થયું. અનેક સંસ્થાઓ વિવિધ પ્રકારે ત્યાં નોંધપાત્ર સેવાઓ આપે છે અને તેમાં પણ ગુજરાત વિશેષ ચમકે છે, તે જાણી આનંદ થાય છે. પશ્ચિમ પાકિસ્તાની સૈનિકોના જુલ્મ વગેરે જાણી ખૂબ જ દુ:ખ થાય છે. તેની સામે પૂર્વપાકિસ્તાન અડીખમ ઊભું રહી શક્યું છે, તે સાશ્ચર્ય પ્રભુકૃપાનો પ્રભાવ જણાયા વિના રહેતો નથી. ઑક્સફેમ સંસ્થાની વિગત પણ આનંદ આપે છે. સફાઈ વગેરે કાર્યક્રમોમાં વેડછીના ભાઈઓ નમૂનેદાર જ ગણાય. તમો તબિયત જાળવી રહેજો. વિગતો અવકાશે લખ્યા કરજો.

'સંતબાલ'

ચિંચણી,

તા. ૧૨–૧૦–'૭૧

વહાલાં ઉન્નતહૃદયા બહેન કાશીબહેન,

ત્યાંના તમારા પત્રો ત્યાંની, પૂર્વ બંગાળામાંથી અહીં ભારતનો આશ્રય પામી નાસી આવેલી પ્રજાની વ્યથાના ચોંકાવનારા હેવાલો આપી જાય છે.

સર્વધર્મનું જે માધ્યમ લઈ આપણે પૂર્વ બંગાળાના પ્રશ્ન પર દુનિયાને એક કરવા માગીએ છીએ તે ભૂમિકા અનાયાસે ઊભી થઈ જાય છે. હમણાં બંગલા દેશના પ્રશ્ન પર નામદાર પોપે પણ ઉપવાસ ગયા રવિવારે કરેલો. બસો ઉપરાંત પાદરીઓએ પણ ઉપવાસ કરેલા. અમુક રૂપિયા બંગલા દેશના નિર્વાસિતોને માટે રાહતના પણ તેમણે આપ્યા. આમ તો રાજકીય સ્તર પર ભારતનાં વડાંપ્રધાન ઇન્દિરાબહેન બંગલાદેશના પ્રજાનાદને સારી રીતે ટેકો આપી જ રહ્યાં છે અને એને પરિણામે હવે સંયુક્ત રાષ્ટ્રસંઘનાં મૂંગાં રહેલાં તે રાષ્ટ્રો પણ બોલતાં થયાં છે, મદદ કરતાં થયાં જ છે. ઉપરાંત પ્રજાકીય સ્તરે પણ દિલ્હીમાં શ્રી જયપ્રકાશ નારાયણના પ્રમુખપદે ઘણા દેશના પ્રતિનિધિઓ સારી પેઠે અવાજ ઉઠાવી ગયા છે.

મારી ઇચ્છા પ્રજાસેવકો અને સંતોના સ્તરે અહિંસા–વિકાસની દિશા વિકસે, તે જાતની હતી. આ અંગે પણ મુંબઈમાં એક સર્વધર્મ સંમેલન સારી પેઠે મળી ગયું. જોકે એમાં પ્રાર્થના, સૂત્રોચ્ચાર, ઉપવાસ આદિ કાર્યક્રમો નથી અમલી બન્યા. પરંતુ મંગળાબહેન દેસાઈ દ્વારા તે સંમેલનના કાર્યકરોનો સંપર્ક ઠીક સધાયેલો. આમ તો સંત

વિનોબાજીએ સાત લાખની શાંતિસેના અને તેમાં એક લાખ શાંતિસૈનિકો ભારત આપે, તેવા વાણીરૂપે તો ઉદ્ગાર કાઢ્યા જ છે અને એ દિશામાં નાની પહેલ ઓમેગા નામની એક નાની એવી આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પણ કરી જ છે, જેના કેટલાક કાર્યકરોને પાકિસ્તાને જેલમાં ગોંધ્યાની માહિતી છેલ્લી મળી હતી. સંત વિનોબાએ એક લાખ ભારતીય શાંતિ સૈનિકો અંગે બોલતાં પોતાનું નામ પહેલું જાહેર કરી દીધું છે. વૃદ્ધ ઉંમર અને સૂક્ષ્મ પ્રવેશ પછીની એમની પૂર્વ બંગાળ માટેની આ વાત આપણે જે અહિંસા વિકાસની દિશામાં ઇચ્છીએ છીએ તે જાતની સારી એવી પહેલ ગણાય, અને તેથી તા. ૫–૮–૭૧ તથા તા. ૬–૮–૭૧ના અહીંના લગભગ સવા બે માસ ઉપરના કાર્યક્રમો વખતે પૂર્વબંગાળના પ્રશ્ન અંગે મારા મનનું જે ઘમસાણ હતું, તે હવે લગભગ શાંત પડી ગયું છે, તેમ કહી શકાય.

આપણે ઇચ્છીશું કે હવે મુજિબુર રહેમાનની તત્કાળ મુક્તિ થઈ જાય અને પૂર્વબંગાળ સાથે પાકિસ્તાની પ્રમુખ યાહ્યાખાન જલદી સમાધાન કરી નાખે ! અને આ લગભગ કરોડની સંખ્યામાં આવેલા નિરાશ્રિતો બાપડાં તદ્દન નિશ્ચિંતપણે ફરી પાછાં પોતાનાં વતનમાં ઠરીઠામ થઈને બેસી જાય. જોકે ત્યાં જમીનોનું, મકાનોનું, લાખો માનવોનું નિકંદન અને ખેદાનમેદાન થયેલું હોઈ તદ્દન ઠરીઠામ બેસતાં તો હજુ ઘણો વખત જ લાગવાનો.

ખેર, તમો એટલે દૂર ગયાં હોઈ તમોને અહીં વારંવાર યાદ કરવામાં આવે છે અને એ યાદીની અસર તો તમોને ત્યાં પણ થતી જ હશે. પૂર્વબંગાળ પ્રશ્નમાં અત્યંત સક્રિય તો ભા. ન. પ્રા. સંઘના પ્રતિનિધિ તરીકે, સંઘનાં ઉપપ્રમુખ તરીકે અત્યારે તમો જ એકલાં પ્રતીકરૂપે ત્યાં છો. તેથી સૌને ગૌરવ થાય છે. તમો કાર્યની ધમાલમાં બધાંને પત્ર ન લખી શકો તે દેખીતું જ છે. તમારી તબિયત તમો જાળવજો.

ત્યાં સ્થાનિક અને શરણાર્થીઓ મળીને ભેળાં ફાળો ઉઘરાવે છે તે જાણ્યું. પ. બંગાળમાં દુર્ગા-ઉત્સવનો અપાર મહિમા છે જ. આ

ઉત્સવમાં પોતાનું દુઃખ શરણાર્થીઓ ભૂલે છે, તે સાચું છે. એકમેક માટે આમંત્રણ પત્રિકાઓ કાઢે છે, તે જાણી આનંદ. ચારે બાજુ હર્યાંભર્યાં ડાંગરનાં ખેતરો જોઈ આનંદ થાય છે. કેળ, આંબા તથા તળાવ અને એ જ છે બંગાળની સમૃદ્ધિ. તમોને પાકિસ્તાનના ધડાકાભડાકાનો પણ અનુભવ થાય છે, તે જાણ્યું. કુદરત ભારતની તો ચોમેરથી કસોટી-કસોટી જ કરી રહી છે. પરંતુ સાથોસાથ ઋષિમુનિઓ અને સંતોના (ગાંધી મહાત્મા તથા તેમના વારસદાર પં. જવાહરના) આ દેશ ઉપર ભગવાનની દયા પણ તેવી જ છે, તેથી તો ભારત અનેક અગ્નિપરીક્ષામાં હેમખેમ પાર પણ ઊતરે છે અને અનેક દેશોનો માર્ગદર્શક-ગુરુ બની રહે છે.

'સંતબાલ'

૪૭

ચિંચણી,

તા. ૪–૧૧–'૭૧

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

આ સાથે સદ્ગત ગોપબંધુ ચૌધરી (ઓરિસાના ગાંધી)નાં ધર્મપત્ની તથા આપણા નારાયણ દેસાઈનાં કાકાઈ સાસુ રમાબહેન ચૌધરી તથા તેમનાં (મીરાંબહેનનાં ભજન, હસાવટ અને વાત્સલ્ય-ભક્તિની અવેજી પૂરતાં એવાં) સુપુત્રી વૈદેહીબહેન પરનો પત્ર હિંદીમાં બીડ્યો છે અને પોસ્ટમાં બીજી થોડી અહીંનો હેવાલ દર્શાવતી પત્રિકા-પુસ્તિકાઓ વગેરે પણ મોકલ્યું છે. ઉપરાંત ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના મંત્રી શ્રી અંબુભાઈને પણ મેં લખ્યું છે, એટલે એને (આપણા ભાલનળકાંઠા પ્રયોગને) લગતું સાહિત્ય પણ તેઓ

મોકલશે અને ત્યાંની રાહત આપતી સંસ્થાને કોઈ સહકારી પ્રવૃત્તિ અથવા સઘન ક્ષેત્રની નફો કરતી સંસ્થાઓ દ્વારા જો એક બે હજારની મદદ આ રાહતસંસ્થા (ઓરિસા પાર્ટી)ને મોકલી શકાતી હોય, તો તે જાતની તમારી ઇચ્છા પણ જણાવી દીધી છે. . . .

મણિબહેને* તા. ૧૨–૧૦–'૭૧ના રોજ 'પુષ્પા જાઉં છું, અશોક જાઉં છું' એમ સભાનપૂર્વક બોલીને ચિરવિદાય લઈ લીધી. તેઓએ આખી જિંદગી સુખદુઃખની સમાનતાપૂર્વક પ્રસન્નતા સાથે વિતાવી અને છેલ્લી ચિરવિદાય પણ એવી જ રીતે લીધી. એક જણનાં ચાર આંબેલ બાકી હતાં તે મણિબહેને પોતાના હવાલામાં લીધાં અને તે ચાર પૂરાં કરી ઠામ ચોવિહાર કરીને ઉપાશ્રયથી ત્રણ વાગ્યે ઘેર આવ્યાં — દિવાળીની સાફસૂફીમાં પુષ્પાને મદદ કરવા. પુષ્પાએ કહ્યું: 'બા તમે બેસો.' સોફા પર બેઠાં અને લગભગ ચાર વાગ્યે ઉપલા ઉદ્‌ગારો ચિરવિદાયના કાઢીને લાંબાં થઈને સૂઈ ગયાં. હેમરેજ થઈ ગયું અને ઇસ્પિતાલ લઈ જતાં રસ્તામાં જ દવાખાને પહોંચતાં પહેલાં સૂરજ આથમવાની સાથે પોતે પણ વિદાય લઈ લીધી અને આથમી ગયાં. મીરાંબહેન તો ભૂલતાં જ નથી અને તેવું જ લગભગ પ્રભાનું.

મણિબહેનનું એકાએક મૃત્યુ આમ સૌને ખૂબ જ યાદગાર રહી ગયું. પરંતુ કાળ આગળ કોઈ ઉપાય નથી. તેમનો આત્મા જ્યાં હોય, ત્યાં શાંતિ પામે અને આપણને સૌને દિલાસોજી મળે એ જ પ્રભુપ્રાર્થના.

તમોએ ત્યાંની સેવાથી આપણા ભાલનળકાંઠા પ્રયોગને પણ શોભાવ્યો અને ભાલનળકાંઠા પ્રા. સંઘ તથા આપણી પ્રવૃત્તિઓને પણ દિપાવી અને પ્રચારી એ ઘણું જ યોગ્ય થયું.

મદાલસાબહેને શારદાબહેન પાસે આગ્રહપૂર્વક લખાવ્યું છે કે "મારી હવે પૂર્વ બંગાળ પ્રશ્ન માટે છાવણીઓમાં વગેરે સ્થળે ખાસ જરૂર છે અને આપણા કાર્યકરોએ પણ ત્યાં જરૂર પડયે સજ્જ રહેવાની જરૂર

*સંતબાલજીના સંસારપક્ષે બહેન.

છે. ઉપરાંત મુંબઈનું વાતાવરણ પણ — આપણા વર્તુળનું — સજાગ રખાવવાની અને લાંબો સમય સુધી રહેવાની" જરૂર છે. પહેલાં તો કુરેશીભાઈની વાતો પછી પૂ. મહારાજશ્રીએ અહીં રહીને જે કરે છે, તે જ કરવું જોઈએ એ વિચાર પસંદ કરેલો. હવે આમ લખે છે. ઉપરાંત આપણા કલકત્તા પશુબલિનિષેધક સમિતિના ખજાનચી અમુલખભાઈ સાથે પણ આમ ખાસ સંદેશો મોકલેલો. મેં મારી પહેલાં કરતાં બદલેલી મનઃસ્થિતિ અને હવે પૂર્વ બંગાળ પ્રશ્ન પર અહિંસા-વિકાસની દિશામાં ચોમેરથી કામ ઠીક ઊપડયું હોઈ મનઃસમાધાન છે તે આખી વાત લખી છે અને એક વાર જરૂર પડચે અવકાશે મારી રૂબરૂ આવી વાતો કરી જવાની ભલામણ કરી છે. કુરેશીભાઈને પણ રૂબરૂ મળી આ બધી વાતો કરવાનું મદાલસાબહેનને મારે લખ્યું છે અને હવે તેમણે અન્ન છોડયું છે, તે શરૂ કરાય તો વાંધો નથી, એમ મારો મત પણ જણાવ્યો છે. બાકી તમો અહીંથી ગયાં ત્યારે તમારી સાથેની વાતમાં મેં એ પ્રશ્ન અંગેની મારી મન-ઘમસાણની વાત તમો બાપ-દીકરીને કરેલી. પહેલાં તમારો મત ઝડપી વાહનનો અપવાદ લઈને પણ ત્યાં જવું ઘટે, તે જાતનો હતો પણ પછી કુરેશીભાઈનો મત તે ન હોઈ, તમો બધાં મારા અહીં રહેવાના વિચારમાં એકમત થયેલાં. મારા મનમાં તો આ પ્રશ્ન અંગે દુનિયા લગભગ ચૂપ હોઈ લાંબા ઉપવાસો કે આમરણાંત ઉપવાસોના વિચારો તે દિવસોમાં ઠીક ઠીક આવી જતા હતા. પરંતુ એ હવે શમ્યા અને પગપાળા વિહારનો જિંદગીભરનો આપણો આગ્રહ પણ ટકયો. બંનેના તાળા મળી ગયા. હવે મદાલસાબહેનને આખી વાત સમજાવી, કુરેશીભાઈએ તેમનું મનઃસમાધાન ઝટ કરાવી દેવું રહ્યું. પ્રબોધભાઈ[1] તથા તે લખનારાં તથા ત્યાંનાં સૌને — ગૂ. વિદ્યાપીઠ, વેડછી-ગાંધી વિદ્યાપીઠ વ. તથા કાર્યકરોને એ સૌને — ખૂબ જ આ મહત્ત્વની ગૂજરાત વતીની સેવા બદલ ધન્યવાદ કહેજો. પ્રબોધભાઈએ લખ્યું આનંદ વ્યક્ત કરજો.

'સંતબાલ'

---

૧ બારાના કાર્યકર.

## ૪૮

ચિંચણી,

તા. ૫-૧૧-'૭૧

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

ગઈ કાલે એક અગત્યની વાત લખવી રહી ગયેલી. તે એ કે પ્રભાનું ખાસ સૂચન છે કે કાશીબહેન મુંબઈ થઈને જ જાય અને ત્યાં તેમનું ગૌરવ થવું જોઈએ. કદાચ પ્રભાએ પોતાને હાથે તમોને જે લખ્યું છે, તેમાં આ વાત હોય પણ ખરી. આમ તો ગૌરવની સંસ્થાગત આપણા ભા. ન. પ્રા. સંઘને કે વ્યક્તિગત તમને શી પડી છે? પરંતુ એ નિમિત્તે તમો ત્રણેય માતૃસમાજોમાં અને બીજે જ્યાં જાઓ ત્યાં નિરાશ્રિતોની વાતો જાત-અનુભવથી તમોને જે મળી છે તે કહી શકો અને બીજાંઓને ભવિષ્યે આવી સેવા એ કેટલી પાયાની સેવા છે તે બરાબર ગળે ઉતરાવી શકો! વિચારજો. ગઈ કાલે તમારા પત્ર સાથે રમાબહેન ચૌધરી અને તેમનાં સુપુત્રીનો પત્ર મોકલવો રહી ગયેલો તે નિમિત્તે આ પત્ર લખ્યો છે.

'સંતબાલ'

## ૪૯

૮-૧૨-૧૯૭૧

બહેન કાશીબહેન,

તમારા પત્રો નોંધપોથી જેવા છે, તે પરથી ત્યાં તમો જે મહત્ત્વની સેવા આપો છો, તે ભા. ન. પ્રા. સંઘને માટે પણ ગૌરવ-

રૂપ જ છે. કેટલી બધી મુસીબતો અને જાનના જોખમો વચ્ચે તમોને રમાબહેન ચૌધરી અને વૈદેહીબહેન જેવાંનું મીઠું વાત્સલ્ય મળે છે, તે પણ અદ્ભુત યોગ જ છે. આપણે અહીં અહિંસા વિકાસનો કાર્યક્રમ વિચાર્યો એ અંગે આમ જોઈએ તો ખાસ કંઈ થયું નહિ તેમ લાગે પરંતુ આપણે જે કંઈ કર્યું તે કુદરતી રીતે હૃદયથી કર્યું તેથી અવ્યક્ત જગતમાં પણ એના સુંદર પડઘા પડ્યા.

૧. સંત વિનોબાજીને સૂક્ષ્મ પ્રવેશ પછી પણ પૂર્વ બંગાલ અંગે અદ્ભુત નિવેદન સમયસર (જોકે સૌથી પહેલો ઠરાવ ૨૮, ૨૯, ૩૦ માર્ચમાં આપણો જ થયેલો. પણ આપણો ઠરાવ તો નજીકના હોઈ સહજ ગણાય. વિશેષતા તો બહારના જગતમાં પડેલા પડઘાની છે, તે દૃષ્ટિએ) બહાર પાડવાનું થયું. તેની અસર તળે નાસિક સંમેલન સર્વોદયી કાર્યકરોનું મળ્યું અને આપણી વધુમાં વધુ નજીક બધી રીતે તે આંદોલનનાં ભાઈબહેનો આવી જવા લાગ્યાં.

૨. માનવમુનિ (જનકમુનિ નિમિત્તે ભલે પણ એ જ સંદર્ભમાં અહીં આવ્યા, ગૂંદીમાં પણ જઈ આવ્યા. ફરીથી મદાલસાબહેન નિમિત્તે અહીં આવ્યા. મદાલસાબહેન પણ નહોતાં આવવાનાં છતાં તે નિમિત્તે આવ્યાં અને આ વાત માત્ર રાજ્ય કક્ષાની ન રહેતાં જનતા જનસેવકો અને સંતસંકલનની સાથે જોડાઈ ગઈ.

૩. શ્રી જયપ્રકાશજી વગેરે વિશ્વપ્રવાસ કરી આવ્યા. અને છેવટે દિલ્હીમાં પૂર્વ બંગાલ પ્રશ્ન અંગે દુનિયાના શાંતિ ચાહકોની પરિષદ પણ મળી ગઈ.

૪. સર્વધર્મ પરિષદ પણ મળી અને તાજેતરમાં વેદાંત પરિષદ પણ આ પ્રશ્ન અંગે મળી ગઈ.

૫. વિદેશની ઑપરેશન ઑમેગા સંસ્થાના સભ્યોએ સેવા પણ આપી અને બલિદાનનો અહિંસક માર્ગ પણ ઉઘાડ્યો.

૬. જનતા કક્ષાએ શ્રમજીવી મજૂરોનાં સંગઠનોએ ઠરાવો (પૂર્વ બંગાલ પ્રશ્ને) પણ કર્યા.

૭. સંત વિનોબાની મુલાકાતમાં સાત લાખની શાન્તિસેનાવાળી વાત ગુંજતી થઈ અને તેમાં સૂક્ષ્મ પ્રવેશ પછી પણ પહેલું નામ સંત વિનોબા આપવા તત્પર થયા.

૮. બાકી રહેતા જૈનમુનિઓમાં પણ પૂર્વ બંગાલ પ્રશ્ન પર પૂ. કવિ મહારાજે આગ્રાથી એક સુંદર લેખ લખ્યો.

૯. આપણે તો પ્રથમથી ઉપવાસ, સૂત્રોચ્ચાર અને પ્રાર્થનાનો કાર્યક્રમ મૂકેલો. પણ નામદાર પોપે જાતે પણ ઉપવાસ કર્યો અને તેમના બીજા, નીચેના ધર્મગુરુઓએ પણ ઉપવાસ કર્યો અને તે જ રીતે આખાયે ખ્રિસ્તી જગતમાં ઉપવાસો (ચોવીસ કલાકના) થયા.

આ બધું થવાથી જ મારે ખુદને પૂર્વ બંગાલમાં જવાની જરૂર ન રહી. તેવું સમાધાન આપણાં મદાલસાબહેનને પણ થઈ ગયું.

હવે તો પૂર્વ બંગાલને બંગલા દેશની માન્યતા ભારતે આપી. ભૂતાને તેનું અનુકરણ કર્યું અને ચોમેર એનું અનુકરણ થશે. હા, અમેરિકા–બ્રિટન ઉઘાડાં પડી ગયાં. લોકશાહી ત્યાં પાયાની ન હતી. તેમાંય અમેરિકા તો સાવ ઉઘાડું પડી ગયું. રશિયાએ મૈત્રી યથાર્થ જાળવી. રાજકીય રીતે ઇંદિરાબહેનને વિજય મળ્યો. અને અત્યારે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં પૂર્વ બંગાલ તો હવે સ્વતંત્ર થવાની અણી પર જ ગણાય. અને હવે યુદ્ધ પણ ભારતનો ઊંચો હાથ ઊંચો રહી, અટકી જવાની તૈયારીમાં જણાય છે. છતાં થોડી અગ્નિપરીક્ષા તો પાકિસ્તાન, ચીન અને અમેરિકા મળીને હજુ પણ કરશે. પરંતુ પાર લગભગ ઊતરી ગયો, આ ભારત દેશ તેમ કહી શકાય.

'સંતબાલ'

## ૫૦

ચિચણી,
તા. ૨૩-૬-'૭૨

વહાલા આત્મબંધુ છોટુભાઈ તથા વહાલાં બહેન કાશીબહેન,

ગઈ કાલે અહીં સુરાભાઈ આવી ગયા.

યુવરાજશ્રીને* . . . ગોપાલકો તરફથી સન્માન ગોપાલક સોસાયટીના મકાનમાં થયું હોત તો વધુ ઠીક હતું. કારણ કે હજુ સેવા કરે, ત્યારે જરૂર કદર થાય. અત્યાર લગી કારકિર્દી ન ગણાય. ઉપરાંત પણ હવે તો ચૂંટાનારની નહિ પણ ચૂંટનારની કદર કરવી એ પ્રણાલી પાડવાની જરૂર છે અને ભા. ન. પ્રા. સંઘ અને તેના હાથ તળેનાં સંગઠનો તો નવા ચીલા પાડે તે જ બંધબેસતું ગણાય.

**'સંતબાલ'**

## ૫૧

તા. ૭-૧૧-'૭૨

વહાલાં બહેન,

હા, તમો બાગી-ક્ષેત્રમાં દસપંદર દિવસ રહેવાનાં છો તે જાણી આનંદ. જોકે ત્યાંના મુખ્ય કાર્યકર શ્રી સુબ્બારાવજીએ પહેલાં માનવ-મુનિ પાસે અને પછી મારી પાસે આપણા પાયાના બે ચાર કાર્યકરો માગ્યા હતા. મેં અંબુભાઈને ખ્યાલ આપેલો, પરંતુ તેવા કાર્યકરો ફાજલ નથી. પણ આ રીતે તમે ત્યાં ગયાં તે ઘણું જ સારું થયું.

---

* ચૂંટાયેલા ધારાસભ્ય

કારણ કે મને આ કામ ખાસ કરીને બાગી કુટુંબોને સમાજમાં ગૌરવપૂર્વક જીવવાનું મળે, એ ઘણું મહાન અને અગત્યનું જ કામ લાગ્યું છે અને તેથી હું સાધુ-સાધ્વી–સંન્યાસીઓનું પણ આ કામ માનું છું. પણ તમો એ દિશામાં ઘણું કરી શકશો. એટલે જો વધુ રોકાવાની તમને જરૂર લાગે તો પૂર્વ બંગાલ વખતે ભા. ન. પ્રા. સંઘ અને કુરેશીભાઈની રજા લઈ લીધી (પત્રોથી) હતી, તેમ કરી શકશો. ત્યાંથી બંગાલની જેમ વિગતવાર લખ્યા જ કરજો અને તેની તમોને સારી ફાવટ આવી પણ ગઈ છે. જો આ મહત્ત્વના કાર્યમાં સફળતા મળશે તો આ દેશમાં બાગીજીવન એ જેમ આજે રાજાશાહીયુગ ભૂતકાળની વસ્તુ બની ગઈ છે, તેમ આ કાર્ય કરનારી ગુનાહિત પ્રવૃત્તિ પણ ભૂતકાળની જ વસ્તુ બની જશે.

અહીં સૌ મજામાં છે. તમારું શુભ ઇચ્છતો.

'સંતબાલ'

## ૫૨

ચિચણી,
તા. ૯–૧–'૭૩

સંઘ ઉપપ્રમુખ કાશીબહેન અને પાયાના બુઝર્ગ કાર્યકર્તા શ્રી છોટુભાઈ,

હું આજે એવી રીતે લખવા બેઠો છું કે લખવું છે થોડુંક અને લખાઈ જશે કદાચ વધુ. જોકે આમેય મારી આવી આદત લગભગ સૌ જાણે છે. પણ જ્યારે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘનું બંધારણ ઘડાયું, ત્યારથી જ નહીં તે પહેલાંથી પણ 'વિશ્વ' જ સામે હતું. રણાપુરના સમૌન એકાંતવાસ પછીના નિવેદનથી એ વધુ સ્પષ્ટ હતું

અને પછી તો સ્વરાજ્ય પહેલાં 'વિશ્વવાત્સલ્ય' બહાર પડ્યું, એટલે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના બંધારણમાં સમગ્ર વિશ્વ અને તેનાં પ્રાણીમાત્ર (માત્ર માનવજાત જ નહીં)નું લક્ષ્ય અને ધર્મમય સમાજ-રચના અને એના પાયામાં ગામડું અને ખેડૂત છે. વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘનું બંધારણ એથી જ કાલ્પનિકતાના અતિરેક જેવું કે ગડબડિયું લાગે છે. પણ કેટલીક વાતો તરત નથી સમજાતી. જુઓને, કલકત્તા વિ. વા. પ્રા. સંઘશાખા બન્યા પછી હવે નેમિમુનિએ આગ્રા શહેરમાં પણ વિ. વા. પ્રા. સંઘ બનાવ્યો છે. જો આમ આંતરપ્રાંતીય શહેરોમાં વિ. વા. પ્રા. સંઘની શાખાઓ બનવા લાગશે, તો પછી વિશ્વના જુદા જુદા દેશોમાં પણ શાખાઓ બનતાં વાર નહીં લાગે.

એક બાજુથી આપણી આવી વિશ્વથી પણ વિશાળ વાત છે અને બીજી બાજુ આપણાં સાધન ટૂંકાં છે અને એક દષ્ટિએ ટૂંકાંમાંથી પણ ટૂંકાં થતાં જાય છે. તો બીજી બાજુ વિશાળ પણ થતાં જ જાય છે. અલબત્ત તે બધી અવ્યક્ત અને વ્યક્ત જગતના તાલવાળી ઘટનાઓને આપણે એ અર્થમાં કદાચ જોઈ શકતા નથી. તેથી દુ:ખ લાગી આવે છે. પરંતુ એક જ ઘટનાને જ્યારે બીજા એનાં અનેક પાસાંથી જોઈએ, ત્યારે એ દુ:ખમાંથી પણ સુખ જોઈને લૂંટી શકાય છે.

...આટલો લાંબો ઉલ્લેખ કરીને હું કહેવા એ માગું છું કે ભાલ-નળકાંઠા પ્રયોગ દ્વારા મારી જ નહિ, સંઘની, બે મંડળોની અને પાયાના કોંગ્રેસીની પણ આજે અગ્નિપરીક્ષા ચાલે છે. . .અને હાથારૂપ જેમ. . .બહેન બન્યાં, તેમ. . .ભાઈને પણ બનવાની પરિસ્થિતિ ઊભી થાય અને એમાં પણ આપણામાંનાં કોઈ નિમિત્ત કારણ બનાવી દેવાય તો કશું આશ્ચર્ય નથી. આપણને લાગે (૧) સદાચાર પ્રચાર માટે આમ કરે છે. (૨) રાહત માટે કે લોકસંપર્ક માટે ફલાણા આમ કરે છે. પરંતુ એ બધી જ સંકળાયેલી જાળ હોય છે. આથી જ ઇંદિરા-બહેનને જો નિકસન કે ચાઉ-એન-લાઈ અથવા ભુટ્ટો જાળમાં લઈ પરેશાન કરવા માગતા હોય તો એના હાથા બનવા સંસ્થા કોંગ્રેસના

ધુરંધર નેતાઓ પણ તૈયાર સીધા કે આડકતરા થઈ જવા આ તો ઈંદિરાબહેન ખૂબ સાવધાન બાઈ છે. આટાપાટાના રમનારા સામે આટાપાટા રમી જાણે છે. એટલે પોતે ઊગરે છે. શાસક કોંગ્રેસને ઉગારે છે. દેશને અને સામાન્ય આમજનતાને ચેતવી લઈ ઉગારી દે છે. બાકી અમેરિકાનું જાસૂસીખાતું, જનસંઘ, સ્વતંત્ર પક્ષ અને છેવટે સંયુક્ત સમાજવાદી કે સંસ્થા કોંગ્રેસ પણ જાણ્યે-અજાણ્યે ચારિત્ર્ય ઉપર પણ આક્ષેપો કરતાં અચકાય નહિ તેવી પરિસ્થિતિ છે. આ બધાં ગંદા અને સંયુક્ત રાજકારણમાં સીધાં કે આડકતરાં ફસાયેલાં મોટાં માણસો શૈક્ષણિક કે ખાદીગ્રામોદ્યોગ વગેરે કામોમાં અગ્ર હોદ્દે આવી ગયાં હોય છે. હું એથી જ છેલ્લાં વર્ષોથી રાજકીય હોદ્દેદારને શૈક્ષણિક-ખાદી વગેરે મંડળોમાંના હોદ્દા પર રહેવા દેવાની વિરુદ્ધમાં હોઉં છું. ખેર, આટલા ઇશારાથી આપણે અવિશ્વાસુ નથી બનવાનું, પણ સૌથી સાવધાન રહેવાનું છે, એટલું જ સૂચવવા ઇચ્છું છું.

હમણાં મુંબઈથી દડિયાબાપા આવેલા ત્યારે તેમણે બે પ્રવચનો પોતાના પુત્ર દ્વારા ટેપ કરાવ્યાં છે. તેમાં ત્રણ બાબતો તરફ મેં ધ્યાન દોર્યું છે: (૧) મૂડીવાદ, (૨) કોમવાદ અને (૩) અશુદ્ધ સાધનવાદ (સરમુખત્યારી). મારી ઇચ્છા હતી અને છે, પણ મૂડી (ફંડ) આપનારાં જો મૂળ તત્ત્વ પર પ્રહાર કરતાં થાય તો તેની સામે મારી જાતને છેવટે ધરવી જ પડે. કારણ કે કાર્ય વિસ્તરે, તેમ ફાળો વધારવો પડે. અને જેવો ફાળો કરવા જાય ત્યારે જેમનું માથું દુઃખતું હોય તે પેટ કૂટવા મંડી પડે અને આપણામાંનાં ભોળાં જનોને ફાળો આપવાને નિમિત્તે હાથા બનાવી દે. ત્યાં તમારે સૌએ ખૂબ જ સાવધાન રહેવું પડે. આવે વખતે મારા પરની શ્રદ્ધા પણ કેટલાંની અને ક્યાં લગી ટકશે એ મુદ્દો આવીને ઊભો રહી જવાનો.

એ તો આપણું સદ્ભાગ્ય છે કે પ્રયોગનો પાયો નક્કર છે, એટલે અનેક મુસીબતો વચ્ચે આપણે ટકી રહ્યાં છીએ, તેમ ટકી શકીશું. પરંતુ ખૂબ સાવધાની માંહોમાંહે પણ રાખવી પડશે. જેવું

મૂડીવાદનું તેવું જ કોમવાદનું છે. કુરેશીભાઈ બાપુપ્રેમી અને કેટલા સાવધાન છે! છતાં બાપુના ગુજરાતમાં પણ ત્રણ વર્ષ પહેલાં કેવી અગ્નિપરીક્ષા આવેલી! એટલે હવે કદાચ ઇસ્લામી જગતની હવેના ભારતને વધુ જરૂર પડવાની અને જે મુસીબત રાજકીય સ્તર ઉપર આજે છે, પાકિસ્તાન નિમિત્તે તે મુસીબત હવે સામાજિક સ્તર ઉપર આવવાની. રાષ્ટ્રીય મુસ્લિમોમાં પણ બે ફાંટા આ દેશમાં પડવા સંભવ છે. તેવે વખતે આપણા ભાલનળકાંઠા પ્રયોગની ખરેખરી અગ્નિ-પરીક્ષા થઈ જવાની.

એવું જ અશુદ્ધ સાધનવાદનું છે. આ બાબતમાં આપણે શાસક કોંગ્રેસ સામે પણ લડવું પડવાનું જ. ત્યાં મને ખાતરી છે કે આપણા ઝીણાભાઈ તથા રતુભાઈ અદાણી સાથેના મીઠા અને ગાઢ સંબંધો આડા નહિ આવે. એક બાજુ આપણે એ જૂથને ટેકો આપતાં જ રહેવાનું છે અને બીજી બાજુ આર્થિક સામાજિક ક્ષેત્ર (બેંકો, પંચાયતોમાં) લડતા પણ રહેવાનું છે. તેમ જ ગ્રામ કોંગ્રેસની વાત પણ જીવંત રાખવાની છે.

જ્યારથી આવડી અધિવેશનથી કોંગ્રેસે દિને દિને સત્તા દ્વારા જ સમાજપરિવર્તન કરવાનું સ્વીકાર્યું ત્યારથી જાણ્યે-અજાણ્યે તેમનામાં સરમુખત્યારી અને અશુદ્ધ સાધનવાદ ઘૂસવા મંડી ગયો છે. આજે પણ મેં ભાવનગરથી નીકળતા સાપ્તાહિક 'સમર્થન'માં "ગાંધી વિકેન્દ્રીકરણ : આજનું ભારત" નામનો શ્રી જયપ્રકાશ નારાયણનો ત્રણેક વર્ષ પહેલાંનો લેખ વાંચ્યો. એમાં એમણે આપણી આ જ વાત પોતાની ઢબે લખી છે. આપણે માત્ર લખતા નથી, પ્રયોગો પણ કરીને સર્વાંગીણ સમાજરચના પણ કરીએ છીએ. આ કારણે વિશ્વની સિદ્ધાંતલક્ષી સંસ્થાઓમાં માત્ર કોંગ્રેસને વળગી રહ્યા છીએ. હવે એમાં બે વિભાગ પડ્યા એટલે શાસક કોંગ્રેસ ટકાવવા છતાં એમાંની અશુદ્ધ સાધનવાદની અને સરમુખત્યારી વૃત્તિ સામે પણ ઝઝૂમવું આપણે એકલે હાથે જ પડશે.

બાકી આ શાસક કોંગ્રેસમાં પણ મૂડીવાદ કે કોમવાદી તત્ત્વો ઘૂસ્યાં હશે, એ સામે ઝઝૂમવું, વહેલું વહેલું ઝઝૂમવું પડશે. આથી આપણને ઝીણાભાઈ દરજી અને રતુભાઈ અદાણીનું જૂથ વધુ પસંદ પડે છે. પરંતુ તે જૂથબાજી સામે ઉપલી દૃષ્ટિએ ઝઝૂમવું તો પડશે જ. એટલા માટે આપ સૌને આ પત્ર વિસ્તૃત રીતે લખી રહ્યો છું.

**'સંતબાલ'**

૫૩

ચિંચણી,
તા. ૨૬–૭–'૭૩

વહાલા આત્મબંધુ છોટુભાઈ તથા વહાલાં કાશીબહેન,

તા. ૨૩–૭–૭૩નો લખેલો વિગતવાર નારણભાઈ મગનભાઈનો પત્ર મળ્યો છે. તેઓ તથા કેશુભાઈ શેઠ બન્ને જણ ત્યાં આવી ગયા, તે પછી આ પત્ર લખ્યો છે. તેમાં "છોટુભાઈ અને કાશીબહેન મહિનામાં કમમાં કમ અઠવાડિયું તો શિયાળને આપે જ આપે" એવો આગ્રહ છે. અને ફરી પાછા "છોટુભાઈ તથા કાશીબહેન કે જેમણે કદાચ ભગવાન ખુદ આવીને ન કરી શકે તેવી ગામની અને અડખેપડખે પ્રદેશનાં ગામડાંની સેવાઓ કરી છે. એટલે અમારી ગફલતની ક્ષમા આપીને પણ આપ આટલું તો કરો. અમો તો ઇચ્છીએ છીએ કે બન્ને પિતા-પુત્રીની છેલ્લી જિંદગી શિયાળમાં જ ગાળવાનું આપ તે બન્ને – પિતા-પુત્રીને ફરમાવો. ગામનાં અને આસપાસનાં સૌ આવું ઇચ્છે છે."

આ જાતનું હૃદયસ્પર્શી લખાણ પાંચ પાનાં ભરી ઝીણા અક્ષરે લખ્યું છે. કુરેશીભાઈના મન પર તો એવી છાપ છે કે "આ બધું

હવે ડહાપણ આવે છે તો પહેલાં કેમ કશું ન બોલ્યા? પણ ઠીક છે. હવે બીજું શું થાય? "આવતાં-જતાં તો પિતા-પુત્રી શિયાળમાં રહે જ છે." તમોને જે લાગે તે પિતા-પુત્રી મને નિઃસંકોચપણે લખજો. બીજું ફૂલજીભાઈનું અંતર્દેશીય હતું, જેમાં રાત્રે તમો (છોટુભાઈ) અને તેમની વચ્ચે વાતો થઈ અને તેમાં તેઓ તમારા મતને મળતા છે, વ. લખાણ પણ હતું...

'સંતબાલ'

## ૫૪

ચિંચણી,
તા. ૧–૧–'૭૪

બહેન કાશીબહેન,

એક વાર ફંડફાળામાં જો કાર્યકરોને વધુ રસ લેતા કર્યા તો પાયાનું અને ઊંડાણનું લોકસંપર્કનું કામ ખોરંભે પડવાની ભીતિનો આપણને જાતઅનુભવ છે.

ઋષિ બાલમંદિર મૂળે ભંગી કુટુંબોની પુનર્રચના માટે જ મુખ્યત્વે જરૂરી છે. બાકી તો બીજી રીતે બાલમંદિરો ચલાવવામાં તો ઘણાં માણસો છે. કસબાઓ કે શહેરોમાં એ માટે આપણી શક્તિ શા માટે વધુ પડતી ખર્ચવી? કરકસર, સાદામાં સાદું ત્યાગી અને ભક્તિમય જીવન એ જ આપણા ક્રાન્તિકારક પ્રયોગમાંના પાયાના કાર્યકરોની મૂડી છે.

'સંતબાલ'

૫૫

તા. ૭–૩–'૭૪

વહાલાં કાશીબહેન,

....વિચારશો, તો તમારા જ લખાણનો વિરોધાભાસ તમને તરત સમજાઈ જશે. એક બાજુ 'કોઈની શરમ રાખ્યા વગર કહે સ્પષ્ટ 'નગદ સત્ય' તેની તારીફ કરવી છે અને બીજી બાજુ બીજાને ન ગમતું કેન્દ્રનાં માતાજી રૂપે કહે તો તે માટે લાગી આવે છે. મારા નમ્ર મતે તો તેઓને લીધે જ આપણે બધાં નિયમિત અને કાંઈક વ્યવસ્થિત તથા સમભાવી રહી શકીએ છીએ. નહિ તો 'આ આપણા નજીકનાં છે તો જરા એને આમ આપીએ, આમ બેસાડીએ, જલદી બેસાડીએ, જુદા બેસાડીએ' તેમ થવાનું જ. એ અજાણતાં પણ માનવમાં પડેલી ટેવ હોય છે.

સૂઝયો કે કોઈના કહેવાથી સહેજે સહેજે ધ્યાનમાં આવ્યો, માટે ઇશારા રૂપે લખું છું. આ આપણાં મીરાંબહેન નહિ ચલાવી શકે. થોડી વાર લોકોની ભલે ગેરસમજ થાય તે પણ મોટે ભાગે તો આપણે એમનાં નજીકનાં જ એમને ખરી રીતે ઓળખી શક્યાં નથી, એટલે ટીકાટકોરમાં પડી જઈએ છીએ અને પછી વાતનું વતેસર થઈ જાય છે. એ તો સારું થયું કે "આ વખતે દોઢ માસ પહેલેથી ચિંતા કરી પૂરી તૈયારી મીરાંબહેને કરી રાખી, તો પતી ગયું." પોતાનાં હોય, ત્યાં તેઓ છૂટું મૂકી પણ શકે છે. તે પણ આ વખતે જોવાયું.

એમને મન સંસ્થાનું કે સામુદાયિકનું પણ બગડવું જરાય ન જોઈએ તે વાત મુખ્ય હોય છે. જ્યાં જરૂર હોય ત્યાં તાર કરવાનું

પણ તેઓ જ કહે છે અને જ્યાં કાર્ડથી સરતું હોય ત્યાં કવર શા માટે ? એમ પણ તેઓ કહે છે. અલબત્ત મોટા સમૂહમાં આવું કાંઈક જતું કરવું પડે છે અને આટલા અનુભવે હવે તેઓ જતું પણ કરે છે જ. પરંતુ આપણે ખાસ તો ભાલનળકાંઠાવાળાંઓએ હજુ મીરાંબહેનને ઓળખવામાં કચાશ રાખી છે, એમ જણાય છે. અલબત્ત પ્રેમ સૌનો ભારોભાર છે પણ એમની ટકોરને હૈયે હજુ ધારવામાં કચાશ રહી જાય છે." હું ધીરજ રાખી બેઠો છું અને જરૂર તેમ થશે જ. મીરાંબહેને પણ ભાલનળકાંઠાવાળા આપણો પાયો છે, તેમ સમજવામાં થોડીક ઉદારતા રાખવી પડશે. પણ તે થશે એનો મને વિશ્વાસ છે. પણ મારે મન મીરાંબહેન કરતાં પણ ભાલનળકાંઠાવાળા વધુ લાડકા છે. એટલે મીરાંબહેનને ભાલનળકાંઠાવાળાઓમાં મારી આસક્તિ જણાય છે. આ કારણે મારા પરની ટકોર ભલે મીઠી રીતે અને આપણાં ભાલનળકાંઠાવાળાં પણ એ ટકોરને ઊંડી મીઠાશથી સહી લે છે. પરંતુ મારી ઇચ્છા, એ ટકોર માત્ર મીઠાશથી સહી લે, એટલે પૂરી સંતોષાતી નથી ! મારી ઇચ્છા તો પૂરી તો જ સંતોષાય કે જો મીઠી ટકોર પોતાના ઊંડા હૈયામાં ધરાય અને એ પ્રમાણે વર્તવામાં આવે ! આ પણ થશે જ. પણ અત્યારે એવું નથી.

જેમ નિયમિતતામાં ભાલનળકાંઠાવાળાં બધાંનો સિક્કો પડે, પણ હજુ વ્યવસ્થા અંગે કાંઈક કચાશ રહે છે. જોકે મારામાં પણ એ ખામી તો છે જ. દા. ત. એક વસ્તુ જ્યાંથી લીધી, ત્યાં કામ પત્યે તરત મુકાય. પથારીનું કામ પૂરું થયું કે તરત તેને વીંટી એક બાજુ મુકાય જ. રાત્રિભોજનત્યાગ અંગે બીજું તો ઠીક પણ કાંઈક પણ આજ કરતાં વધુ મર્યાદા રહે તો સારું. આ તો સહજ ખ્યાલમાં રહે તેટલા પૂરતી વાત છે. જેમ નિયમિતતાની બાબતમાં, લીધેલું કામ વ્યવસ્થિત પૂરું કરવામાં વગેરે બાબતોમાં ભાલનળકાંઠાવાળા આપણી ઘણી ચોકસાઈ પરંતુ નાની નાની વાતમાં જાતે બને ત્યાં લગી પોતાનું કામ પૂરી ચોકસાઈથી કરવું. વાસણો

બને ત્યાં લગી અજવાળવા જાતે પ્રયત્ન કરવો. રિક્ષાથી પતે તો ટૅક્સીનો કે બસથી પતે તો મોટરનો ઉપયોગ ટાળવો જોકે આજે ભાલનળકાંઠાવાળાઓ ઉપર મારે લીધે દુનિયાભરનો બોજો પડતો હોય છે. વળી આર્થિક ચિંતા પણ સંસ્થાઓની પુષ્કળ કરવી પડતી હોય છે. હું તો અહીં બેઠે કેટલીક વાર કલ્પનાથી ઊડચા કરું, જોકે દૂરગામી વિચારોને સાથે રાખીને ઊડચા કરું, પણ તેઓને સૌને તો કેટલાં બધાં સંકટો અને લાલચો વચ્ચે સિદ્ધાન્તનિષ્ઠા જાળવવી પડતી હોય છે! આ બધું હું સમજું છું તેથી તો તેમનાં ગાણાં ગાઉં છું, પણ મીરાંબહેનને આ બધી જ ગડ હજુ પૂરી ક્યાં બેઠી છે?

વ્યક્તિગત સાધના અને સામુદાયિક સાધનાની સમતુલા સાચવવાનું કામ આજના ગુજરાતના, દેશના અને દુનિયાના સંયોગોમાં ઘણું કપરું છે. તે મોટે ભાગે આમાંનાં ચુનંદાં માણસોને જ જાળવવું પડે છે. આ જોઈ હું કેટલીયે વાર અંજલિ આપતો હોઉં છું. જુઓને તાજો વિદ્યાર્થી-શિક્ષકોનો પ્રસંગ. બધાં એક બાજુ જઈ બેસે ત્યારે સંખ્યાબંધ તેજસ્વી માણસો અને મહાસેવકો વચ્ચે જુદા વિચારો મૂકવા પડે, ત્યાં કેટલી બધી મૂંઝવણ થતી? પણ તેઓ નિષ્ઠાપૂર્વક ત્યાગ અને તપની ખેવના રાખીને આ કામ જારી રાખી રહ્યા છે. જોકે હવે અરુણોદય થતો દેખાય છે ખરો, પણ હજુ થોડો અંધાર વેઠવો પડે, તેવા પણ સંયોગો છે જ. ખેર, આ તો નામ ભલે વ્યક્તિગત આવ્યાં પણ મારા નમ્ર મતે વ્યક્તિગત સાધના અને સમાજગત સાધના વચ્ચેનો આ મીઠો સંઘર્ષ છે. જેમ તે વ્યક્તિના જીવનમાં આવે છે તેમ વર્તુળના જીવનમાં પણ આવે છે. એટલે જેમ સતત એકલહાથે ઝઝૂમનાર મીરાંબહેન અને મણિભાઈ પ્રત્યે સન્માન થાય છે, તેમ અનેક ચિત્રવિચિત્ર સંયોગો વચ્ચે કુરેશીભાઈ વગેરે માટે પણ સન્માન સવિશેષે પણ થાય છે. સૌની પાછી આગવી વિશેષતાઓ છે અને તેથી જ આનંદ થાય છે . . . જેવાની ભક્તિ અને અનેક વિટંબણાઓ વચ્ચેની સ્થિરતા અદ્ભુત ગણી શકાય, તેવી હોય છે.

આમ જો ગણવા બેસીએ તો તમારો પિતાપુત્રીનો ત્યાગ કેવડો મોટો અને સમગ્ર જિંદગીનો! તેમાંય તમે તો કષ્ટ વેઠવામાં કશી કમી રાખી જ ક્યાં છે? એમ આ બધાંનો સરવાળો મળીને તો આપણું કામ દીપે છે!

:૨:

ગુજરાત અંગે મેં અને સંઘે પ્રસંગોપાત્ત કરવા જેવું બધું જ કર્યું છે. બહેન, વિદ્યાર્થી-શિક્ષકો રાજીનામાં માગે અને જબરાઈથી માગે અને તે ધરી દેવાં, એમાં ઘણી મુશ્કેલીઓ છે. વળી આજની હવા ખોટી છે, એમ પણ ન કહી શકાય. માત્ર દિશા સાચી આપવી પડે તેમ છે. તમોને આ ખ્યાલમાં છે જ. વિ. વા. માં આ અંગે જુદી જુદી રીતે બધું આવ્યું જ છે. આપણી સામે એક ચોક્કસ અને વિશ્વલક્ષી – ચિત્ર છે, એટલે માત્ર એકાએક કૂદી પડવાનું આપણે માટે શક્ય નથી. જે તમો તો બરાબર જ જાણો છો, છતાં બીજાઓ કરતાં આપણી જવાબદારી મોટી છે અને તે આપણે પૂરી કરીએ જ છીએ.

:૩:

મણિભાઈ માટે તમોએ જે લખ્યું છે તેથી પણ વિશેષ તેઓ છે, પણ મીરાંબહેન અને મણિભાઈ બન્ને મળીને જ મારે મન પૂર્ણાંગીપણું થઈ શકે. મણિભાઈ ઢીલા પડે કે ન બોલે, ત્યાં મીરાં-બહેન પૂર્તિ કરે અને મીરાંબહેનની ટકોરની માધુર્યભરી મૂંગી સૌજન્ય-વૃત્તિ દાખવી મણિભાઈ પૂર્તિ કરે. આવું એ ભાઈબહેનનું છે…

'સંતબાલ'

ચિંચણી,
તા. ૧૫-૪-'૭૪

વહાલાં ઉ. હ. કાશીબહેન,

તમારું તા. ૧૧-૪-૭૪નું કવર વિગતવાર મળ્યું. તમોએ જે રીતે આપણા ભાઈશ્રી આચાર્ય હરિપ્રસાદ*નાં ધર્મપત્નીનું એકાએક આટલી નાની ઉંમરમાં જવું અને છતાં ભાઈ હરિપ્રસાદે જે ધૈર્ય અને સહનશીલતાથી આ પ્રબળ 'ઘા' ઝીલી તેમની આંખો અને કાયા ડૉકટરી વિજ્ઞાનની શોધ માટે સમર્પિત કરી તે બધું વિગતવાર વાંચી તરત પ્રભાવિત થઈ મણિભાઈ બોલી ઊઠયા: 'ખરેખર, આનો નિચોડ વિ. વા. માં આપવા જેવો છે. જેથી અનેકને માર્ગદર્શક પ્રેરણા મળે તેવું છે.'

છે પણ તેવું જ. આજે તે બદલ ભાઈ હરિપ્રસાદને ઊંડી દિલસોજી સાથે ધન્યવાદ લખી રહ્યો છું. મણિભાઈએ પણ હરિપ્રસાદને વિગતે લખ્યું જ છે. સારું થયું તમોને ગૂંદી જવા પહેલાં જ ખબર મળ્યા અને તમો બધાં ત્યાં સમયસર પહોંચી ગયાં. જેથી હરિપ્રસાદને તથા તેમનાં બા વગેરેને ઊંડો દિલાસો મળ્યો. માણસે કેટલું જીવનમાં પચાવ્યું છે તેની કસોટી આવે કપરે સમયે જ થતી હોય છે. તમો નજીક હોઈ થોડો વખત વારંવાર દિલાસો — પત્ર દ્વારા અને કોઈ વાર રૂબરૂ જઈને પણ આપી આવતાં રહેજો. એમના ભાઈ કાન્તિભાઈએ બીડી વગેરે છોડયાં, તે ઘણો ત્યાગ કહેવાય. સદ્‌ગતમાં ભક્તિભાવના વ. સારું હતું, એટલે એમણે તો આટલી ઉંમરમાં બરાબર સુવાસ લઈને

*વિશ્વવાત્સલ્ય પાક્ષિકના વ્યવસ્થાપક.

પ્રયાણ કર્યું કહેવાય. જે નારી પોતાના પતિની સેવા પામી તેના પહેલાં ચિરવિદાય લે છે તે ઘણી જ સદ્-ભાગિની કહેવાય છે. જોકે ભાઈ હરિપ્રસાદને અને બાળકોને આ આઘાત જીરવવામાં ઠીક ઠીક સમય જશે. ખેર, તૂટીની બૂટી નથી. તેમનો આત્મા જ્યાં હો ત્યાં શાંતિ પામો !

'સંતબાલ'

૫૭

ચિંચણી,
તા. ૨–૫–'૭૪

વહાલાં ઉ. હ. કાશીબહેન,

આપણે સૌ સાથે આ જાતના ગાઢ સંબંધો વધારીએ તે તો જરૂરી છે જ. પરંતુ એ લોકો પ્રત્યક્ષ સેવા પોતાના વિસ્તારમાં આપવા માટે — લાંબા ગાળા લગીની — આપણી આશા પણ રાખતા થાય, તે આપણા માટે તથા તેમના માટે યોગ્ય ન ગણાય. એટલે એવી આશા રાખતાં આ બધાં સંબંધીઓ ન થાય, તેટલી આપણી વાણીમાં નમ્ર પણ સ્પષ્ટ ચોખવટો હંમેશાં કરતાં રહેવું જોઈએ.

જૈન ધર્મ પોતે વિશ્વધર્મ અને ઉદાર છે, પરંતુ જૈન સાધુ-સાધ્વીઓની આદતો પોતાના સાંકડા વાડામાં પૂરવા માટેની જ પ્રાયઃ પડી ગઈ હોય છે. એટલે આપણે તેઓની તેવી સાંકડી મનોવૃત્તિ છોડાવવા પણ ગાઢ સંબંધો બાંધતી અને રાખતી વખતે પ્રયત્નો કરવાના રહેશે જ. તમો આ બધું જાણો છો, એટલે વાંધો નથી. હવે તો થોડા વખતમાં જ રૂબરૂ મળવાનું થશે, ખરું ને ?

'સંતબાલ'

તા. ૧૭–૫–'૭૪

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

(ભા. ન. પ્રા. સંઘનાં ઉપપ્રમુખ)

અહીં આવતી ટપાલ હવે આજથી ચાલુ થઈ છે. તેથી તા. ૨૩–૫–'૭૪ પહેલાં તમોને આ સંદેશો મળે તે રીતે, આપણી અહીં તા. ૧૦–૫–'૭૪ના થયેલ વાતચીત મુજબ મોકલી આપું છું:

"આમ તો સંવત ૧૯૯૫ના પોષ સુદ પૂનમથી નળકાંઠામાં લોકપાલ પટેલ (માજી તળપદા કોળી પટેલિયા) કોમની સામાજિક સુધારાની પ્રવૃત્તિઓ ચાલી. ત્યારથી જ એક રીતે ભાલનળકાંઠાની પ્રવૃત્તિ શરૂ થઈ ગણાય. ત્યાર બાદ ગ્રામકેન્દ્રિત ખેડૂતોનાં મંડળોની ભાલનળકાંઠા પ્રા. સંઘ પ્રેરિત પ્રવૃત્તિ સંવત ૨૦૦૪ની શરૂઆતથી શરૂ થઈ. જેથી ભાલનળકાંઠા પ્રયોગની શરૂઆત આપણે ગાંધી પ્રયોગોના અને જૈન પ્રયોગોના સમન્વિત પાયા ઉપર સ્વરાજ્યોદય કાળથી શરૂ થયેલી માનીને ચાલીએ છીએ. હું ન ભૂલતો હોઉં તો સદ્ભાગ્યે આ સમયે ગાંધીજી હયાત હતા. મહાત્મા ગાંધીજી જ આ યુગે સમાજગત સાધના પર ઝોક આપનાર પ્રથમ પુરુષ તરીકે યુગપ્રધાનતા પામ્યા. જૈનધર્મે મૂળે વ્યક્તિગત સાધના અને સમાજગત સાધનાની સમતુલા પર પ્રથમથી ઝોક આપતો આવ્યો છે. એમ છતાં જૈનધર્મના ચારેય ફિરકાઓમાં પણ છેલ્લા કાળે વ્યક્તિગત સાધના પર સવિશેષ ઝોક આપવાને કારણે સમાજગત સાધના સાથેની સમતુલાવાળી વાત ઢીલી પડી ગઈ હતી.

ગાંધીજી રાષ્ટ્રવ્યાસપીઠ પર આવ્યા પછી અને વિશ્વલક્ષી રાજકીય

સંસ્થાનું ગાંધીજીને માધ્યમ મળી ગયા પછી જૈનધર્મની અહિંસાને એક બાજુ ઊંડાણની પ્રેરણા મળી ગઈ, તેમ બીજી બાજુ વ્યાપકતાની પણ પ્રેરણા મળી ગઈ. આથી જ હું ભાલનળકાંઠા પ્રયોગને વિશ્વલક્ષી પ્રયોગ માનીને ચાલું છું. અને ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર ઉપરાંત આપણા બે બીજા ક્રાન્તિપ્રિય મુનિઓને કારણે હરિયાણા અને યુ. પી.માં જેમ આ ભાલનળકાંઠા પ્રયોગ અન્વયે પ્રવૃત્તિઓ ચાલે છે, તેમ માનવમુનિના માધ્યમે જે રીતે ઝપાટાબંધ અને દિને દિને પ્રગાઢ પરિચય જૈનજૈનેતર સાધુ–સાધ્વી, સંન્યાસીઓનો વધતો જાય છે. હવે વિશ્વ-વાત્સલ્ય પ્રાયોગિક સંઘ જે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની પૂર્તિમાં થઈને ભારતીય નગરો અને આંતરરાષ્ટ્રીય જગતમાં પ્રવૃત્તિ ચલાવનાર સંસ્થા છે, તે દ્વારા સંચાલિત મહાવીરનગર-આંતરરાષ્ટ્રીય કેન્દ્ર મારફત વિદેશોમાં પોતાની શાખાઓ ઉઘાડવા તત્પર થયેલ છે ત્યારે મૂળભૂત વિસ્તારનું મૂલ્ય ઘણું બધું વધી જાય છે.

બહેન, તમો (કાશીબહેન જેવાં) આજીવન કૌમાર્ય અવસ્થા ગાળી ભાલનળકાંઠા પ્રયોગમાં વર્ષોથી દટાઈ ગયાં છો. સાણંદ, શિયાળ અને હવે ગૂંદી મુખ્યત્વે રહી દવાખાનાંઓને માધ્યમે ધર્મપુનિત એવી બધી જ પ્રવૃત્તિઓમાં સેવા આપી રહ્યાં છો. જરૂર પડચે સમગ્ર ગુજરાતની જેમ બંગાલ, ઓરિસા જેવાં સ્થળોએ પણ સેવા આપી જ છે. તેમ આ વખતે તમારા અંતઃકરણમાં આ મૂળભૂત વિસ્તારને નેત્રયજ્ઞની મહા-મૂલી સેવા આપવાનો સુંદર વિચાર આવ્યો અને એ હવે તા.૨૩–૫–૭૪ થી મૂર્તિમંત બની રહ્યો છે, એ જાણી તમોને તથા ભાલનળકાંઠા વિસ્તાર-માંના આ નેત્રયજ્ઞમાં ડૉક્ટરોથી માંડીને નાનીમોટી સેવા આપવા તત્પર સૌને અને ત્યાંના આજીવન હોમાયેલા કાર્યકરો વગેરેને ખરેખર ધન્યવાદ ઘટે છે.

પ્રિય છોટુભાઈ મર્યાદિત મૌન અવસ્થામાં (દિવાળી લગી) હોવાથી હાજર નથી, તે ઊણપને તેમની શુભેચ્છાઓ જરૂર પૂરી દેવાની. આ ભાલની ધૂળ-ડમરીઓને કારણે ત્યાં આવી સેવાની વારંવાર આ પહેલાં

પણ જરૂરિયાતો ઊભી થતી. તમોએ વ્યક્તિગત રીતે જુદા જુદા પ્રકારે આવી વૈદ્યકીય સેવા આપ્યાં જ કરી છે. તેમાં આવો વ્યાપક નેત્ર-યજ્ઞ સોનામાં સુગંધની પૂર્તિ કરશે, એમ માનું છું.

આ વરસ ઠેઠ પોષ પૂર્ણિમાથી માંડીને આખુંય વર્ષ આપણા ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘે વિવિધ રીતે રજત જયંતી વર્ષ તરીકે ઊજવવાનું શરૂ કરી દીધું છે, ત્યારે તે અન્વયે આ કાર્યક્રમ અનાયાસે ઉભય પક્ષે શોભામાં ઉમેરો કરનાર નીવડશે. એટલે કે એક બાજુ વિશ્વવત્સલ ઔષધાલય શિયાળ-ગૂંદીની શોભામાં ઉમેરો કરશે અને બીજી બાજુ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ પ્રેરિત દરેક સંસ્થાના રજત જયંતી મહોત્સવની શોભામાં પણ ઉમેરો કરશે.

તેથી ધર્મમય સમાજરચનાના અનુસંધાનમાં હું આ કાર્યક્રમની ફરી ફરીને પૂર્ણ સફળતા ઇચ્છું છું. મને પૂરી આશા છે કે નિસર્ગમૈયાની કૃપાથી એમાં તમો સૌને પણ સેવા સાથેનો અને સાર્વત્રિક ઘડતર સાથેનો આનંદ સુખ્યાં સાંપડશે જ.

**'સંતબાલ'**

૫૯

ચિંચણી,
તા. ૨૩–૫–'૭૪

વહાલાં ઉ.હે. બહેનશ્રી કાશીબહેન,

લીલાબાઈ સાધ્વી તથા મુક્તાબાઈ સાધ્વીને મારા વતી એટલું યાદ આપજો કે "...આજે દીક્ષા ઝટઝટ દઈ દેવાની પ્રવૃત્તિથી સરવાળે ફાયદો નહિ થાય, એટલે હમણાં જે છે, થયાં છે તેટલેથી

સંતોષ વાળવો ઠીક રહેશે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સહાય્ય પચ્ચખ્ખાણવાળો ઉ. ૨૯મા અધ્યયનવાળો બોલ ફરી ફરી વિચારવો જરૂરી જણાય છે. આ તો તમે અને અમે હવે વધુ નજીક આવ્યાં છીએ, તો આટલી હાર્દિક સૂચના કરવાનું અનાયાસે મન થયું, માટે લખ્યું છે. તમારી જે આત્મશ્રદ્ધા છે તે જોતાં તમોને મારી આ હાર્દિક સૂચના ગમશે જ, એમ માનું છું..."

'સંતબાલ'

૬૦

ચિંચણી,

તા. ૧૧-૭-'૭૫

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

છોટુભાઈ હવે મોટેભાગે ત્યાં જ રહેવાના અને ઉત્કંઠેશ્વરની ઓરડી ખાલી કરશે, જે જાણી મને વધુ સંતોષ થયો. હવે કાળતરે એવું રૂપ લીધું છે કે એમની નજીકમાં યોગ્ય સેવાભાવી, વ્યક્તિ જોઈએ જ. ઉંમર વધે, તેમ અંગો ઢીલાં પડતાં જવાં સ્વાભાવિક છે. આપણા કુરેશીભાઈને પણ સાઇટિકા તથા મોંથી બોલાતી વાણીમાં આછો ફેરફાર હવે વધતી ઉંમરનાં એંધાણ આપી જાય છે!

અને હરજીવનભાઈ ત્યાં પવનારમાં સંત સેવક સમુદાય પરિષદની મિટિંગને નિમિત્તે સંત વિનોબાનું ભક્તિસભર મધુર સાંનિધ્ય તથા વર્ધા-સેવાગ્રામ – નાગપુર (અંબુભાઈ એકલા ગયેલા તે) તથા પવનારનાં અનેક સારાં સારાં સાંભળવા જેવાં સંભારણાંઓ લઈ આવેલા.

તમારી અને પ્રિય છોટુભાઈની વાત સાચી જ છે કે 'સાચું એ મારું, મારું એ જ સાચું નહીં'. એમ જ રહેવાથી વ્યક્તિ અને

સંસ્થાની તથા સાથીઓની શોભા વધે છે. આખરે 'એક જ ડાળનાં પંખી' એ સાચું છે.

તમારું તા. ૬–૭–૭૫નું અંતર્દેશીય તો અદ્ભુત ગણાય તેવું છે. પરંતુ ઇંદિરાબહેને પણ હજુ આગળ જવાનું છે અને તે બન્ને કોંગ્રેસ વિભાગો એક થાય, તો જલદી બની શકે. પ્રિય મોરારજીભાઈ જલદી છૂટે અને કટોકટી ખેંચી લેવાય. જે. પી. પણ ઇંદિરાબહેનનાં કાર્યોમાં પૂરક બને અને આ બધું આપણા ભાલનળકાંઠા પ્રયોગના મુખ્ય ગ્રામકેન્દ્ર ગૂંદી સ્થળના માધ્યમથી, ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના પાયાના કાર્યકરો મારફત થાય, એ માટે પ્રયત્નો આપણી રીતે ચાલે જ છે. હિતેન્દ્ર-દેસાઈ 'વિરમગામ' વિસ્તારમાંથી સૌના સહયોગે ચૂંટાય. કોઈ પણ કોંગ્રેસ વિભાગના સભ્ય હમણાં ન બને પણ (૨૫–૩૦)ના ગાંધીવિચાર ગ્રામ-કોંગ્રેસી જૂથના નેતા થઈ આજની સરકારની ધરતી પાકી કરે. તેમ જ છેવટે બન્ને કોંગ્રેસને એક કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે! આ વિચાર રાતના એક વાગ્યે તમને આવ્યો, વ ઘણું જ યોગ્ય ગણાય.

'સંતબાલ'

## ૬૧

તા. ૬–૮–'૭૫

વહાલાં ઉ. હે. કાશીબહેન,

તમારો અતિ સુંદર અને હૃદયભાવો સ્પષ્ટતાથી વ્યક્ત કરતો પત્ર મળ્યો. આનંદ થયો.

તમોએ વિગતે 'તપોમય પ્રાર્થના'ની* શરૂઆત લોકમાન્ય તિલક

*કટોકટી ઉઠાવી લેવા માટે શરૂ થયેલા શુદ્ધિ પ્રયોગનો નિર્દેશ છે.

નિર્વાણ દિને કરી અને તમારાથી જ તે શરૂઆત થઈ તે લખ્યું તેથી આનંદ થયો અને જાણવાનું પણ મળ્યું. 'સંચાલક [તપોમય પ્રાર્થના કેન્દ્ર (ગૂંદી)] તરફથી ત્રણેય દિવસનો વિગતવાર હેવાલ મળ્યો. રસપૂર્વક વાંચ્યો. ને આ અહેવાલ અહીં મોકલવા બદલ ધન્યવાદ કહેજો.

'સંતબાલ'

## ૬૨

તા. ૮–૯–'૭૫

વહાલાં ઉ. હ. બહેન કાશીબહેન,

મારાથી આવેશમાં જે કહેવાયું, તેને તમે સારા અર્થમાં જ લીધું તેથી મને ઘણો સંતોષ થયો છે. આપણે સૌએ આપણાં કેન્દ્રમાતા મીરાંબહેનના અપાર ગુણો અને એમની નીડરતા તથા ભવ્ય ચરિતનાં દિવ્ય તત્ત્વો જોવાને માટે આંખ અને હૃદય કેળવીએ અને મેળવીએ. ક્યાંય પણ ઘસાતું ન બોલીએ; એટલું જ નહિ એમના ગુણોનું જ વર્ણન કરી સૌને સાચું ભાન કરાવીએ! આ જ હું ઇચ્છું છું.

'સંતબાલ'

## ૬૩

ચિંચણી,
તા. ૧૮–૧૦–'૭૫

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન

વડોદરા જતાં તા. ૭–૧૦–૭૫નો લખેલો વિસ્તૃત પત્ર વાંચી બદ્રી કેદારનું રસમય વર્ણન વાંચવા જેવો આનંદ સૌને થયો. મીરાંબહેને

હમણાં જ એ પત્ર પૂરો સાંભળ્યો. આપણા મણિભાઈએ તો આ બધું વર્ણન વિસ્તારથી વિ. વા. માં જાહેર કર્યું જ છે. ધીરુભાઈને ખૂબ ઠીક રહ્યું તે નવાઈની સાથે આશ્ચર્ય પમાડનારી અને નોંધપાત્ર ઘટના સહેજે બની રહે છે. આમાં તેમની પોતાની આંતરિક શ્રદ્ધાનો ફાળો સૌથી મોટો જ ગણાય. તેમને પોતાને પણ બિહાર ખાદીયાત્રામાંથી લખેલો પત્ર મળેલો. સંતોષ થયો. હા, વિમુબહેનનો વિગતવાર પત્ર મળ્યો, તે પણ અદ્ભુત ગણાય, તેવી ઘટનાવાળો છે. તેઓનું ગયેલું કીમતી સોનું પણ અચાનક મળી ગયું! નીતિ, ન્યાય અને સરળતાને રસ્તે જે જીવન નિર્વહે છે તેનો કુદરતના દરબારમાં પણ સુંદર પડઘો પડે જ છે, તેમ એ ઘટના કહી જાય છે. — અમેરિકામાં પણ શ્રી હરિદાસ પર વીતેલ વિતક કથાનું છેવટનું પરિણામ તો બધી રીતે રૂડું જ ફલિત થતું જણાઈ રહે છે.

બીજું, ફૂલજીભાઈ અંગેનું લખાણ મળ્યું. ગઈ કાલે તે ભાઈ મણિકાંતભાઈને વાંચવા આપેલું, આજે પાછું આવી ગયું છે. તે લખાણ પણ કેટલું બધું હાર્દિક છે! દાજીભાઈ (ફૂલજીભાઈના પુત્ર)નો પત્ર પણ ઘણો નિખાલસ અને વિગતે આવ્યો છે. તેમના મનમાં ફૂલજીભાઈની હયાતીમાં જે ગડ નહોતી બેસતી, તે ફૂલજીભાઈની ચિરવિદાય પછી જે દિલાસાપત્રનો ધોધ જ વર્ષા કર્યો તથા લોકો આવ્યા, તે પરથી આખાયે કુટુંબ પર અને સૌ પર ઘણી ઊંડી છાપ પડી છે. પત્રો તો ક્યાં-ક્યાંથી દૂર-સુદૂરથી અહીં પણ આવ્યા જ કરે છે. ફૂલજીભાઈએ તો જેમ જીવી જાણ્યું તેમ મરી પણ જાણ્યું ગણાય. તમે ગૂંદીની શોકસભામાં પણ ઘણું જ સુંદર કુદરતી રીતે બોલી શક્યાં હતાં, એમ મણિભાઈએ કહ્યું છે. સારું થયું. "ઠેઠ બદ્રી-કેદાર બાજુથી પણ સમય-સર તમો, પ્રિય છોટુભાઈ વગેરે જવારજ અને ગૂંદી પણ પહોંચી ગયાં!" મણિભાઈ પણ અહીંથી ગયા, તો સૌને એ સારું લાગ્યું....

'સંતબાલ'

ચિંચણી,
તા. ૧૫-૪-'૭૬

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

અચાનક મોરચા સરકારને તોડી, લાલચોન્ડર વગેરેનો ઉપયોગ થયો એ બધું જ દુઃખદ ગણાય. છોટુભાઈની તબિયતને અંગે તથા આ કારણે જપ સાથે ત્રણ ઉપવાસ શાંતિથી પત્યા.

સંત વિનોબા પણ હવે પોતાની રીતે પણ આપણી વાત તરફ આવી જ રહ્યા છે; જ્યારે આપણી પાસે તો વર્ષોથી એ મસાલો છે જ. એટલે ઇંદિરાબહેનને કદાચ ગૂંદી ગ્રામકેન્દ્ર ભાલનળકાંઠા પ્રયોગ એક દિવસ જરૂર ગમશે. આમાં ઇંદિરાબહેનનો કોઈ વ્યક્તિગત સવાલ નથી. દેશ અને જગતના હિત માટે સંત વિનોબા અને આપણે મથીએ છીએ. આપણી પાસે તો એક સ્પષ્ટ ચિત્ર વર્ષોથી છે જ. એટલે એમાં ખુશામતનો સવાલ ન જ હોય. ભારત દેશ એકલો છે અને એને જગતને દોરવાની જવાબદારી ઉપાડી લેવાની છે. એટલે ઇંદિરાબહેનને, પ્રિય મોરારજીભાઈને તથા જે. પી. વગેરેની એકતા જરૂરી છે. પ્રતિકાર ધંધુકા તાલુકામાં આપણા કાર્યકરો સમયસર ન કરી શક્યા. તે કર્યો હોત તો સોનામાં સુગંધ ભળત. પણ ખોટા દિલાસા ઝીણાભાઈ વગેરેના નીવડ્યા. ખેર, હજુ ઘણી જુદી જુદી તક આપણી પાસે છે જ. ગુજરાત પાસે શક્તિ ઘણી છે. વળી ગુજરાતની પ્રજાની કૉંગ્રેસભક્તિ પણ ભરપૂર છે, માત્ર પહેલ કરવી ઘટે. પ્રથમ પ્રિય મોરારજીભાઈ કાંઈ નહોતા કરી શક્યા. આપણે તેથી પ્રસંગે પ્રસંગે

ચેતાવતા જ હતા. તમોએ જીવરાજ મહેતાથી માંડીને ચીમન પટેલ વ. ના પ્રધાનમંડળની ઊડવાની વાતો લખી, તે ઠીક કર્યું.

સાયલા જઈ આવ્યાં, તે જાણ્યું. આપણે તો પગપાળાપ્રવાસ, ભિક્ષાચરી, આર્થિક વહીવટમાં ન પડવું, નારીસ્પર્શથી દૂર વગેરે બાબતો કડક રીતે પાળવી ઘટે. કારણ કે તો જ ક્રાન્તિપ્રિય જૈન સાધુ પ્રણાલી જળવાઈ રહે. આ વાત તમારે વહાલાં સાધ્વીઓને જે અસરકાર રીતે કહેવી જોઈએ તે ત્યારે કહી શકયાં નથી, એમ તમારા પત્ર પરથી જણાય છે.

'સંતબાલ'

## ૬૫

ચિંચણી,
તા. ૧૫-૫-'૭૬

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

અંબુભાઈનો જાતે લખેલો પત્ર વાંચી નિરાંત અનુભવી. ધીરે ધીરે સ્ફૂર્તિ અને શક્તિ વધતાં જાય છે. ખોરાકની રુચિ જાગે છે. એ બધાં સારાં લક્ષણો છે. મારા ગયા પત્રમાં જે ચિંતા વ્યક્ત કરેલી તે હવે રહેતી નથી. વહાલા સેવક બબલભાઈ મહેતાનો આવેલો ભાવભર્યો પત્ર, અને જાતે આવી તબિયતને નજરે જોવાની ભાવના તે તેમના જેવા પાયાના સંત સમા કાર્યકર્તાની ઊંડી સહાનુભૂતિ સૂચવે છે. જે કામ દવા પણ નથી કરી શકતી (પાછળ) તે કામ જળ અને હવા કરે છે, અને જે કામ આબોહવા નથી આપી શકતી, તે કામ સંતહૃદયની દુવા આપી જાય છે. કમળાબહેને આ વખતે જાતે લખ્યું, તેથી અમોને (કેન્દ્ર માતાજી સહિત) સૌને ઘણો સંતોષ થયો.

'સંતબાલ'

૬૬

તા. ૨૨-૧૦-'૭૭ સંધ્યા

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

"...લીંબડી પૂ. હેમકુંવરબાઈ ઠાણાં ૫નાં દર્શન કરી આવ્યાં તે ઠીક કર્યું. ગુરુદેવનું જ કાર્ય ગુરુદેવે સંપ્રદાયમાં રહીને કર્યું. 'સંતબાલે' એ જ શ્રીમદ્-ગાંધીજી અને ગુરુદેવના અનુસંધાનમાં ધર્મક્રાન્તિ માટે જે સાધુસાધ્વીઓએ ભવિષ્યે કરવાનું, તેનો ચીલો શરૂ કર્યો. શરૂઆતમાં નવું હોવાથી સંપ્રદાયે સંપ્રદાય બહારનો ઠરાવ કરી નાખ્યો. પણ હવે સૌને નિવેદનના મુદ્દા યથાર્થ લાગે છે તો એ સંપ્રદાય બહારનો ઠરાવ સંપ્રદાય ધારે તો પાછો ખેંચી શકે છે. આ વખતે મુંબઈ વિહારયાત્રામાંથી અને મહાસતી લીલાબાઈ વ. અહીં આવવાથી બધી ચોખવટો થઈ છે. સાધ્વીજીઓએ હવે 'ચિંચણ' આવી અધ્યયન-અધ્યાપન વાસ્તે કાર્યક્રમ અપનાવી લેવો ઘટે છે. પગપાળા ચાલવાની વાત લઈને 'સંતબાલ' ચાલે છે, એટલે ત્યાં આવી જવું અશક્ય છે. સાતત્યરક્ષા અને પરિવર્તનશીલતા બંને અને મૌલિક સાધુજીવનના નિયમો ચુસ્ત રીતે પાળવાના હોઈ ત્યાં આવવું હવે શક્ય નથી જણાતું. આપણાં બધાંની સાધ્વીઓની લાગણી બદલ આનંદ. લીલાબાઈ વ. સતીઓ અને હસુમતી સાધ્વી વ. ની વિગતો જાણી. હસુબાઈ સાધ્વી પ્રેમથી વેદના વેદે છે, એ આત્મા ઊજળો છે.

ઓળી પૂરી કરવી છે? આ બાબતમાં તમારાં વહાલાં મોટાં બહેનનું કહેવું સાવ સાચું છે, છતાં તમે ક્યાં સાંભળો છો?

**'સંતબાલ'**

૬૭

ચિંચણી,
તા. ૧૫–૧–'૭૮

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમોએ બહેન મીરાંબહેન તથા મણિભાઈના સમર્પણને ભવ્ય અંજલિ આપી, જે જોઈ ઘણો સંતોષ થાય છે. સદ્દગત માતાજી* પ્રત્યે તમારીયે (મીરાંબહેનને લીધે) માતૃમમતા હતી, તે જાણી આનંદ. તમો કહો છો તે સાચું જ છે કે "ઘોડાનો ચડનાર પિતા જાય, તેના કરતાં દળાણું દળી માંડ પેટ ભરનાર માતા જાય તે વસમું વધુ લાગે." કારણ કે 'મા' એ 'મા' જ છે. ચંચળબાનું મૃત્યુ છેવટે ઘણું જ સુંદર થયું. અંત વખતે મનોરથો પણ સારા રહ્યા અને 'સૌનું ભલું થજો' એ આશીર્વાદ આપીને સિધાવ્યાં, તે જાણી બહુ જ આનંદ થયો !

**'સંતબાલ'**

૬૮

ચિંચણી,
તા. ૭–૧–'૭૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

બગોદરા ખેડૂત સંમેલન ભવ્ય રીતે થયું તે હેવાલ પૂરેપૂરો 'લોકમાન્ય' દૈનિકમાં પણ આવેલો. એ શુદ્ધિપ્રયોગ પણ શક્તિ માગી

*કેન્દ્રમાતા મીરાંબહેનનાં માતુશ્રી.

લેશે. જો અમલદારોનો દુરાગ્રહ ગુજરાત સરકાર પોષશે, તો ઘણી **શક્તિ માગી લેશે.** સદ્‌ભાગ્યે નવલભાઈ[1] **આમાંનું સત્ય** કેશુભાઈ (શિયાળ) નો લાંબો પત્ર જોતાં **જાણે છે.** જો આમ હોય તો તેઓ **પછી કેમ ચૂપ બેસી રહી શકયા? તે જાણી ખૂબ મંથન થાય તેવું છે. તેઓએ નૈતિક હિંમત, સત્ય અને આત્માભિમુખવૃત્તિની વફાદારી રૂપે ઝટઝટ બતાવવી જોઈએ.** સાળંગપુર શુદ્ધિપ્રયોગમાં એકદા એવી વફાદારી વર્ષો પહેલાં તેઓએ બતાવેલી તે યાદી તમારા જેવાંએ રૂબરૂ પ્રસંગોપાત્ત જઈ તાજી કરાવવી ઘટે. વિચારજો અને યોગ્ય લાગે તો આ કામ કરશો તો બા. જ. પટેલને[2] છેવટે સત્ય જોઈ શકવામાં ઘણી મોટી મદદ મળશે. સંત વિનોબાજી જ્યારે ગોવધ-પ્રતિબંધ માટે પ્રાણ-ન્યોચ્છાવરી શરૂ કરે, તે પહેલાં ભા. ન. પ્રયોગ વતી શુદ્ધિપ્રયોગ માર્ગે સારી પેઠે જવાબદારી ઊભી થવા સંભવ રહે છે.

જ્ઞાનચંદ્રજી સ્વામીના પત્રો આવે જ છે.

**'સંતબાલ'**

## ૬૯

તા. ૨૫–૧–'૭૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમોને તા. ૧૮–૧–૭૯ના રોજ સાઠ વર્ષ (ઉમ્મરનાં) પૂરાં થયાં. તમે તા. ૯–૧–૭૯ના અંતર્દેશીયમાં લખો છો કે "જીવનપંથનાં સાઠ વર્ષ પૂરાં કરી તા. ૧૮–૧–૭૯ના રોજ એકસઠમા વર્ષમાં પગરણ માડું છું!" તમારાં મોટાં બહેનને (કેન્દ્રમાતા મીરાંબહેનને) ભાદરવા

---

૧. તે વખતના ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી.

૨. તે વખતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી.

સુદ આઠમ – ધરો આઠમથી બાસઠમું બેસી ગયું. આજકાલ કરતાં વહાલી શિષ્યા ઉ. હૃ. બહેન પ્રભાને ગઈ શ્રાવણી શુક્લા પંચમીથી બેંતાલીસ વર્ષ પૂરાં થઈ તેંતાલીસમું વર્ષ બેસી ગયું. એમ સમય જતાં ક્યાં વાર છે?

હજુ તો એકતાલીસ-બેંતાલીસ વર્ષ પૂર્વે હરિપુરા મહાસભા વખતે તમોએ કાયમી વ્રત લઈ આ વ્યાપક સેવાના ક્ષેત્રમાં પગરણ માંડેલાં! તે બધું યાદ આવે છે. તમારા પૂ. પિતાશ્રી અને તમો બંને ભાલનળકાંઠા પ્રયોગવાળી સંસ્થાઓની ધર્મમય સમાજરચનાની પ્રવૃત્તિઓમાં સાંગોપાંગ ખૂંપી ગયાં અને તમારાં સદ્દગત માતુશ્રી સમરત બહેને અને કુટુંબે તમો પિતા–પુત્રી બંનેને શુભેચ્છાઓ સહિત વિદાય આપી, એ બધાં કેવાં મધુર અને મંગલમય સંભારણાંઓ છે!

તમે લખો છો : "નિર્મળ આકાશમાં ઝગમગતા અનેક તારલા જેવાં સુંદર કાર્યો કરવાની...આ શ્વેત પ્રભાતે...શક્તિ મળે!" તમને તો મારી જ નહિ અનેક સંતસતીઓની શુભેચ્છાઓ મળી છે અને મળ્યાં જ કરે છે. અને તમે લખો છો : "ગોહત્યાબંધી જલદી વહેલી તકે થાય અને પૂ. બાબાને (સંત વિનોબાને) એ અંગે અનશન ન કરવું પડે, એવી પ્રભુને પ્રાર્થના કરું છું." અહીં દોઢ મહિના ઉપરાંતના દિવસોથી રોજ આ અંગે એકાગ્રતાથી સૂત્રોચ્ચાર કરાવાય જ છે.

'સંતબાલ'

## ૭૦

તા. ૨૪–૫–'૭૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

'નેત્રયજ્ઞ' માટેનો તમારો અથાગ પ્રયત્ન ખરેખર સ્થાને છે અને અતિશય સદ્દભાવ માગી લે છે. ભાલમાં ઊડતી ખારી ધૂળ તથા

અપૂરતાં સમુચિત ખાનપાન વ. અનેક કારણે નેત્રો ઉપર એ પ્રદેશમાં સારી એવી આફત છે. તેવે વખતે નેત્રયજ્ઞ જેવી સુસરળ પ્રવૃત્તિ એ પ્રદેશનાં સર્વ સામાન્ય માનવીથી માંડીને નાનાં મોટાં અને સંપન્ન અસંપન્ન સૌને માટે અનિવાર્યપણે આવકારદાયક અનાયાસે બની રહેશે. છોટુભાઈ જેવા એ પ્રદેશના પીઢ સેવકને હાથે આ વખતે ઉદ્ઘાટન થાય છે તે યથાસ્થાને છે. કુરેશીભાઈ જેવા પરમ પીઢ અને ઘડતર પામેલા મહાસેવક હાજર હોય, તથા પાયાના સેવકો ઉપસ્થિત હોય, ત્યાં સફળતા માટે તો પૂછવું જ શું?

એમ છતાં પરમ કૃપાળુ પરમાત્મદેવને નમ્ર પ્રાર્થના છે કે, 'આ પુણ્યપ્રવૃત્તિને ૐમૈયાની મહાકૃપા દ્વારા યશ મળે, તે માટે સતત મથે.'

ફરી ફરીને સફળતા ઇચ્છું છું.

કુરેશીભાઈનો સુંદર પત્ર હમણાં જ ટપાલમાં મળ્યો છે.

'સંતબાલ'

## ૭૧

ચિંચણી,
તા. ૧૪–૮–'૭૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

આ સાથે વહાલી શિષ્યા ઉન્નતહૃદયા બહેન પ્રભાનો ધામણુથી સદ્ગત હિંમતભાઈ (ત્યાંના ભાવિક શ્રાવક) વિશે જે મૃત્યુ પહેલાંનો અને મૃત્યુ વખતનો પ્રસંગ આલેખતો કાર્ડ તમારા પર આવેલો, તે વાંચીને (આ સાથે) પાછો મોકલ્યો છે. 'બહુરત્ના વસુંધરા' એ કથન

સાચું જ છે. અલબત્ત જેટલે અંશે, તે તે વ્યક્તિમાં સાંપ્રદાયિકતા રહિતતા હશે તેટલું અને તેવું મૃત્યુ આજે વધુ ભવ્ય બનશે. કારણ કે એક જ ભગવાન મહાવીરને માનનારા (જેમણે આખાયે વિશ્વના માનવમાત્ર તો શું જીવમાત્રને પોતીકા માનવા જોઈએ,) પરંતુ તેમાં પણ આજે તો ટુકડે ટુકડા થઈ ગયા છે! વિજ્ઞાને જેમ વિશ્વને સાવ નજીક આણ્યું તેટલો જો હવે ધર્મ પણ સક્રિય અધ્યાત્મની રીતે સૌને નજીક નજીક નહિ લાવે તો વિજ્ઞાનની નજદીકતા નિરર્થક નીવડશે. આ અર્થમાં વિજ્ઞાને ધર્મ અને આધ્યાત્મિકતાને પડકાર ફેંકચો છે, તેમ જણાય છે. પરંતુ કુદરત નિષ્ઠા અને નિસર્ગનિર્ભરતાને કારણે જગતાત ખેડૂત જો આખાયે ગામડાંની ચિંતા કરતો થઈ જશે તો તેના મુખ્યપણા નીચે જગતનું ભાવિ ઊજળું બનવાનો પૂરો સંભવ રહે છે. આવો શ્રમલક્ષી ખેડૂત ખરેખર જગતનો તાત સાબિત પણ થઈ જશે. આવતી ચૂંટણીમાં ગ્રામકોંગ્રેસની આ દૃષ્ટિએ મહત્તા છે.

૨

મહાસતીજી હસુબાઈનો મૃત્યુપ્રસંગ તમે જે મોકલ્યો, તે આ પહેલાં પણ 'સમય'ની કાપલી જે વહાલી શિષ્યા ઉ. હ. બહેન પ્રભાએ મોકલી હતી, તેથી અને તમારા ઉપરાંત ચંદનબાઈ સાધ્વી વતી ઇન્દુબાઈ સાધ્વીના પત્ર વ. થી પણ જાણી ઘણો સંતોષ થયો. પાંચમા આરાને અંતે પણ છેવટે એક સાધ્વી, એક સાધુ, એક શ્રાવિકા અને એક શ્રાવક તો રહેવાનાં. એ પૈકી આ એક શ્રાવિકા (જૈનેતર છતાં જૈન સમોવડાં) જયાબહેન તથા સાધ્વી હસુબાઈ (આદર્શ સાધ્વી રૂપ)ના દાખલાથી પ્રમાણિત ઠરી રહે છે.

૩

તમોને હસુબાઈ મહાસતી સાથે રહેવાનો અને સતત સેવા કરવાનો ધન્ય પ્રસંગ મળ્યો. આ લખું છું ત્યારે તાજાં મોરબી, વવાણિયા, રાજકોટ વગેરે વિસ્તારોમાં જે બંધ તૂટવાને લીધે અને વૃષ્ટિ

અતિશયતાને લીધે રેલનું ક્રૂર તાંડવ મચ્યું, તેની વિગતો વાંચતાં ભારે આત્મીયવેદના થાય છે. પચાસ એકાવન વર્ષ પહેલાં એ જ મોરબીને આંગણે દીક્ષા થયેલી! ખેર, આખરે તો 'નિસર્ગ ધાર્યું બનતું સહુ' એ વાત પણ નકારવા જેવી નથી જ. એ બધી વિગતો અક્ષરશઃ તમોએ લખી છે.

'સંતબાલ'

## ૭૨

તા. ૨૭-૯-'૭૯

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારો પૂરેપૂરી વિગતો દર્શાવતો પત્ર મળ્યો. આપણી ટાંચી શક્તિ છતાં દિલ હોય તો કેવો મોટો સાથ મળી જાય છે, તેનું આ કામ જ્વલંત પ્રમાણ છે! હજુ ગઈ કાલે જ ગાંધીજીનો અનુભવ વર્ષો પહેલાંનો રજૂ કરતું લખાણ જોયું. તેમાં એ વસ્તુ કહી છે કે "એક માનવી પણ ઊંડાણપૂર્વક એક વસ્તુમાં તન, મન અને સાધન ખૂંપાડી દે, તો અજોડ કાર્ય કરી શકે છે. કારણ કે તેને કુદરત સાથ આપે છે!" મતલબ, સંખ્યાની પરવા કર્યા સિવાય એક માણસે પણ પૂરેપૂરા ખૂંપવું જોઈએ.

વિદુષી સાધ્વી દમયંતીબાઈના પત્રમાં પણ ૨૦-૯-'૭૯ના કાર્ડમાં લખ્યું છે: "કાશીબહેને, મોરબીનું સવિસ્તર વર્ણન લખેલ જે વાંચી હૈયું કંપી જાય!" આમ જોતાં તમને લખવા-લખાવવામાં મહેનત જરૂર પડે છે પણ તે બધી મહેનત સાર્થક થતી લાગે છે...

'સંતબાલ'

ચિંચણી,
તા. ૧૧-૧-'૮૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

કેન્દ્રમાતાજીએ તમોને એક પોતાની નાની બહેન તરીકે ઘણું યથાર્થ લખ્યું છે. પૂજ્ય ચુનીલાલજી મહારાજ એકલા એક ચોમાસું શાન્તિથી કરી જાય તો તેમને, કેન્દ્રમાતાજીને, તમોને અને સૌને આનંદ જ થશે. આ ઉંમરે એક વાર બન્ને ગુરુબંધુઓ મળીએ તેથી પરસ્પર પરિપૂર્ણ સંતોષ થાય. દીક્ષાર્થી બહેનની સાડીની વાત જાણી. આ રીતે ખાદી પહેરતાં થાય, તે કુદરતી રીતે યોગ્ય થયું ગણાય!

પોષી પૂનમ પ્રિય છોટુભાઈ તથા તમારા સૌના ઉત્સાહે સારી પેઠે ઊજવી ગણાય. વડોદરા શ્રી શિવાનંદજી સ્વામીને વારંવાર મળાય છે, તે સારું જ છે. છોટુભાઈ પોતે નિજાનંદમાં મસ્ત છે, તે જ યોગ્ય છે.

ચૂંટણીમાં ફરી પાછું ન છૂટકે ઇન્દિરા ગાંધી પ્રત્યેનું મોજું આવ્યું છે. પણ ગ્રામ કોંગ્રેસી થોડા પ્રતિનિધિઓને હવે સારી તક ઊભી થઈ ગણાય. તેઓ જ કોંગ્રેસને શુદ્ધ સંગીન બનાવી શકે અને ઇન્દિરા કોંગ્રેસ ઉપર નૈતિક પ્રભાવ પાડી કોંગ્રેસને વિશ્વવ્યાપી બનવાની તક ઊભી કરી શકે. કારણ કે થોડા પ્રતિનિધિઓને સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ટેકો પૂરક, પ્રેરક અને માર્ગદર્શક બળોનો મળી રહે. અત્યારે તો ઇન્દિરાબહેન નમ્ર અને નિખાલસ રીતે બોલે છે. તેમ વર્તે તો ભારત અને જગતનું સૌનું કલ્યાણ થવાની પરિસ્થિતિ ઊભી થઈ શકે.

'સંતબાલ'

તા. ૨૫-૧-'૮૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમોએ તા. ૧૮-૧-૮૦થી બાસઠમા વર્ષમાં પ્રવેશ કર્યો, તે પત્રથી જાણ્યું. સેવામૂર્તિ તો તમો નાની ઉંમરથી થવા લાગ્યાં છો અને જિંદગીના અંત સુધી સેવામૂર્તિ રહેશો, એમાં શંકા નથી. સદ્ભાગ્યે તમારી જાગૃતિ પણ વધતી જતી જોઈ ખૂબ સંતોષ થાય છે. તમો લખો છો: "અત્યાર સુધીમાં આ સોપાનો ચઢતાં જે પ્રેરણા આપ સમા સંતના આશીર્વાદ દ્વારા મળતી રહી છે એ અવિરત મળતી રહે એવી પ્રાર્થના! આપના દરેક કાર્યમાં હું સદા તૈયાર રહું અને એ કાર્યો સફળ કરવામાં સતત પ્રયત્નશીલ બની રહું. મારા જેવા. . .એ કાર્યને મૂર્તિમંત કરવા માટે ભગવાન, શક્તિ આપે એ જ ભાવના. ગુરુના ગુરુભાવથી જીવન ભરું જીવન ભરું."

તમારી આ સદ્ભાવના એકધારી રહેવામાં તમારો વ્યક્તિગત પુરુષાર્થ તો એકધારો વણ્યા કર્યો છે જ. પણ સાથે સાથે તમોને સોંપવામાં તમારાં સદ્ગત પૂ. માતુશ્રી સમરતબાનો પણ ફાળો નાનો-સૂનો નથી. વિરલ માતા જ પોતાનાં આવાં સુપાત્ર સુપુત્રીને તથા પતિ જેવા પતિને આવાં સત્કાર્યોમાં સંપૂર્ણપણે સોંપી શકે. આમ તમારા પિતાપુત્રીના સર્વથા સમર્પણમાં જેમ તમારા પૂ. પિતાશ્રીનો પોતાનો સમજણપૂર્વકનો ફાળો છે, તેમ તમારાં સદ્ગત માતુશ્રીનો પણ અનન્ય જેવો ફાળો લેખવો ઘટે છે! ચાલો ભાલનળકાંઠા પ્રયોગ જે ગાંધી પ્રયોગોના અનુસંધાનમાં ચાલ્યો અને ચાલુ છે, તેનાં સુભાગ્યે જ આવાં એક એકથી ચઢે, તેવાં સુપાત્ર નરનારીઓ મળ્યાં અને હજુ મળતાં જ રહે છે. કેન્દ્રમાતા મીરાંબહેનના અજોડ ફાળાનું તો વર્ણન જ ન થઈ શકે!

'સંતબાલ'

ચિંચણી,
તા. ૨૮–૧–'૮૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારું તા. ૨૫–૧૧–'૮૦નું કાર્ડ હમણાં ટપાલમાં મળ્યું.

તમારા તે પત્રમાં તમારી એકસઠમી પૂરી થઈને બાસઠમી વર્ષગાંઠ તા. ૧૮–૧–૮૦ના શરૂ થઈ, તે વાતના જવાબમાં લખાયું છે તે આ પ્રમાણે છે :

"તમારી આ સદ્‌ભાવના એકધારી રહેવામાં તમારો વ્યક્તિગત પુરુષાર્થ તો એકધારો વણ્યા કર્યો છે જ, પણ સાથે સાથે તમોને સોંપવામાં તમારાં સદ્‌ગત પૂજ્ય માતુશ્રી સમરતબાનો પણ ફાળો નાનોસૂનો નથી. વિરલ માતા જ પોતાનાં આવાં સુપાત્ર સુપુત્રીને તથા પતિ જેવા પતિને આવાં સત્કાર્યોમાં સંપૂર્ણ સોંપી શકે. આમ તમારા પિતાપુત્રીના સર્વથા સમર્પણમાં જેમ તમારા પૂ. પિતાશ્રીનો પોતાનો સમજણપૂર્વકનો ફાળો છે, તેમ તમારાં સદ્‌ગત માતુશ્રીનો પણ અનન્ય જેવો ફાળો લેખવો ઘટે છે."

ઉપરાંત લખાયું છે : "તમોએ તા. ૧૮–૧–૮૦થી બાસઠમા વર્ષમાં પ્રવેશ કર્યો તે પત્રથી જાણ્યું. સેવામૂર્તિ તો તમો નાની ઉંમરથી થવા લાગ્યાં છો અને જિંદગીના અંત સુધી સેવામૂર્તિ રહેશો, એમાં શંકા નથી સદ્‌ભાગ્યે તમારી જાગૃતિ પણ વધતી જતી હોઈ ખૂબ સંતોષ થાય છે" આ બધા પછી પણ જન્મદિનની શુભેચ્છાઓ વારંવારની સ્વીકારશો.

'સંતબાલ'

તા. ૨-૪-'૮૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારા પત્રો સારી પેઠે વિગતવાર હોય છે. ભારતીય ગામડું વિશ્વકેન્દ્ર બને અને એ ગામડામાં શ્રમલક્ષી તથા ટ્રસ્ટીશિપમાં માનતો આજે ભલે સહકારી પ્રવૃત્તિનો સહારો લઈને એ ટ્રસ્ટીશિપને સાર્થક બનાવતો હોય, પણ તોય એ રીતે વર્તતો જગતાત ખેડૂત એવાં વિશ્વ-કેન્દ્રો ગામડાંમાં મુખ્યસ્થાને હોય. ભલે આ વાત આજની દુનિયાને અશક્ય લાગે, પણ ગાંધીજી એ જ ઇચ્છતા હતા. અને એમના પ્રયોગોના અનુસંધાનમાં આપણે ભાલનળકાંઠાનો વિશ્વવાત્સલ્ય ધ્યેયે અહિંસક (અથવા ધર્મમય) સમાજરચનાનો પ્રયોગ લીધો છે. તેથી જ ઘણી વાર સીધાં ચઢાણે અદ્દભુત પ્રગતિ કરતો અથવા કોઈ વાર પડતો, આખડતો પણ નિસર્ગકૃપાએ ગુરુકૃપાએ આગળ ને આગળ તે ધપતો જ જાય છે. તેથી ખાતરી રહે છે, કે એ થશે જ. મૂળે તો આખી દુનિયામાં અને દેશમાં જે સારું-નરસું હોય છે તેના પ્રત્યાઘાતો આપણા પ્રયોગપ્રદેશ પર, પ્રયોગ પર અને કાર્યકરો પર પણ પડે જ. કુદરત મૈયાની દયા છે કે **ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ, જે ભાલનળ-કાંઠા પ્રયોગની ક્રાન્તિપ્રિય મુનિ તળેનું મુખ્ય સંસ્થાકીય માધ્યમ છે, તેણે પ્રગતિ કેટલી કરી એ વિશે ભલે મત-મતાંતરો હોય.** મારી દૃષ્ટિએ તો આ સર્વાંગીણ પ્રયોગ હોઈ, તે રીતે જોતાં સતત એ પ્રગતિશીલ રહ્યો જ છે. હું જે વિશાળ દૃષ્ટિ-કોણથી જોઉં છું અને એની પાછળ કુદરતી સંકેત માનું છું, તેમ સૌ ન પણ જુએ એ સમજી શકાય તેવું છે. તેથી તેમાં મતમતાંતરો રહે તે સ્વાભાવિક છે. પણ એમાંથી આધારસ્તંભ ગણાતાં કાર્યકર

ભાઈબહેનો નોખાં પડ્યાં અને પ્રસંગોપાત્ત ખોટા પૂર્વગ્રહોને લીધે શીંગડાં કોઈએ ઓછાં કે વધુ સીધી કે આડકતરી રીતે ભર્યાં, ભરાવ્યાં. છતાં મૂળ સંઘ આબાદ રીતે અને ખરડાયા વિના મૂળભૂત સિદ્ધાન્તો સાચવીને ટકી રહ્યો. એટલું જ નહિ, બલકે ફૂલજીભાઈ જેવા સદ્દગત થયા પછી પણ એનું પોત પૂરેપૂરું સચવાઈ રહ્યું. મારી ગેરહાજરીમાં પણ આ પોત સચવાયું છે, તેનું મૂલ્ય બીજાંઓને કદાચ ઓછું હોય, પણ મારે મન એ અસાધારણ સિદ્ધિ છે. અલબત્ત ક્રાન્તિપ્રિય સંત, સર્વાંગીણ રચનાત્મક કાર્યકર સંસ્થા, નૈતિક જન સંગઠન (મુખ્યપણે જે ગ્રામસંગઠન) અને નામથી અને સિદ્ધાન્તથી કોંગ્રેસનો અને કોંગ્રેસી રાજતંત્રનો અનુબંધ એ ચાર તત્ત્વો તો એકધારાં હોવાં જ જોઈએ. વ્યક્તિ તો હંમેશાં નાશવંત હોય છે. તે તો બદલાયા જ કરે, પણ તેવી વ્યક્તિઓનાં સ્થાન એ ચારે તત્ત્વોના અનુબંધમાં સદા કાળ પુરાઈ રહેવાં જોઈએ. અલબત્ત હજુ ચોથાની આગલાં ત્રણ તત્ત્વોની જેમ કડી પુરાઈ નથી. સર્વ સેવા સંઘના પ્રમુખશ્રી બંગસાહેબ જાતે અને ટોચના સર્વોદય કાર્યકરો દેશના અને ગુજરાતના આવી ગયા, તે પ્રસંગ ભલે સામાન્ય હોય, પણ ઇતિહાસ અને તત્ત્વની રીતે અસા-માન્ય છે. જેમ લીંબડી નાના સંપ્રદાય સંઘવી સંપ્રદાયનાં આગમપ્રેમી મહા સાધ્વી લીલાબાઈનું આખું લગભગ વર્તુળ અહીં અને ગૂંદી આવી ગયું, તેમ અહીં અને ત્યાં પણ જૈનજૈનેતર સાધુ-સાધ્વી સંન્યા-સીઓ આવતાં હોય છે. તે પણ ભવિષ્યે જિલ્લે જિલ્લે ભાલનળકાંઠા પ્રયોગ અન્વયે પ્રયોગ ચાલવાની દિશા ઊઘડવાનાં જ ચિહ્નો હું માનું છું. ઇન્દિરા કોંગ્રેસ અને જનતા પક્ષ આ ગુજરાતની આવતી ધારા-સભામાં ભાલનળકાંઠા પ્રયોગની નૈતિક ગ્રામસંગઠન શિસ્ત ઉપર ગ્રામ કોંગ્રેસી તરીકે પક્ષાતીત લોક ઉમેદવારો જે પાંચ દસ ઊભા રહે તેમની સામે ઇન્દિરા કોંગ્રેસ અને જનતા પક્ષ પોતાના ઉમેદવારો ન મૂકે તેવું થાય તોય આ ચારે અનુબંધિત તત્ત્વો પૂરાં થઈ રહે, ખેર.

'સંતબાલ'

૭૭

તા. ૧૫-૯-'૮૦

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

સાંવત્સરિક ક્ષમાપના નિમિત્તે–

'સવ્વે જીવ કરું શાસન રસી' પ્રાણીમાત્રને ભગવાન મહાવીરની પ્રાણીમાત્રની અહિંસા પ્રત્યે જાગ્રત કરું! આ સૂત્ર પ્રમાણે 'જૈનધર્મ એ વિશ્વધર્મ છે. આનંદઘનજી મહારાજશ્રી પોતાના નમિજિન સ્તવનમાં કહે છે તેમ જિનવરમાં બધાં ધર્મો, દર્શનો અને વિચારો સમાઈ જાય છે. અને તેથી જ પર્યુષણ મહાપર્વ "વિશ્વબંધુત્વ" ને અથવા "વિશ્વવાત્સલ્ય"ને પરિપુષ્ટ કરનારું પરમ પુનિત પર્વ છે, એ યાદ કરીએ છીએ. તેમાં સંવત્સરીનો દિવસ એ પર્યુષણનો શિરોમણિ દિવસ છે. તે દિવસે 'સર્વ જીવોને મિત્ર બનાવી, દિલના દુશ્મન છે વમવાના' એ 'સંતશિષ્ય' કાવ્યપંક્તિ સાર્થક બની રહે તેમ કરવાનું છે. વ્યક્તિગત અને સમાજગત સર્વાંગીણ સાધનાની દૃષ્ટિએ ચાલતા આ આખા વર્ષ દરમ્યાન જાણ્યે-અજાણ્યે મનથી, વચનથી અને કાયાથી તમોને દુઃખદાયક એવું કાંઈ કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય એવી કોઈ પણ પ્રકારની નાની મોટી જે કાંઈ ક્ષતિ થઈ હોય, તે બધાની ક્ષમાપના સાથે ક્ષમાયાચના કરી લઈ આજે હળવા થઈ જવાય છે.

'સંતબાલ'

તા. ૨૦-૧-'૮૧

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

ગૂંદી આશ્રમથી તા. ૧૭-૧-૮૧નો લખેલ પત્ર આજની ટપાલમાં મળ્યો છે.

આ લાંબા અને વિગતવાર પત્રની થોડી વિગતો લખી, આ પત્ર લખાતો હતો ત્યાં જ રમાબહેન અને એમનાં પૂ. બા તથા પૂ. માસીબા સાત દિવસથી અહીં પોતાની રૂમમાં રહે છે, તેઓ દર્શને આવ્યાં અને તમારો લાંબો અને વિગતવાર આવેલો પત્ર ઠીક ઠીક વંચાયો. સૌને આનંદ થયો. વિમલા ઠકારના 'જીવનયોગ' ડિસેંબર ૧૯૮૦ના નવમા અંકમાંનો રાજસ્થાન પ્રાદેશિક સંમેલનમાં ૨૭-૯-૮૦ ને દિવસે અપાયેલા પ્રવચનનો થોડો ભાગ પણ વંચાયો, જેનો ટૂંકો નિચોડ આ છે: આ દેશના લોકો આધ્યાત્મિક રહ્યા હોય કે ના રહ્યા હોય... પણ...આધ્યાત્મિક જીવનવિજ્ઞાન આ દેશમાં વિકસ્યું. એમાં આપણને જન્મ મળ્યો એનો ઇન્કાર આપણે કરી શકીએ નહિ. વિજ્ઞાન સત્યશોધનની પદ્ધતિ છે... એ ... એક વિજ્ઞાને હજારો વર્ષ પહેલાં પૂર્વમાં જન્મ લીધો. જેમાં ઇંદ્રિયો, મન બુદ્ધિને પાછળ છોડીને અંદરના અને બહારના અવકાશમાં પોતાના સત્યને શોધવાનો માર્ગ બનાવ્યો. જીવનવિજ્ઞાને આપેલી ઉપલબ્ધિઓનો સ્વીકાર નહિ કરીએ તો સંસારમાં માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા નહિ થાય! શરીરમાં મન, બુદ્ધિથી અધિક સર્વ પ્રકારથી સ્વતંત્ર ચિત્તશક્તિ છે... અનંત રૂપ, અનંત આકાર, અનંત નામને ધારણ કરીને એ શક્તિ વિલસી રહી

**છે. અનેકતાને એકતાના સૂત્રમાં બાંધવાવાળી એક પ્રભુસત્તા** છે. આને જ શ્રીમદ્ રાજચંદ્ર અધિષ્ઠાન નામે ઓળખાવે છે, તે **વિશ્વમાં ઓતપ્રોત પ્રભુસત્તા સાથે અને ઘટમાં રહેલી આત્મ-સત્તા સાથે સંબંધ નહિ જોડવામાં આવે ત્યાં સુધી સત્ય બોલવાની ખબર નહિ પડે!**

બસ આને જ આપણે એક અને અનંતનો તાળો મેળવવાનું કહીએ છીએ!... તમે ૧૮૭ દર્દીનાં નેત્રો સો ટકા સાજાં કરવામાં નિમિત્ત બન્યાં, તે થઈ પ્રાણીદયા. અને પઢાર સંમેલનમાં અને પઢાર બાળકોના રાણાગઢ આશ્રમમાં જે પછાત લેખાતી તે કોમ સાથે આત્મીયતા માણી, તે થઈ આંતરદયા. આમ આંતરદયા અને પ્રાણીદયાનો જ્યાં સુમેળ થાય, ત્યાં આત્માર્થીપણું અને જિજ્ઞાસુભાવપણું એ બન્નેનો એક અને અનંતનો તાળો મળ્યો કહેવાય. ખેડૂતોનાં સંગઠન કરી જો આજની લોકશાહીને ખેડૂતને મુખ્ય બનાવી ગામડાંના ૭૫-૮૦ ટકાને અલગ તારવી એને અધીન બનાવી મૂકો, તો ભારતીય ખેડૂતના હિતમાં જ જગતનું હિત આપોઆપ આવી જાય. પશ્ચિમને બદલે પૂર્વની આધ્યાત્મિક શક્તિનો રાજકારણ, અર્થકારણ, સંપ્રદાયકારણ, સમાજકારણ એમ સર્વ ક્ષેત્રે જયજયકાર થઈ જાય! આખરે એ થશે જ. પણ એમાં સાધુ-સાધ્વીઓ (ખાસ કરીને ક્રાન્તિપ્રિય જૈન સાધુઓ અને પૂરક તરીકે સાધ્વીઓ અને સંન્યાસીઓ) પછી વિમલા ઠકાર જેવાંના નેતૃત્વ નીચેની રચનાત્મક કાર્યકર સંસ્થાઓ ભા. ન. પ્રા. સેવાને અનુસરનારી હાથપગરૂપ બની જાય તો જનસંગઠન અને તેમાંય મુખ્યત્વે નૈતિક ગ્રામસંગઠન, જેમાં મુખ્યપણે નૈતિક ખેડૂત મંડળોનું હોય, તે દ્વારા સૈદ્ધાન્તિક અને નામી કોંગ્રેસ ગ્રામ કોંગ્રેસ રાજકીય સંસ્થા અને એનું રાજકીય રાજ્યતંત્ર આ ત્રણેયને અધીન જરૂર થઈ જવાનું અને તો આજની બધી સમસ્યાઓ દેશની અને દુનિયાની સત્ય-અહિંસારૂપ સક્રિય ધર્મથી જરૂર ઊકલી જવાની જ.

જૈન સાધુ-સાધ્વી તરીકેની આર્થિક બાબતોની મારી મર્યાદા આ બધાં જાણે જ છે. કારણ કે અહિંસક અથવા ધર્મમય સમાજરચના

ગાંધી પ્રયોગોના અનુસંધાનમાં ભાલનળકાંઠા પ્રયોગમાં ધન અને સત્તાને ઠેકાણે માનવીય મૂલ્યો નીતિ, સત્ય અને ન્યાયની જ પ્રતિષ્ઠા તે જનસેવક સંસ્થા અને જનસંસ્થા દ્વારા કરી રહેલ છે. પોરબંદર તાલુકાનાં ગામડાં હોય કે ગમે તે તાલુકાનાં ગામડાં હોય પણ ગામડાં હજુ આશાસ્થાને છે જ. ખરડાયા છતાં ઠીક થશે જ. નળસરોવરનું કુદરતી સૌન્દર્ય પણ જોયું અને જ્યાં શિકાર થતો ત્યાં પશુપંખી રક્ષણ થાય છે, તે કુદરત મૈયાનો કેવો પ્રતાપ!

'સંતબાલ'

## ૭૯

તા. ૨૯–૧–'૮૧

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

સૌથી પહેલાં તમારાં બાસઠ વર્ષ પૂરાં થઈ '૬૩' છ અને ત્રણ બેય આંકડા ભેગા થાય છે, તેમ જે ભાલનળકાંઠા પ્રયોગ ગાંધી-પ્રયોગોના અનુસંધાનમાં સક્રિય અધ્યાત્મનો છગડો અને પ્રાણીસેવક બનનારી માનવસેવાનો તગડો નજીક નજીક આવે છે, તેમ કાયમ નજીક નજીક તમારે માટે અને જે ભાલનળકાંઠા પ્રયોગની સેવામાં તમો ભરજુવાનીમાં આદર્શ પિતાસ્વરૂપ છોટુભાઈ સાથે ખૂપ્યાં છો, તે ભાલનળકાંઠા પ્રયોગ માટે પણ અનુબંધિત થનારાં બધાં (મુખ્યત્વે ચાર) પરિબળો નજીક નજીક આવવા લાગ્યાં છે. તેમાં તમો નોંધ-પાત્ર નિમિત્ત બની રહો! એ જ પ્રભુપ્રાર્થના સહિત ઊંડી શુભેચ્છાઓ આપી દઉં!

જે રાહતકાર્ય ધર્મક્રાન્તિના પેટામાં છે, તેમાં તમારો ઉત્સાહ જેમ તમને આનંદ આપે છે, તેમ આ વિશ્વલક્ષી પ્રયોગમાં એક માર્ગ-દર્શક તરીકે મારે કહેવાનું આવે તે કહેતો રહું છું અને તમો સાંભળી શક્ય તે અમલી બનાવવા મથો છો, એ મોટી વાત છે.

'સંતબાલ'

## ૮૦

તા. ૨૦–૭–'૮૧

વહાલાં ઉન્નતહૃદયા બહેન કાશીબહેન,

સૌથી પહેલાં તો તમારાં વહાલાં મોટાં બહેનને તમારા અઠ્ઠમની ઘણી ઘણી ચિંતા થાય છે. મીરાંબહેનની એ દૃષ્ટિએ વાત સાચી છે, કે અલબત્ત 'કાશી' જેવી સેવાભાવી અને પવિત્ર બહેનથી ઉપવાસોની શરૂઆત થાય, તે તો સમજી શકાય ! પણ જેમ બબલભાઈએ 'અનામત પ્રશ્ન' જેવા અમદાવાદને આંગણેના તોફાની પ્રશ્ન વખતે પણ હરિજન આશ્રમ જેવા પવિત્ર સ્થળે પહેલ ઉપવાસી તરીકે જ કરેલી, તેમ થઈ શકે ! હવે જે થયું તે થયું. પણ ધીરુભાઈના કર્માપત્તિનિવારણ માટે કેટલા અઠ્ઠમ થઈ ગયા અને હજુ થોડા (બે કદાચ) બાકી જ છે. વળી વિરમગામમાં પણ અઠ્ઠમની શરૂઆત કાશીબહેનની જ હતી. દિલ્હી જઈ આવ્યાં ત્યાં પણ ઉપવાસો જ ઉપવાસો. ઉંમર વધતાં અને ઇસ્પિતાલનું કામ એવું કે અનિયમિત રીતે વારંવાર જવા-કરવાનું થતું હોય. આથી અતિતપ અને અતિશય વધતી ઉંમરે કાયમી જફા પહોંચાડી દે ! એટલે કેન્દ્રમાતા તરીકેની પણ એમની ચિંતા સુસ્થાને જ છે. આપણા વહાલેરા સ્વામીજીના મનમાં તમે લખો છો તેમ "ગૌમાતા અંગેનો પ્રશ્ન હાડોહાડ લાગેલો છે." પરંતુ અમને (સંત વિનોબાજીને અને મને) બન્નેને મળીને ગયા પછી હવે આમરણાંત અનશનની વાત ભૂલી જવાની હતી, પણ હજુ ભૂલતા નથી. એટલે આ વખતે એમને લખ્યું છે.

ધીરુભાઈની તબિયત[1] અંગે ચિંતા તો સૌને રહે, પણ છેવટે

---

૧. કાશીબહેનના મોટાભાઈ જેમને લકવાનો હુમલો થયો હતો.

'પ્રયત્ન' આપણા હાથમાં પણ 'પરિણામ' તો નિસર્ગમૈયા પર છોડી જે પરિસ્થિતિ રહે, તેમાં સંતોષ રાખવો જોઈએ. સદ્ભાગ્યે તમે નજીકથી મોટાભાઈ ધીરુભાઈને સમજાવી શકો છો, તે સારું છે. પ્રભાબહેન[1] તો પ્રભુશ્રદ્ધા–ગુરુશ્રદ્ધામાં જ ઘડાયેલાં છે.

'સંતબાલ'

## ૮૧

ચિંચણી,
તા. ૧૪–૧–'૮૨

વહાલાં ઉન્નતહૃદયા કાશીબહેન,

તમારો તા.૩૦–૧૨–૮૧ નો અને છેલ્લે ૧૧–૧–૮૨ના રાત્રિના દોઢ વાગ્યે લખેલો એમ બન્ને કવરમાંના પત્રો વિગતવાર વાંચી સૌને ખૂબ સંતોષ થયો. તમારી લખાવટમાં ઉત્તમ પ્રકારનું વર્ણન હોય છે. તે ટેવ સારી છે.

તમારાં વહાલાં મોટાં બહેનને પથરીને કારણે તથા પગે સાંધો ઝલાઈ જવાને કારણે જે પીડા છે, તે તો આજે છે જ. પરંતુ એમ છતાં લાલા ભક્તિને કારણે તેઓ એવાં મસ્તીમાં એકંદરે રહે છે કે "આગંતુકોને આટલું મહાદર્દ થાય છે, તેનો ખ્યાલ ભાગ્યે જ આવે". તમો જેમ કેંદ્રમાતાનું આમંત્રણ અને જ્ઞાન, ભક્તિ, કર્મ-ત્રિવેણી–યુક્ત આતિથ્ય ચાખી આનંદમય અને જિંદગીભર યાદી તાજી રહે, તેનું અમૃત પામી ગયાં [અંબુભાઈને પણ એવો જ આનંદ ને સંતોષ થયાં, તે તેમનાં લખાણોથી જણાઈ રહે છે!] અને સંસ્થાકીય રીતે પણ વધુ સંતોષ એટલા માટે પણ થયો કે બંનેનાં દિલડાં પરસ્પર

---

૧. ધીરુભાઈનાં પત્ની.

તમે આ પત્રમાં જણાવો છો તેમ એકરૂપ થઈ ગયાં. તેનો આનંદ તો આપણા પ્રમુખશ્રી કુરેશીભાઈને પણ ખૂબ થાય, એ દેખીતું છે.

તમારો સેવાભાવ તો નેત્રયજ્ઞ હોય કે પ્રસૂતિ પીડાનિવારણ હોય; રાહત અંગેના ફંડથી માંડીને નાનાં મોટાં બધાં કાર્યો કે દેશના કોઈ ભાગમાં સેવા માટેનું તેડું હોય અથવા નાવડા કે બીજે અથવા દિલ્હી શુદ્ધિપ્રયોગ હોય, પણ આ સેવામૂર્તિ કાશુબા તો દોડીને પહોંચી જ જવાનાં. પરંતુ હવે તમારાં મોટાં બહેનની એ ઇચ્છાને માન આપી વધુ ઉપવાસોને માર્ગે ન જવાય તેવું કરશો. આપણા ગુરુદેવ તો એમના આપેલા મીરુભાઈ બિરુદને લીધે મીરાંબહેનની એ ઇચ્છાને માનવાની તમોને જરૂર પ્રેરણા આપશે જ. કેટલીક વાર તો તમારા વધુ ઉપવાસો કોઈ પણ કારણે થાય ત્યારે તેઓની ચિંતા ઘણી વધી જતી હોય છે. હવે તો આપણે સૌએ તેમનું ચિત્ત પ્રસન્ન વધુ ને વધુ રહે તેવું શકય તે પ્રયત્ને કરવું જોઈએ. ચાલો ત્યારે ઘણું લખાયું.

તમારા જ શબ્દો: "જીવનના છેલ્લા શ્વાસ સુધી બની શકે એટલી ગુરુઆજ્ઞામાં રહી, તેમની ચીંધેલી કેડી પર ડગ ભરીને કાર્ય કરી શકું! તેમના શુભ સત્ય વિચારો મૂર્તિમંત કરવા અનુબંધ વિચાર-ધારા દ્વારા પ્રેમ, દયા, કરુણા, ક્ષમા એવા ગુણો મારા જીવનમાં વિકસતા રહે એ જ ઇચ્છું છું." તમારી આ ઇચ્છા સફળ થાઓ!

'અપંગ' કૃતજ્ઞોત્સવ સરસ થયો. પોષી પૂનમ ઉત્સવ પણ ઠીક થયો, એ બધી વિગતો જાણી આનંદ.

પ્રિય મણિભાઈને ગુલાબની ઉપમા સાચી છે.

'સંતબાલ'

□